# *કર્મબંધ વિવેચન વર્ણન*

## મુનિ શ્રી નરવાહનવિજયજી

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવો અનાદિ કર્મના સંયોગવાળા હોય છે એ અનાદિ કર્મનો સંયોગ એટલે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે- અનાદિ કાળથી આત્મામાં રહેલી રાગ-દ્વેષની પરિણતિ.

આ રાગ દ્વેષના પરિણામની ચીકાસ જગતમાં રહેલા સઘળાય જીવો કરતાં અનંત ગુણી અધિક તીવ્રરૂપે એ ચીકાસ ગણાય છે. આ ચિકાસના પ્રતાપે આત્મામાં રહેલા અનંત જ્ઞાન-અનંત દર્શન-ક્ષાયિક સમ્યક્ત્વ-ક્ષાયિક ચારિત્ર અને અનંત વીર્ય આદિ આત્મામાં અનંતા ગુણો દરેક આત્મ પ્રદેશો ઉપર દબાયેલા હોય છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી માત્ર આઠ રૂચક પ્રદેશ રૂપે રહેલા આઠ આત્મ પ્રદેશો કે જે આત્મપ્રદેશો એક-એક આકાશ ઉપર રહેલા હોય છે. એવા આઠ આત્મપ્રદેશો દરેક જીવોને સદા માટે કેવલજ્ઞાનથી યુક્ત હોય છે. એટલે કે એ આઠેય આત્મપ્રદેશો સંપૂર્ણ રાગદ્વેષની ચિકાસથી સદા માટે રહિત હોય છે.

અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો, ભારેકર્મી ભવ્ય જીવો વગેરે જગતમાં જેટલા જીવો રહેલા છે. તે સઘળા આત્માના આઠે રૂચક પ્રદેશો સદા માટે કેવલજ્ઞાનથી યુક્ત હોય છે અને રાગદ્વેષની સંપૂર્ણ ચિકાસથી રહિત જ હોય છે. આથી અભવ્યાદિ સંસારી સઘળાય જીવો જે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા છે એ જીવોના આઠ આત્મપ્રદેશો કેવલજ્ઞાનાદિ આર્વિભાવે એટલે પ્રગટ રૂપે અને બાકીના અસંખ્યાતા આત્મપ્રદેશો કેવલજ્ઞાનાદિથી તિરોભાવે (અવરાયેલા) હોય છે.

ચૌદરાજલોકના લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાયના પ્રદેશો અને એક જીવના આત્મપ્રદેશો આ ચારેય સંખ્યામાં એક સરખા જ સદા માટે હોય છે.

જીવ અને પુદ્ગલ સંકોચ પામવાના સ્વભાવવાળું છે અને વિસ્તાર પામવાના સ્વભાવવાળું છે. માટે એક આકાશ પ્રદેશ ઉપર અનંતા જીવો અને અનંતા પુદ્ગલો રહી શકે છે.

એજ રીતે એક આત્મા પોતાના આત્મપ્રદેશોનો વિસ્તાર કરે તો ચૌદરાજલોક વ્યાપી થઇ શકે છે એટલે કે એક એક આકાશ પ્રદેશ ઉપર એક એક આત્મપ્રદેશને મુકીને ચૌદરાજલોક વ્યાપી વિસ્તારવાળો થઇ શકે છે. જ્યારે તેરમા ગુણસ્થાનકે રહેલા કેવલજ્ઞાની પોતાના ભોગવાતા આયુષ્ય કર્મના પુદ્ગલો (દલીયા) કરતાં વેદનીય-નામ અને ગોત્રકર્મના પુદ્ગલો ભોગવવા માટે સત્તામાં અધિક રહેલા હોય તો તે પુદ્ગલોને આયુષ્ય કર્મ જેટલા ભોગવવા લાયક બનાવવા માટે અને અધિક પુદ્ગલોનો નાશ કરવા માટે કેવલી સમુદ્ઘાત કરે છે અને એ કેવલી સમુદ્ઘાતના ચોથા સમયે આત્મપ્રદેશોનો વિસ્તાર કરીને ચૌદરાજલોક વ્યાપી એ આત્મા બને છે.

આ શાથી બને ?

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ ચાર પદાર્થોનો સૂક્ષ્મદ્રષ્ટિથી વિચાર કરીએ તો કાળદ્રવ્ય સ્થૂલ રૂપે છે એ કાળ દ્રવ્ય કરતાં ક્ષેત્ર દ્રવ્ય વધારે સૂક્ષ્મ છે એ ક્ષેત્ર દ્રવ્ય કરતાં દ્રવ્ય-દ્રવ્ય વધારે સૂક્ષ્મ છે અને એ દ્રવ્ય-દ્રવ્ય કરતાં ભાવ-દ્રવ્ય વધારે સૂક્ષ્મ હોય છે.

કાળને જાણવા માટે કમળના સો પાંદડા એક ઉપર એક ચઢાવીને રાખવામાં આવે એને કોઇ નિરોગી-યુવાન માણસ તીક્ષ્ણ ભાલાથી ભેદીને સોએ પાંદડામાંથી ભાલાની અણી બહાર કાઢીને બતાવે તેમાં જ્ઞાની ભગવંતો કહે છે કે- એક પાંદડામાંથી ભાલાની અણી બીજા પાંદડામાં દાખલ થાય તેટલા કાળમાં અસંખ્યાતા સમયો પસાર થાય છે એટલે કે એક પાંદડાથી બીજું પાંદડું ભેદાતા અસંખ્યાતા સમયો થાય છે એ અસંખ્યાતા સમયોનો અસંખ્યાતમો ભાગ જે પ્રાપ્ત કરીએ એને એક સમય કહેવાય છે. અથવા એકદમ જીર્ણ થયેલું વસ્ત્ર હોય એને કોઇ નિરોગી યુવાન મનુષ્ય ફાડવા માટે હાથમાં લઇને એના બે ટુકડા કરે એમાં કેટલો કાળ જાય ? જ્ઞાની ભગવંતો કહે છે કે એ જીર્ણવસ્ત્રના એક તાંતણાથી બીજો તાંતણો તુટતાં અસંખ્યાતા સમયો પસાર થાય છે. એનો જે અસંખ્યાતમો ભાગ એ એક સમયરૂપ કહેવાય છે.

જ્ઞાનીની દ્રષ્ટિએ આટલો એક સમય રૂપ કાળ સૂક્ષ્મ હોવા છતાંય, સ્થુલ દ્રવ્ય કહેવાય છે. કાળદ્રવ્ય માત્ર મનુષ્ય લોકમાં જ હોય છે. મનુષ્ય લોકનો બહાર કાળદ્રવ્ય હોતું નથી ત્યાં એક સરખો જ કાળ હોય છે. એટલે કે દિવસ-રાત્રિ પંદર દિવસનું પખવાડીયું, ત્રીસ દિવસનો એક માસ અથવા મહિનો, છ માસનું એક અયન જે છ માસે એક દક્ષિણાયન અને છ માસે એક ઉત્તરાયન થાય છે, બાર માસનું એક વરસ, પાંચ વરસનો એક યુગ ઇત્યાદિ જે વ્યવહાર કાળ પણ મનુષ્ય લોકની બહારના ભાગમાં હોતો નથી. ત્યાં એક સરખો જ કાળ હોય છે ત્યાંના કાળની ગણત્રી મનુષ્ય લોકની અપેક્ષાથી ગણાય છે.

આવા કાળદ્રવ્ય જે વ્યવહાર કાળની ગણતરી થાય છે એમ નિશ્ચય કાળ અથવા વર્તના કાળ હંમેશા એક સમયનો જ હોય છે આથી વર્તના રૂપ એક સમય કાળ એ વર્તમાન કાળ ગણાય છે. આથી વ્યવહાર કાળ અત્યાર સુધીમાં અનંતો પસાર થયો અને જેટલો કાળ પસાર થયેલો છે એના કરતાં અનંત ગુણો કાળ હજી બાકી છે જ્યારે પૂછવામાં આવે ત્યારે આજ જવાબ કાળ માટે હોય છે.

આવા કાળ દ્રવ્ય કરતાં પણ ક્ષેત્ર દ્રવ્ય સૂક્ષ્મ હોય છે. એક અંગુલ પ્રમાણ ક્ષેત્ર લઇએ એટલે આંગળીના એક વેઢા જેટલો ભાગ તેને અંગુલ કહેવાય છે. એટલા ક્ષેત્રને વિષે જેટલા આકાશ પ્રદેશો રહેલા છે એ દરેક આકાશ પ્રદેશો ને એક એક સમયે એક એક આકાશ પ્રદેશને બહાર કાઢતા કાઢતા એ અંગુલ જેટલા ક્ષેત્રને ખાલી કરતાં અસંખ્યાતી ઉત્સરપિણી અને અસંખ્યાતી અવસરપિણી જેટલો કાળ પસાર થાય છે. આથી જણાય છે કે કાળ અસંખ્યાતો અને ક્ષેત્ર ચૌદરાજલોકની અપેક્ષાએ એક અંગુલ જેટલુંજ. આથી કાળદ્રવ્ય કરતાં ક્ષેત્ર દ્રવ્ય સૂક્ષ્મ ગણાય છે.

ક્ષેત્ર દ્રવ્ય કરતાં દ્રવ્ય-દ્રવ્ય સૂક્ષ્મ હોય છે તે આ પ્રમાણે - એક અંગુલ જેટલા ક્ષેત્રને વિષે અસંખ્યાતા આકાશ પ્રદેશો રહેલા છે એ દરેક એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતા અનંતા પુદ્ગલો રહેલા છે. એટલે કે અનંતા બે પરમાણુઓના બનેલા સ્કંધો, અનંતા ત્રણ પરમાણુઓના બનેલા સ્કંધો, યાવત્ સંખ્યાતા પરમાણુઓના બનેલા અનંતા સ્કંધો, અસંખ્યાતા પરમાણુઓના બનેલા અનંતા સ્કંધો, અનંતા પરમાણુઓના બનેલા અનંતા સ્કંધો તેમજ જીવોને ગ્રહણ કરવા લાયક આઠેય વર્ગણાઓ અનંતી તથા જીવોને અગ્રહણ યોગ્ય અનંતી વર્ગણાઓ રહેલી હોય છે તથા અનંતા જીવો રહેલા હોય છે. એટલે કે

અનંતા જીવોના અસંખ્યાતા અસંખ્યાતા આત્મ પ્રદેશો રહેલા હોય છે આથી ક્ષેત્ર દ્રવ્ય કરતાં દ્રવ્ય દ્રવ્ય સૂક્ષ્મરૂપે કહેલું છે.

દ્રવ્ય-દ્રવ્ય કરતાં ભાવ દ્રવ્ય સૂક્ષ્મ હોય છે તે આ પ્રમાણે એક આકાશ પ્રદેશ ઉપર અનંતા જીવો રહેલા છે તે દરેક જીવોના અસંખ્યાતા અસંખ્યાતા આત્મપ્રદેશો રહેલા છે. એ એક એક આત્મપ્રદેશ ઉપર જીવે પોતાના પુરૂષાર્થથી રાગદ્વેષના પરિણામની ચીકાસથી જગતમાં રહેલા ગ્રહણ યોગ્ય આઠમી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને એ પુદ્ગલોને રાગ-દ્વેષની ચીકાસવાળા બનાવીને એ આત્મપ્રદેશની સાથે દૂધ અને પાણીની જેમ અથવા લોખંડ અને અગ્નિની જેમ એકમેક કરે છે તે કર્મ કહેવાય છે. એ કર્મના પુદ્ગલોમાંથી કેટલાક પુદ્ગલો એટલે અનંતા પુદ્ગલોન આત્માના જ્ઞાન ગુણને દબાવે એવા બનાવે છે. જેને જ્ઞાનાવરણીય કર્મરૂપે કહેવાય છે. કેટલાક પુદ્ગલો આત્માના દર્શન ગુણને દબાવે એવા બનાવે છે જેને દર્શનાવરણીય કર્મ રૂપે કહેવાય છે. કેટલાક પુદ્ગલોને સુખની અનુભૂતિ કરાવે અથવા દુઃખની અનુભૂતિ કરાવે એવા બનાવે છે જેને વેદનીય કર્મરૂપે કહેવાય છે. કેટલાક પુદ્ગલો આત્માના વિવેક ગુણને દબાવે એટલે કે જીવને વિવેકમાં મુંઝવણ પેદા કરાવે એવા બનાવે છે એને મોહનીય કર્મરૂપે કહેવાય છે. કેટલાક પુદ્ગલો આત્માના અરૂપી ગુણને દબાવે એવા કરે છે જેને નામકર્મ રૂપે કહેવાય છે. કેટલાક પુદ્ગલો આત્માના અગુરૂલઘુ સ્વભાવને દબાવે એવા બનાવે છે જેને ગોત્ર કર્મરૂપે કહેવાય છે અને કેટલાક પુદ્ગલો આત્માના સંપૂર્ણ ક્ષાયિક વીર્યને દબાવે એવા બનાવે છે જેને અંતરાય કર્મરૂપે કહેવાય છે. આ રીતે સમયે સમયે જીવો આ સાતે કર્મોને બાંધે છે અને એ દરેક કર્મના અનંતા અનંતા પુદ્ગલો આત્મપ્રદેશ ઉપર એકમેક કરતો જાય છે. જેને ભાવ સૂક્ષ્મ કહેવાય છે આથી નિશ્ચિત થાય છે કે આત્મપ્રદેશ જેટલો સૂક્ષ્મ છે એના કરતાં કર્મના પુદ્ગલો વધારે સૂક્ષ્મરૂપે પરિણામ પામે છે માટે એક એક આત્મપ્રદેશ ઉપર અનંતા અનંતા પુદ્ગલો રહી શકે છે. જ્યારે જીવ આઠ કર્મનો બંધ કરતો હોય છે ત્યારે કર્મરૂપ પરિણામ પામેલા પુદ્ગલોમાંથી કેટલાક પુદ્ગલો આત્માને સંસારમાં જકડી રાખે એટલે પકડી રાખે એવા બનાવે છે. જેને આયુષ્ય કર્મના પુદ્ગલો કહેવાય છે. આને જ્ઞાની ભગવંતોએ દ્રવ્ય-દ્રવ્ય કરતાં ભાવ-દ્રવ્ય સૂક્ષ્મ હોય છે એમ કહ્યું છે.

આ રીતે કાળ કરતાં ક્ષેત્ર સૂક્ષ્મ, ક્ષેત્ર કરતાં દ્રવ્ય સૂક્ષ્મ, અને દ્રવ્ય કરતાં ભાવ સૂક્ષ્મ રૂપે બને છે માટે અસંખ્યાત પ્રદેશવાળા ચૌદરાજલોક જગતને વિષે એક એક આકાશ પ્રદેશ ઉપર અનંતી અનંતી ચીજો રહી શકે છે. માટે જ જગતમાં અનંતા જીવો સદા માટે રહેલા હોય છે અને અનંતાનંત પુદ્ગલો પણ સદા માટે રહેલા હોય છે. એ જીવો અને પુદ્ગલો સંકોચ અને વિકાસ કઇ રીતે પામે છે એ જોયું. હવે સંસારી જીવો બે પ્રકારના હોય છે.

(૧) અનાદિ સૂક્ષ્મ નિગોદના જીવો. જે જીવોને અવ્યવહાર રાશિવાળા જીવો કહેવાય છે.

(૨) સાદિ સૂક્ષ્મ નિગોદના જીવો. જે જીવોને વ્યયહાર રાશિવાળા જીવો કહેવાય છે.

જ્યાં સુધી જીવો અવ્યવહાર રાશિમાં રહેલા હોય છે ત્યાં સુધી એ જીવોના અંતરમાં એટલે કે (આત્મામાં) મોટે ભાગે રાગ-દ્વેષના પરિણામની ચીકાસ એક સરખી હોય છે. કારણ કે અવ્યવહાર રાશિમાં રહેલા જીવો પોતાના રાગાદિ પરિણામની ચીકાસથી એક તિર્યંચગતિનો જ બંધ કરે છે. એના સિવાય બીજી ગતિનો બંધ હોતો જ નથી કારણ કે અવ્યવહાર રાશિમાંથી નીકળીને જીવો પહેલો ભવ એકેન્દ્રિયપણા રૂપે જ કરતો હોય છે. એ એકેન્દ્રિયપણામાં સૂક્ષ્મ કે બાદર પૃથ્વીકાય, સૂક્ષ્મ કે બાદર અપ્કાય, સૂક્ષ્મ કે

બાદર તેઉકાય, સૂક્ષ્મ કે બાદર વાયુકાય, સૂક્ષ્મ કે બાદર સાધારણ વનસ્પતિકાય, અને બાદર પ્રત્યેક વનસ્પતિકાય રૂપે અપર્યાપ્તા રૂપે કે પર્યાપ્તા રૂપે કોઇપણમાં ઉત્પન્ન થઇ શકે છે. આ કારણથી અવ્યવહાર રાશિમાં રહેલા જીવોને રાગ-દ્વેષના પરિણામની ચિકાસ મોટે ભાગે એક સરખી હોય છે.

અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો અનાદિ રાગ દ્વેષની પરિણામની ચીકાસવાળા હોય છે. રાગ-દ્વેષના પરિણામનો ચીકાસ એને જ અનાદિ કર્મ કહેવાય છે કારણ કે રાગ દ્વેષના પરિણામની ચીકાસની સાથે અનાદિ કાળથી જીવને રાગનો આનંદ અને દ્વેષની નારાજી રૂપે પરિણતિ રહેલી હોય છે. એને અનાદિ મિથ્યાત્વ કહેવાય છે. એ અનાદિ મિથ્યાત્વની સાથે રાગના આનંદને વધારનારી ક્રિયાઓ કરવાની ઇચ્છા પરિણામ રૂપે રહેલી હોય છે અને દ્વેષની નારાજી લાંબાકાળ સુધી ન ટકે એની કાળજી રાખવાના પરિણામ, નારાજી પેદા થાય એવી ક્રિયાઓ થતી હોય તો એને દૂર કરવાના પરિણામ આત્મામાં રહેલા હોય છે એને અવિરતિનો ઉદય કહેવાય છે.

જ્યારે રાગમાં આનંદ આવે એવી ક્રિયાઓ થતી હોય તો એ આનંદને લાંબાકાળ સુધી ટકાવવાની ઇચ્છાઓ એને લોભ કષાય કહેવાય છે. એ રાગના આનંદના પરિણામમાં વિઘ્ન કરનાર સચેતન પદાર્થો કે અચેતન પદાર્થો પ્રત્યે ક્રોધ એટલે ગુસ્સો પેદા થાય તે ક્રોધ કષાય કહેવાય છે. એ રાગના પદાર્થોમાં આનંદની પ્રાપ્તિ ન થતી હોય તો એ આનંદને પ્રાપ્ત કરવા માટે ના આંટીઘુંટીના ઉપાયો કરવા તે માયા કષાય કહેવાય છે અને એ રાગમાં તથા રાગના પદાર્થોમાં આનંદ સ્થિર રૂપે થતો જાય એને ગર્વ એટલે માન કષાય કહેવાય છે. આ રીતે મિથ્યાત્વ-અવિરતિ-કષાય એને વેગ આપવામાં વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી એકેન્દ્રિય જીવોન કાયયોગનો વ્યાપાર પોતાની શક્તિ મુજબ કાયાને પ્રવર્તાવે તે યોગ કહેવાય છે. બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવો વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી-વચનયોગ અને કાયયોગને પોતાની શક્તિ મુજબ પ્રવર્તાવે તે યોગ કહેવાય છે અને સન્ની જીવો મનયોગ-વચનયોગ અને કાયયોગનો વીર્યાંતરાયના ક્ષયોપશમ ભાવથી યોગ પ્રવર્તાવે તે યોગનો વ્યાપાર કહેવાય છે.

આ રીતે રાગ-દ્વેષના પરિણામની ચીકાસમાંથી મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગનું સ્પંદન (હલન-ચલન) ચાલુ થાય છે. એ ચારેય કર્મ બંધના હેતુઓ કહેવાય છે.

આ ચારેય હેતુઓ દ્વારા જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવાની શક્તિ પેદા થાય છે, એ ગ્રહણ કરેલા પુદ્ગલોને પરિણમાવવાની શક્તિ પેદા થાય છે અને પરિણમાવેલા પુદ્ગલોને છોડવાની શક્તિ પેદા થાય છે.

આ રીતે રાગ-દ્વેષના પરિણામની ચીકાસથી કાર્મણ વર્ગણાના પુદ્ગલોને રાગ-દ્વેષના પરિણામની ચીકાસવાળા બનાવે છે જ્યારે એ બધા પુદ્ગલો રાગદ્વેષની પરિણામની ચીકાસવાળા થાય ત્યારે તે આત્મપ્રદેશની સાથે દૂધ અને પાણીની જેમ અથવા લોખંડ અને અગ્નિની જેમ એકમેક થઇને રહેવાની યોગ્યતાવાળા થાય છે ત્યારે તે કર્મ કહેવાય છે.

આથી જીવ પોતે જ પોતાના પુરૂષાર્થથી કર્મ બનાવતો હોવાથી જગતમાં કર્મ જેવી સ્વતંત્ર રીતે ચીજ રહેલી હોતી નથી.

રાગાદિ પરિણામવાળી ગ્રંથી જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી પુષ્ટ થાય છે અર્થાત્ મજબૂત સદા માટે બનતી જાય છે.

અવ્યવહાર રાશિમાં અભવ્ય, દુર્ભવ્ય, જાતિભવ્ય, ભારેકર્મી ભવ્ય, તેમજ લઘુકર્મી ભવ્ય જીવો હોય છે. વ્યવહાર રાશિમાં અભવ્ય, દુર્ભવ્ય, ભારેકર્મી ભવ્ય, લઘુકર્મી ભવ્ય, તેમજ દુર્લભબોધિ ભવ્ય જીવો હોય છે.

એકેન્દ્રિય જીવોને અનુકૂળ પદાર્થોનો આહાર મલે એમાં એ જીવોને ભાવમનના કારણે તથા રાગ-દ્વેષની પરિણતિના કારણે રાજીપો પેદા થાય છે. એના કારણે આવા પદાર્થો કાયમ મને આહારમાં મલ્યા કરે આવી પરિણતિ બેઠેલી હોય છે અને એ કારણે સમયે સમયે એ જીવો પણ સાત કર્મોનો બંધ કર્યા જ કરે છે. કારણ કે એ પદાર્થોનો આહાર એ જીવોને સુખ આપે છે પછી ભલે એ પદાર્થ સચેતન હોય અથવા અચેતન હોય તો પણ અનુકૂળ લાગતાં સુખ આપ છે. સચેતન પદાર્થો અચેતન રૂપે બનેલા હોવાથી સચેતન પદાર્થના નાશના કારણે એ જીવોમાં જે જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ હતો તે નાશ પામતાં એનાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે અને સાથે આયુષ્ય સિવાય બાકીના છ કર્મોનો બંધ પણ થયા જ કરે છે.

જે પદાર્થ સચેતનમાંથી અચેતન બન્યો અને પોતાને અનુકૂળ લાગ્યો આથી સચેતન પદાર્થમાં જે જ્ઞાનનો ક્ષયોપશમ હતો એ નાશ પામ્યો એનાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે.

રાગાદિ પરિણામની ચીકાસના કારણે મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ દ્વારા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી એને પણ રાગાદિ પરિણામની ચીકાસવાળા બનાવી આત્માની સાથે એકમેક કરીને કર્મરૂપે બનાવીને તેના સાત અથવા આઠ કર્મરૂપે જીવ પોતે પોતાના પુરૂષાર્થથી વિભાગ કરે છે.

એકેન્દ્રિય જીવોને અનુકૂળ પદાર્થના આહારથી રાજીપો પેદા થતા સચેતન પુદ્ગલોનો આહાર કરવાથી જે જીવોની હિંસા થઇ એ જીવોનો જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ ભાવ નાશ પામવાથી, કારણ કે એ જીવો મરણ પામવાથી જ્ઞાનનો ક્ષયોપશમ નાશ પામે એનો જે આનંદ પેદા થયો એનાથી કર્મ રૂપે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત કરેલો છે તેમાંથી સાતકર્મ રૂપે અથવા આઠકર્મ રૂપે વિભાગ પાડે છે તેમાં જ્ઞાનાવરણીય કર્મના ભાગરૂપે એક જથ્થો બનાવે છે કે જે પુદ્ગલો પોતાના આત્માના જ્ઞાનના ક્ષયોપશમ ભાવને રોકે એટલે આવરણ રૂપે બનાવે છે એ ભાગના પુદ્ગલોને જ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

સચેતન પુદ્ગલોનો આહાર અચેતન બનાવીને ઉપયોગ કરે તો પણ અનુકૂળ આહાર બનેલો હોય તો રાગથી આનંદ થાય છે અને પ્રતિકૂળ આહાર બનેલો હોય તો દ્વેષથી નારાજી થાય છે આ રાગદ્વેષની પરિણતિથી જે સચેતન એકેન્દ્રિય જીવરૂપે, બેઇન્દ્રિય જીવરૂપે, તેઇન્દ્રિય જીવરૂપે, ચઉરીન્દ્રિય જીવરૂપે કે પંચેન્દ્રિય જીવરૂપે એટલે કે પાંચેય ઇન્દ્રિયવાળા જીવોમાંથી કોઇપણ જીવરૂપે એ સચેતન પુદ્ગલ હોય તે અચેતન બનેલું હોય તો તે જીવોનો નાશ થાય છે. તેનાથી તે તે જીવોની ઇન્દ્રિયોનો નાશ થવાથી દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે. આ બીજા વિભાગ રૂપે બનાવેલ પુદ્ગલો દર્શનાવરણીય કર્મ રૂપે કહેવાય છે.

વેદનીય કર્મ - પુદ્ગલના આહારથી અનુકૂળ પદાર્થોમાં રાજીપો થવાથી અને પ્રતિકૂળ પદાર્થોમાં નારાજી પેદા થવાથી એ આહારના પુદ્ગલો જે સચેતન પદાર્થોમાંથી બનેલા હોય એ સચેતન પદાર્થોનો નાશ થવાથી એ જીવોના સુખનો નાશ કરવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે કારણ કે સામાન્ય રીતે વ્યવહારમાં પણ કહેવાય છે કે બીજા જીવોને સુખ આપવાથી સુખ મલે છે અને બીજા જીવોન દુ:ખ આપવાથી દુ:ખ મલે છે. આથી ત્રીજા વિભાગ રૂપે જે પુદ્ગલો કર્મરૂપે પ્રાપ્ત થાય છે તે દુ:ખ ભોગવવા લાયક રૂપે એટલે અશાતા વેદનીય કર્મ રૂપે બંધાય છે એમ કહેવાય છે.

મોહનીય કર્મ - રાગાદિ પરિણામની ચીકાસથી કોઇપણ જીવની હિંસાદિ કરતાં રાગના કારણે સફળતા મલે તો અંતરમાં આનંદ પેદા થાય છે એટલે કે જે જીવ પોતાના સુખમાં વિઘ્નરૂપ બનતો હતો તેની હિંસા થવાથી સુખમાં થતું વિઘ્ન નાશ પામ્યું માટે સુખના રાગે અંતરમાં આનંદ થાય છે અને એ હિંસાદિમાં નિષ્ફળતા મલે તો અંતરમાં દુઃખ થાય છે એટલે કે પોતાના સુખમાં વિઘ્નરૂપ થતાં જીવની હિંસા કરવા છતાંય એ જીવની હિંસા ન થાય અને જીવતો રહે તો પોતાનું સુખ જે રીતે ભોગવવું છે તે ભોગવવા-મેળવવા આદિમાં વિઘ્નરૂપ બને છે અને બનશે માટે નિષ્ફળતા પ્રાપ્ત થઇ ગણાય આથી અંતરમાં દુઃખ થાય છે એ રીતે સુખ દુઃખની અનુભૂતિમાં આત્માને સુખમાં રતિ અને દુઃખમાં અરતિ પ્રાપ્ત કરવી એટલે કે સુખમાં આનંદ કરવો એ રતિ કહેવાય, દુઃખમાં નારાજી કરવી એ અરતિ કહેવાય. આ રતિ-અરતિ મેં જે પદાર્થ માટે કરી છે એ બરાબર છે. આ રીતે જ કરાય આ કર્યું એમાં શું ખોટું કર્યું છે ? આવી રીતે કરીએ તો જ સફળતા મલે. હું કેટલો હોંશિયાર કે આ પ્રવૃત્તિમાં સારી રીતે સફળ થયો ઇત્યાદિ સફળતાના કાળમાં આવી અનેક વિચારણાઓ કરીને આનંદમાં આત્માને સ્થિર કરવો અથવા સ્થિર થવું તે મોહનીય કર્મ કહેવાય છે. ચોથા વિભાગ રૂપે કર્મના પુદ્ગલોનો જે સમુદાય પ્રાપ્ત થયો છે તે આ સફળતાના આનંદના કારણે એ મોહનીય કર્મરૂપે કહેવાય છે એને મોહનીય કર્મનો બંધ કહેવાય છે.

એકેન્દ્રિય જીવો અનુકૂળ પદાર્થોનો રાજીપો કરતાં કરતાં મોહનીય કર્મનો બંધ કરતા જાય છે. અને પ્રતિકૂળ આહારનો ભોગવટો કરતાં કરતાં નારાજી પેદા કરીને અંતરમાં અરતિ પેદા કરે છે એનાથી મોહનીય કર્મનો બંધ કરતો જાય છે.

જ્યાં આનંદ આવે કે તરત જ મોહનીય કર્મના બંધની શરૂઆત થાય છે. એવી રીતે જે પદાર્થમાં નારાજી પેદા થતી જાય કે તરત જ દ્વેષ બુધ્ધિથી મોહનીય કર્મનો બંધ થતો જાય છે.

મોહનીય કર્મમાં મુંઝાયેલો જીવ વિવેકથી રહિત બનીને અવિવેકી જીવનને જ વિવેકી જીવન સમજીને જીવન જીવતો જાય છે એને પોતાને આ અવિવેકી જીવ છે, મારાથી ન જીવાય એવી બુધ્ધિ પણ પેદા થતી નથી. વાસ્તવિક રીતે મારા પોતાનું જીવન વિવેકપૂર્વક જીવાય એજ ખરેખરૂં જીવન કહેવાય છે પણ મોહનીય કર્મની મુંઝવણના કારણે એમાં મુંઝાયેલો રહેલો હોવાથી એ જીવને વિવેકી જીવન યાદ જ આવતું નથી અને એ મુંઝવણને મુંઝવણમાં અવિવેકી જીવન પણ સરસ અને જીવવા લાયક માનતો જાય છે. એ અવિવેકી જીવનની જેટલી સ્થિરતા પેદા કરતો જાય અને એ પરિણામની એકાગ્રતા પ્રાપ્ત થતી જાય તેને જ્ઞાની ભગવંતો આર્તધ્યાન કહે છે કારણ કે એ પરિણામ આત્માને પીડા કરે છે, દુઃખ પેદા કરે છે અને એ પીડા અને દુઃખના પરિણામની એકાગતા થતી જાય તેને આર્તધ્યાન કહેવાય છે. અને એ એકાગ્રતાની વિશેષ રીતે આત્મામાં તીવ્રતા પેદા થતી જાય એને જ્ઞાની ભગવંતો રૌદ્ર ધ્યાન કહે છે. રૌદ્ર એટલે ભયંકર અને ધ્યાન એટલે એકાગ્રતા. ભયંકર એકાગ્રતાવાળા પરિણામ તેને રૌદ્ર ધ્યાન કહેવાય છે.

આ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની, પોતાના ભોગવાતા આયુષ્ય કાળમાં સ્થિરતા પ્રાપ્ત થતી જાય અને તે વખતે જીવ આયુષ્ય કર્મનો બંધ કરવાનો હોય તો આર્તધ્યાનમાં તે વખતે જીવ તિર્યંચાયુષ્યનો બંધ કરે છે અને એકેન્દ્રિય જીવો રૌદ્રધ્યાનના પરિણામમાં નિગોદનું આયુષ્ય બાંધે છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામને જ્ઞાની ભગવંતોએ આયુષ્ય બંધના કારણરૂપે કહેલા છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામમાં જીવો આયુષ્યનો બંધ ન કરે તો આર્તધ્યાનથી તિર્યંચગતિનો બંધ કરે છે. અર્થાત્ કર્યા કરે છે અને રૌદ્રધ્યાનથી એકેન્દ્રિય જીવો તિર્યંચગતિના બંધની સાથે સાધારણ

વનસ્પતિ કાયરૂપે ભોગવાય એવા કર્મનો અનુબંધ પાડતો જાય છે.

મોહનીય કર્મમાં મુંઝાયેલા એકેન્દ્રિય જીવો ભાવ મનના યોગે પોતાની શક્તિ મુજબ આહારાદિ પુદ્‌ગલો પ્રત્યે રાગાદિ પરિણામની સ્થિરતા કરતા આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાનની વિચારણાઓથી આયુષ્ય બંધ ન થાય તો નામકર્મનો બંધ થતો હોય છે તેમાં અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બંધ કરે છે અર્થાત્ નામકર્મની બંધાતી અશુભ પ્રકૃતિઓ તીવ્રરસે બાંધે છે અને તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓ મંદરસે એટલે જઘન્ય રસે બાંધે છે.

આ રીતે નામકર્મની શુભાશુભ પ્રકૃતિઓનો બંધ સમયે સમયે કરે છે અને અશુભ પ્રકૃતિઓના તીવ્રરસને પોતાના આર્તધ્યાનાદિ પરિણામથી ભોગવવા માટે અનુબંધ રૂપે બાંધે છે. આયુષ્ય ન બંધાતુ હોવા છતાંય આ પ્રકૃતિઓ અનુબંધ રૂપે બંધના કયા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવમાં તેમજ કયા ભવને વિષે ભોગવવાની રહેશે એ નક્કી કરતો જાય છે. જેને આયુષ્ય બંધના અનુબંધ રૂપે ગણાય છે. એની સાથેને સાથે ગોત્ર કર્મનો બંધ પણ ચાલુ જ હોય છે. એટલે કે નીચગોત્ર એની સાથે બંધાયા જ કરે છે એટલે કે તિર્યંચ ગતિના બંધની સાથે નીચગોત્રનોજ બંધ ચાલુ હોય છે. એ તિર્યંચગતિની સાથે એકેન્દ્રિય જાતિ બંધાતી હોય અને સાધારણ વનસ્પતિકાયમાં જવા લાયક કર્મબંધ થતો હોય તો એની સાથે નીચગોત્ર તીવ્રરસે બાંધે છે. અને જો એકેન્દ્રિય જાતિ આદિ પાંચે જાતિમાંથી કોઇપણ જાતિનો બંધ થતો હોય તો તે વખતે નીચગોત્ર મંદરસે બાંધે છે અથવા તીવ્રરસે બાંધે છે.

એકેન્દ્રિય જીવો મનુષ્યગતિનો બંધ કરતા હોય ત્યારે એની સાથે નીચગોત્રનો બંધ પણ કરી શકે છે અને ઉચ્ચ ગોત્રનો પણ બંધ કરો શકે છે.

જેમ મરૂદેવા માતાના જીવે કેળના ભવમાં એકેન્દ્રિયપણામાં મનુષ્યગતિની સાથે ઉચ્ચગોત્રનો બંધ કરેલો છે અને તીર્થંકર પરમાત્માની માતા રૂપે શુભ નામકર્મની પ્રકૃતિઓ શુભરસે પણ બાંધેલી છે.

જગતમાં રહેલા જીવો સમયે સમયે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી રાગ દ્વેષની ચીકાસવાળા બનાવી કર્મરૂપે બનાવે છે એના સાત કર્મના બંધ વખતે સાત વિભાગ અને આઠ કર્મના બંધ વખતે આઠ વિભાગ બનાવતાં બનાવતાં ગોત્ર કર્મના વિભાગ રૂપે જોયું એના પછી સાતમો અથવા આઠમો વિભાગ અંતરાય કર્મના પુદ્‌ગલો રૂપે બનાવે છે. અંતરાય કર્મરૂપે જે પુદ્‌ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલા હોય તેમાં અંતરાય કર્મની પાંચ પ્રકૃતિ બંધાતી હોવાથી એ જથ્થાના પાંચ સરખા ભાગ કરીને પાંચેય અંતરાય રૂપે સમયે સમયે બાંધતા જાય છે તે અંતરાય કર્મ કહેવાય છે.

એકેન્દ્રિય જીવોને પણ અનુકૂળ પદાર્થોની લાલસા અને આશાઓ અંતરમાં બેઠેલી છે. એમાં આહારના પુદ્‌ગલો અનુકૂળ પ્રાપ્ત થાય તો એ પુદ્‌ગલોને હું જ ભોગવું કોઇનેય આપું નહિ આવા વિચારથી દાનાન્તરાય કર્મ બંધાય છે.

પોતાને જે પદાર્થોની પ્રાપ્તિ થઇ એનાથી અધિક પદાર્થને મેળવવાની ઇચ્છાઓ-લાલસાઓ અને આશાઓ અંતરમાં પેદા થતી જાય એનાથી લાભાન્તરાય કર્મ બંધાય છે.

મળેલા પદાર્થોને હું જ ભોગવું અને ભવિષ્યમાં આવા પુદ્‌ગલો વારંવાર ભોગવવા મલે એવી આશા અને બુધ્ધિથી ભોગાંતરાય કર્મ તેમજ ઉપભોગાંતરાય કર્મ બંધાય છે. એ પદાર્થો મેળવવા આદિ માટે પ્રયત્ન કરવો તેનાથી વીર્યાંતરાય કર્મ બંધાય છે.

આ રીતે કર્મરૂપે બનાવેલા જથ્થાના સાત વિભાગો સાત કમંરૂપે સમયે સમયે જીવો કરતા જ જાય

છે. એ સાત કર્મ રૂપે સાત વિભાગ બનાવતા બનાવતા અંતરમાં રહેલા ક્રોધ-માન-માયા-લોભ એ ચારેય કષાયોમાંથી એક એક અંતર્મુહૂર્તે એક એક કષાય તીવ્રતારૂપે અથવા મંદરૂપે ઉદયમાં રહેલા હોય છે તેનાથી સાતેય કર્મોની સ્થિતિ નક્કી કરે છે. એટલે કે આત્માની સાથે એકમેક થયેલા પુદ્ગલો કેટલા કાળ સુધી રહેશે ? એનું નક્કી કરતો જાય છે.

એકેન્દ્રિય જીવો પોતાના કષાયની તીવ્રતાથી એક સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ જે સમયે કરે છે એ મોહનીય કર્મના પુદ્ગલો આત્માની સાથે એક સાગરોપમ કાળ સુધી સમયે સમયે ઓછા થતાં થતાં ચાલ્યા કરે એ રીતની જે ગોઠવણ કરવી તે સ્થિતિબંધ કહેવાય છે.

રાગાદિ પરિણામની ચીકાસથી ગ્રહણ કરેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને કર્મરૂપે બનાવેલા હોય છે એના સમયે સમયે સાત વિભાગ કરે છે તેમાં સૌથી વધારે પુદ્ગલો એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો વેદનીય કર્મને આપે છે એને વધારે આપવાનું કારણ એ છે કે જીવોને સુખની અનુભૂતિ અને દુઃખની અનુભૂતિ એ પુદ્ગલોના વેદનથી થાય છે. જો વેદનીય કર્મને ઓછા પુદ્ગલો આપવામાં આવે તો જીવને સુખ અને દુઃખની અનુભૂતિ થઇ શકતી નથી માટે વધારે આપવામાં આવે છે. જો આયુષ્ય કર્મનો બંધ થતો હોય તો વેદનીય કર્મથી ઓછા પુદ્ગલો આયુષ્ય કર્મને આપે છે. એના પછી મોહનીય કર્મને એનાથી ઓછા પુદ્ગલો આપે છે. એના પછી જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મને ત્રણેયને સરખે ભાગે પણ મોહનીય કર્મ કરતાં ઓછા પુદ્ગલો આપે છે. એના પછી નામ અને ગોત્ર કર્મને સરખા પણ જ્ઞાનાવરણીય આદિ ત્રણ કર્મો કરતા ઓછા પુદ્ગલો આપે છે એટલે વહેંચણી કરે છે.

જ્ઞાનાવરણીય કર્મરૂપે જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયો તેમાંથી અનંતમા ભાગ જેટલા પુદ્ગલો સર્વઘાતી રસવાળા હોવાથી એ સઘળાય પદ્ગલો કેવલ જ્ઞાનાવરણીય કર્મને મલે છે અને બાકીના જે પુદ્ગલો જ્ઞાનાવરણીય રૂપે રહેલા હોય છે એના ચાર સરખા ભાગ પાડીને એક ભાગ મતિજ્ઞાનાવરણીય કર્મને એક ભાગ શ્રુતજ્ઞાનાવરણીય કર્મને એક ભાગ અવધિજ્ઞાનાવરણીય કર્મને અને એક ભાગ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મને આપે છે અર્થાત્ એ રૂપ બનાવે છે. દર્શનાવરણીય કર્મને જે કર્મોના પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલો હોય તેમાં સૌથી પહેલા બે વિભાગો થાય છે. (૧) સર્વઘાતી રસવાળા પુદ્ગલો અને (૨) દેશઘાતી રસવાળા પુદ્ગલો.

સર્વઘાતી રસવાળા પુદ્ગલો દર્શનાવરણીય કર્મના જે પ્રાપ્ત થાય છે તે અનંતમા ભાગ જેટલા હોય છે તેના બે વિભાગ કરે છે એમાંનો એક ભાગ કેવલદર્શનાવરણીય કર્મને આપે છે અને બીજા વિભાગના પુદ્ગલોના પાંચ ભાગ કરી પાંચ નિદ્રા રૂપે બનાવે છે. એટલે કે દર્શનાવરણીય કર્મની બંધાતી પાંચે ય નિદ્રાના એક એક ભાગરૂપે કરે છે.

દેશઘાતી રૂપે જે પુદ્ગલો પ્રાપ્ત થયેલા છે તે પુદ્ગલોના દેશઘાતી રૂપે બંધાતી દર્શનાવરણીય કર્મની ત્રણ પ્રકૃતિઓ રૂપે ચક્ષુદર્શનાવરણીય અચક્ષુદર્શનાવરણીય અને અવધિદર્શનાવરણીય રૂપે ત્રણ સરખા ભાગ કરીને ત્રણેય વહેંચી લે છે.

મોહનીય કર્મના વિભાગ રૂપે કર્મના પુદ્ગલોનો જે જથ્થો પ્રાપ્ત થયેલો છે તેના બે વિભાગ થાય છે એક સર્વઘાતી રસવાળા પુદ્ગલો બીજો દેશઘાતી રસવાળા પુદ્ગલો રૂપે થાય છે.

સર્વઘાતી રસવાળા રૂપે જે જથ્થો પ્રાપ્ત થયેલો છે તે અનંતમા ભાગ જેટલા પુદ્ગલો હોય છે તેના બે

વિભાગ થાય છે.

(૧) દર્શન મોહનીય રૂપે. (૨) ચારિત્ર મોહનીય કર્મ રૂપે.

દર્શનમોહનીય રૂપે જે પુદ્ગલો પ્રાપ્ત થાય છે એમાં દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓમાંથી માત્ર એક જ મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાતું હોવાથી એ સઘળાય પુદ્ગલો મિથ્યાત્વને મલે છે.

બીજા ચારિત્ર મોહનીય કર્મરૂપે રહેલા પુદ્ગલો તેના અનંતાનુબંધિ ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા-લોભ અને પ્રત્યાખ્યાનીય ક્રોધ-માન-માયા અને લોભ એમ એના બાર વિભાગ રૂપે બારેય પ્રકૃતિઓને મલે છે. આ રીતે મોહનીય કર્મની સર્વઘાતી રસવાળી પ્રકૃતિઓમાં પુદ્ગલોની વહેંચણી થઇ.

હવે દેશઘાતી રૂપે રહેલા મોહનીય કર્મના પુદ્ગલોના મુખ્ય બે ભેદ થાય છે. (૧) કષાય મોહનીય કર્મરૂપે અને (૨) નોકષાય મોહનીય કર્મરૂપે.

કષાય મોહનીય રૂપે મળેલા પુદ્ગલોના સંજ્વલન ક્રોધ-માન-માયા અને લોભ એમ ચાર ભાગ થઇ ચાર પ્રકૃતિઓને મલે છે. બીજા નોકષાય મોહનીય કર્મને મળેલા પુદ્ગલોના, નોકષાય મોહનીયની નવ પ્રકૃતિઓમાંથી એક સાથે એક સમયે પાંચ પ્રકૃતિઓનો બંધ થતો હોવાથી એના પાંચ વિભાગ થાય છે.

પાંચ પ્રકૃતિઓ એક સાથે એક સમયે આ રીતે બંધાય છે.

(૧) હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા અને પુરૂષવેદ.

(૨) હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા અને સ્ત્રીવેદ.

(૩) હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા અને નપુંસકવેદ.

(૪) અરતિ-રતિ-ભય-જુગુપ્સા અને પુરૂષવેદ.

(૫) અરતિ-રતિ-ભય-જુગુપ્સા અને સ્ત્રીવેદ.

(૬) અરતિ-રતિ-ભય-જુગુપ્સા અને નપુંસકવેદ.

આ છ માંથી એક સાથે એક સમયે કોઇપણ એક વિભાગની પ્રકૃતિઓનો બંધ કરે છે માટે તે વખતે બંધાતા દેશઘાતી પુદ્ગલોના પાંચ વિભાગ એક સરખા થાય છે.

કર્મની વહેંચણીમાં નામકર્મના વિભાગ રૂપે જે જથ્થો પ્રાપ્ત થયેલો હોય તે નામકર્મનો બંધ શુભરૂપે અને અશુભરૂપે એમ બન્ને રીતે એક સાથે એક જ સમયે બંધાય છે એટલે કે જીવો પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં રહેલા હોય છે ત્યાં સુધી એકલી નામકર્મની શુભ પ્રકૃતિઓનોય બંધ કરતા નથી અને એકલી અશુભ નામકર્મની પ્રકૃતિઓનોય બંધ કરતા નથી. બન્ને સાથે જ બંધાતી હોવાથી શુભ અને અશુભ બન્નેનો બંધ કરે છે.

જ્યારે જીવો સંક્લેશ અવસ્થામાં વિદ્યમાન હોય ત્યારે બંધાતી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધે છે અને તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓ મંદરસે બંધાય છે. જ્યારે વિશુધ્ધિમાં વિદ્યમાન હોય ત્યારે બંધાતી અશુભ પ્રકૃતિઓ મંદરસે બંધાય છે અને તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓ તીવ્ર રસે બંધાય છે. આ નિયમને અનુસરીને એકેન્દ્રિય થી પંચેન્દ્રિય સુધીનાં જીવો સમયે સમયે શુભનામ કર્મ અને અશુભ નામકર્મ એક સાથે બાંધે છે કારણ કે નામકર્મ બાંધતી વખતે શુભ અને અશુભ બન્ને પ્રકારના પરિણામો એક સાથે હોય છે.

સાતકર્મનો બંધ કરતા નામકર્મને કર્મના સમુદાયનો જે જથ્થો પ્રાપ્ત થયેલો હોય તે જથ્થામાંથી

જઘન્યથી એકવીશ વિભાગ થાય છે અને ઉત્કૃષ્ટથી સત્તાવીશ વિભાગ થાય છે.

એકવીશ વિભાગના નામો - (૧) ગતિ, (૨) જાતિ, (૩) શરીર, (૪) સંસ્થાન, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) આનુપૂર્વી, (૧૦) અગુરૂલઘુ, (૧૧) નિર્માણ, (૧૨) ઉપઘાત, (૧૩) સ્થાવર, (૧૪) સૂક્ષ્મ અથવા બાદર, (૧૫) અપર્યાપ્ત, (૧૬) પ્રત્યેક અથવા સાધારણ, (૧૭) અસ્થિર, (૧૮) અશુભ, (૧૯) દુર્ભગ, (૨૦) અનાદેય અને (૨૧) અયશ નામકર્મ.

આ એકવીશ પ્રકૃતિઓ અપર્યાપ્તા એકેન્દ્રિયમાં જવાલાયક કર્મ પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે બંધાય છે અને વિભાગ પડે છે.

**(૧) ગતિ નામકર્મ :-** અપર્યાપ્તા એકેન્દ્રિયમાં જવા લાયક જીવો કર્મબંધ કરતા હોય છે ત્યારે એક જ તિર્યંચ ગતિ જ બંધાતી હોય છે. બાકીની ત્રણ ગતિ બંધાતી ન હોવાથી ગતિ વિભાગને પ્રાપ્ત થયેલા પુદ્ગલો એક તિર્યંચ ગતિને જ મલે છે.

**(૨) જાતિ નામકર્મ :-** જે પુદ્ગલો પ્રાપ્ત થાય એ પુદ્ગલો એક એકેન્દ્રિય જાતિ જ બંધાતી હોવાથી એ પુદ્ગલો એકેન્દ્રિય જાતિને મલે છે.

**(૩) શરીર નામકર્મ :-** શરીર રૂપે જે પુદ્ગલોનો સમુદાય પ્રાપ્ત થયેલો હોય છે તે પુદ્ગલોના ત્રણ વિભાગ કરે છે કારણ કે તે વખતે એક સાથે ત્રણ શરીર બંધાય છે. ઔદારિક શરીર, તૈજસ શરીર અને કાર્મણ શરીર માટે એ ત્રણને પુદ્ગલો મલે છે.

**(૪) સંસ્થાન નામકર્મ :-** સંસ્થાન નામકર્મ રૂપે જે જથ્થો પ્રાપ્ત થયેલો હોય તે પુદ્ગલો એક હુંડક સંસ્થાન બંધાતુ હોવાથી હુંડક સંસ્થાનને મલે છે.

**(૫) વર્ણ નામકર્મ :-** વર્ણ નામકર્મને જે પુદ્ગલોનો સમુદાય પ્રાપ્ત થાય છે તેના કાળો-લીલો-લાલ-પીળો અને સફેદ એમ પાંચ વર્ણ હોવાથી તેના પાંચ વિભાગ પડી પરસ્પર પાંચેય એ પુદ્ગલોને વહેંચી લે છે.

સામાન્ય રીતે એ પાંચ વર્ણના મુખ્ય બે ભેદ પડે છે.

(૧) અશુભ નામકર્મ અને (૨) શુભ નામકર્મ રૂપે. તેમાં અશુભ નામકર્મના કાળો અને લીલો એ બે વર્ણ હોવાથી બે વિભાગ થાય છે અને શુભ વર્ણ લાલ-પીળો અને સફેદ એમ ત્રણ વર્ણ હોવાથી એ શુભ વર્ણના પુદ્ગલોના ત્રણ વિભાગ થાય છે એમ પાંચ વિભાગ પડે છે.

**(૬) ગંધ નામકર્મ :-** ગંધ નામકર્મ રૂપે જે જથ્થો પ્રાપ્ત થયો હોય તેમાં જે ગંધ બંધાતી હોય તેને તે પુદ્ગલો સીધા પ્રાપ્ત થાય છે. દુર્ગંધ બંધાતી હોય તો દુર્ગંધ મલે છે અને સુગંધ બંધાતી હોય તો સુગંધને પ્રાપ્ત થાય છે.

**(૭) રસ નામકર્મ :-** રસ નામકર્મને જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલો હોય તેના રસ પાંચ હોવાથી કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો એના પાંચ વિભાગ થઇ પરસ્પર પાંચે વહેંચી લે છે તેમાં રસના મુખ્ય બે ભેદો હોય છે. (૧) અશુભ રસ અને (૨) શુભ રસ.

અશુભ રસના બે ભેદ - કડવો અને તીખો.

શુભ રસના ત્રણ ભેદ - તુરો, ખાટો અને મીઠો. એ રીતે વિભાગ કરી પરસ્પર વહેંચી લે છે એટલે કે રસના પુદ્ગલોના જથ્થાના મુખ્ય બે ભેદ પડે. (૧) અશુભ અને (૨) શુભ. અશુભના પુદ્ગલોના બે વિભાગ થાય. શુભ નામકર્મના ત્રણ વિભાગ થાય છે.

**(૮) સ્પર્શ નામકર્મ :-** સ્પર્શનામકર્મને વિષે જે પુદ્ગલો પ્રાપ્ત થયેલા હોય તે પુદ્ગલોના આઠ સ્પર્શમાંથી પ્રતિપક્ષી ચાર સ્પર્શ છોડીને બાકીના ચાર સ્પર્શ રૂપે વિભાગ થઇને પરસ્પર વહેંચણી કરી લે છે.

**(૯) આનુપૂર્વી નામકર્મ :-** ચાર આનુપૂર્વીમાંથી એક તિર્યંચાનુપૂર્વી બંધાતી હોવાથી એને મળેલા બધા પુદ્ગલો તિર્યંચાનુપૂર્વીને મલે છે.

એના પછીની જે પ્રકૃતિઓ કહેલી છે તે તે પ્રકૃતિઓ ને જે જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થાય છે તે પુદ્ગલો તે તે પ્રકૃતિઓ રૂપે પરિણામ પામે છે.

પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવોને નામકર્મના જે કર્મ પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલો હોય છે તેના ઉત્કૃષ્ટથી ૨૮ વિભાગ કરી શકે છે તે આ પ્રમાણે -

(૧) ગતિ, (૨) જાતિ, (૩) શરીર, (૪) અંગોપાંગ, (૫) સંઘયણ, (૬) સંસ્થાન, (૭) વર્ણ, (૮) રસ, (૯) ગંધ, (૧૦) સ્પર્શ, (૧૧) આનુપૂર્વી અને (૧૨) વિહાયોગતિ, (૧૩) પરાઘાત, (૧૪) ઉચ્છ્વાસ, (૧૫) ઉદ્યોત, (૧૬) અગુરૂલઘુ, (૧૭) નિર્માણ, (૧૮) ઉપઘાત, (૧૯) ત્રસ, (૨૦) બાદર, (૨૧) પર્યાપ્ત, (૨૨) પ્રત્યેક, (૨૩) સ્થિર અથવા અસ્થિર, (૨૪) શુભ અથવા અશુભ, (૨૫) સુભગ અથવા દુર્ભગ, (૨૬) સુસ્વર અથવા દુસ્વર, (૨૭) આદેય અથવા અનાદેય અને (૨૮) યશ અથવા અયશ.

ગતિ નામકર્મને મળેલા પુદ્ગલો બંધાતી તિર્યંચગતિ નામકર્મ રૂપે પરિણામ પામે છે. જાતિરૂપે પ્રાપ્ત થયેલા પુદ્ગલો પંચેન્દ્રિય જાતિરૂપે પરિણામ પામે છે. શરીર રૂપે મળેલા પુદ્ગલો-ઔદારિક શરીર-તૈજસ શરીર-કાર્મણ શરીર એ ત્રણ શરીર રૂપે પરિણામ પામે છે. શરીરના પુદ્ગલો સત્તારૂપે પ્રાપ્ત થયેલા હોય એને આશ્રયીને નવ વિભાગ થાય છે. ઔદારિક શરીર રૂપે, તૈજસ શરીર રૂપે, કાર્મણ શરીર રૂપે, ઔદારિક બંધન રૂપે, તૈજસ બંધન રૂપે, કાર્મણ બંધન રૂપે, ઔદારિક સંઘાતન રૂપે, તૈજસ સંઘાતન રૂપે અને કાર્મણ સંઘાતન રૂપે વિભાગ થાય છે અથવા નામકર્મના ૧૦૩ ભેદની અપેક્ષાએ સત્તામાં વિચારણા કરીએ તો ૧૩ વિભાગ પણ થાય છે. (૧) ઔદારિક શરીર, (૨) તૈજસ શરીર, (૩) કાર્મણ શરીર, (૪) ઔદારિક ઔદારિક બંધન, (૫) ઔદારિક તૈજસ બંધન, (૬) ઔદારિક કાર્મણ બંધન, (૭) ઔદારિક તૈજસ કાર્મણ બંધન, (૮) તૈજસ તૈજસ બંધન, (૯) તૈજસ કાર્મણ બંધન, (૧૦) કાર્મણ કાર્મણ બંધન, (૧૧) ઔદારિક સંઘાતન, (૧૨) તૈજસ સંઘાતન અને (૧૩) કાર્મણ સંઘાતન એમ તેર વિભાગ થાય છે.

અંગોપાંગને મળેલો જથ્થો જે અંગોપાંગ બંધાતું હોય (એટલે કે ઔદારિક અંગોપાંગ) તેને મળે છે. એ અંગોપાંગના જથ્થાના ત્રણ વિભાગ થાય છે. (૧) અંગ, (૨) ઉપાંગ અને (૩) અંગોપાંગ.

મનુષ્યના શરીરને વિષે આઠ અંગ હોય છે.

(૧) મસ્તક, (૨) છાતી, (૩) પેટ, (૪) પીઠ. બે હાથ અને બે પગ. ઉપાંગ રૂપે આંગળીઓ ગણાય છે અને અંગોપાંગ રૂપે આંગળીના હાથના વેઢાઓ, રેખાઓ તથા પગની રેખાઓ આથી ઔદારિક અંગોપાંગ રૂપે જે પુદ્ગલો પ્રાપ્ત થયા હોય તેના એ ત્રણ વિભાગ થઇને જે જે વિભાગ જે રીતે બંધાયેલા હોય અથવા બંધાતા હોય તે રૂપે તે પુદ્ગલો મલ છે.

છ સંઘયણમાંથી એક સાથે એક અંતમુર્હૂત સુધી છમાંથી કોઇપણ એક જ સંઘયણ બંધાય છે માટે જે સંઘયણ બંધાતું હોય તે સંઘયણને બંધાતા પુદ્ગલો પરિણામ પામે છે.

છ સંસ્થાનમાંથી એક સમયે કોઇપણ એક સંસ્થાન જ બંધાય છે માટે સંસ્થાનના ભાગે જે પુદ્ગલો પ્રાપ્ત થાય તે બંધાતા સંસ્થાન રૂપે પરિણામ પામે છે. સંઘયણ અને સંસ્થાન બન્ને એક સાથે બંધાતા હોવાથી

છ સંઘયણ X છ સંસ્થાન કારણકે કોઇપણ સંઘયણની સાથે છ સંસ્થાનમાંથી કોઇપણ સંસ્થાન બંધાતું હોવાથી છત્રીશ વિકલ્પો થાય છે.

સંઘયણની સાથે સંસ્થાન અવશ્ય બંધાય પણ સંસ્થાનની સાથે સંઘયણ બંધાય જ એવો નિયમ હોતો નથી. કારણ કે નરકગતિ-દેવગતિ બંધાતી હોય ત્યારે અને એકેન્દ્રિય જાતિ બંધાતી હોય ત્યારે સંઘયણ બંધાતું જ નથી. માત્ર એક સંસ્થાનનો જ બંધ થાય છે.

બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરીન્દ્રિય અસન્ની પંચેન્દ્રિ તિર્યંચ અને મનુષ્ય તથા સન્ની પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય લબ્ધિ અપર્યાપ્તાને લાયક પ્રકૃતિઓનો બંધ જીવો કરતા હોય ત્યારે છેલ્લુ સંઘયણ અને છેલ્લું સંસ્થાન જ બંધાય છે.

૩. સન્ની પર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે પોતાના અધ્યવસાયના પરિણામના કારણે છ એ સંઘયણમાંથી કોઇપણ એક સંઘયણ તેમજ છએ સંસ્થાનમાંથી કોઇપણ એક સંસ્થાન બંધાય છે.

બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરીન્દ્રિય-અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તાને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે નિયમા છેલ્લુ સંઘયણ અને છેલ્લુ સંસ્થાન બંધાય છે. છત્રીશ વિકલ્પો સંઘયણ અને સંસ્થાનના આ રીતે થાય છે.

(૧) પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન

(૨) પહેલું સંઘયણ, બીજું સંસ્થાન

(૩) પહેલું સંઘયણ, ત્રીજું સંસ્થાન

(૪) પહેલું સંઘયણ, ચોથું સંસ્થાન

(૫) પહેલું સંઘયણ, પાંચમું સંસ્થાન

(૬) પહેલું સંઘયમ, છેલ્લું સંસ્થાન

આ રીતે બીજા સંઘયણ સાથે છ, ત્રીજા સંઘયણ સાથે છ, ચોથા સંઘયણ સાથે છ, પાંચમા સંઘયણ સાથે છ અને છઠ્ઠા સંઘયણ સાથે છ એમ છત્રીશ વિકલ્પો થાય છે.

વર્ણરૂપે જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલો હોય તે પુદ્ગલોના કાળો, લીલો, લાલ, પીળો, સફેદ એમ પાંચ વિભાગ કરીને વહેંચણી કરે છે.

ગંધ ને જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયો હોય તે જે ગંધ બંધાતી હોય તેને મળે છે.

રસને જે પુદ્ગલોનો જથ્થો પ્રાપ્ત થયો હોય તેના પાંચ વિભાગ કરે છે.

સ્પર્શને જે જથ્થો મલ્યો હોય તેના પ્રતિપક્ષી ચાર વિભાગ કરે છે.

આનુપૂર્વીને જે જથ્થો પ્રાપ્ત થયો હોય તે બંધાતી જે આનુપૂર્વી હોય તેને મળે છે.

વિહાયોગતિને જે જથ્થો પ્રાપ્ત થયો હોય તે બંધાતી વિહાયોગતિ નામકર્મને મળે છે.

બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય જાતિમાંથી કોઇપણ જાતિ નામકર્મ બંધાતું હોય તો એની સાથે ત્રસ નામકર્મ, બાદર નામકર્મ અને પ્રત્યેક નામકર્મ નિયમા બંધાય છે.

એકેન્દ્રિય જાતિને લાયક કર્મબંધ કરતા હોય ત્યારે એની સાથે સ્થાવર નામકર્મ નિયમા બંધાય છે.

પર્યાપ્ત નામકર્મ જીવ બાંધતો હોય તો એની સાથે સ્થિર અથવા અસ્થિર, શુભ અથવા અશુભ યશ

અથવા અયશ એના આઠ વિકલ્પો થાય છે એ આઠમાંથી કોઇ એક વિકલ્પનો બંધ કરે છે એ આઠ વિકલ્પો આ પ્રમાણે.

(૧) સ્થિર શુભ યશ (૨) સ્થિર અશુભ યશ

(૩) અસ્થિર શુભ યશ (૪) અસ્થિર અશુભ યશ

(૫) સ્થિર શુભ અયશ (૬) સ્થિર અશુભ અયશ

(૭) અસ્થિર શુભ અયશ (૮) અસ્થિર અશુભ અયશ

સન્ની પર્યાપ્તા તિર્યંચને લાયક અથવા સન્ની પર્યાપ્તા મનુષ્યને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય તો સ્થિર અથવા અસ્થિર. શુભ અથવા અશુભ, સુભગ અથવા દુર્ભગ, સુસ્વર અથવા દુસ્વર, આદેય અથવા અનાદેય અને યશ અથવા અયશ એ છ પ્રકૃતિઓ પ્રતિપક્ષી રૂપે એના ચોસઠ વિકલ્પો થાય છે. ૨ X ૨ X ૨ X ૨ X ૨ X ૨ = ૬૪ એમાંથી કોઇપણ એક વિકલ્પ બંધાયા કરે છે.

આના ઉપરથી નિશ્ચિત એ થાય છેકે જીવ સ્થિર શુભ પ્રકૃતિઓનો બંધ કરતો હોય ત્યારે તે વખતે દુર્ભગ દુસ્વર ઇત્યાદિ પ્રકૃતિઓનો એટલે અશુભ પ્રકૃતિઓનો પણ બંધ કરી શકે છે.

આનાથી એ નિશ્ચિત થાય છે કે શુભ પરિણામમાં રહેલા જીવના અંતરમાં કાંઇકને કાંઇક અશુભ પરિણામ સાથેને સાથે રહેલો હોય છે.

જે વખતે તીર્થંકરના આત્માઓ ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ નિકાચીત કરતા હોય ત્યારે તે જીવો ઉચ્ચ કાટિના શુભ વિચારોમાં રહેલા હોય છે અને જગતના સઘળાય જીવોના અંતરમાં સંસારના સુખનો રસ રહેલો છે એનો નાશ કરીને શાસનનો રસ પેદા કરવાની ભાવના હોય છે તો પણ તે વખતે સ્થિર-અસ્થિરમાંથી એક શુભ અશુભમાંથી એક યશ-અયશમાંથી એક એમ શુભ અને અશુભ પ્રકૃતિઓનો બંધ કર છે. તો તે વખતે સમજવું જ જોઇએ કે આવા શુભ વિચારોમાં પણ કાંઇક અંતરમાં અશુભ અધ્યવસાય ચાલતા રહેતા હોય છે માટે જ અશુભ પ્રકૃતિઓનો બંધ કરી શકે છે.

જે જીવો પહેલા સંઘયણવાળા હોય અને પહેલા ગુણસ્થાનકે એકથી ત્રણ નારકીમાંથી કોઇપણ નરકનું આયુષ્ય બાંધેલું હોય તમાં ત્રીજી નારકીનું જઘન્ય આયુષ્ય તથા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું અધિક આયુષ્ય બાંધેલું હોય એવા જીવો મનુષ્યપણામાં ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરીને પુરૂષાર્થ કરી ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે એ ક્ષાયિક સમકીતના કાળમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરે અને એ જીવ મરણ પામી નરકમાં જાય તો પણ ત્યાં જિનનામકર્મનો બંધ સમયે સમયે ચાલુ જ હોય છે. એકવાર જિન નામકર્મ નિકાચીત ચોથા ગુણસ્થાનકમાં કરે તો એ છેલ્લા ભવ સુધી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સમયે સમયે બંધાયા જ કરે છે.

એમાં એટલું વિશેષ છેકે જે જીવો તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી ભવનપતિ-વ્યંતર. જ્યોતિષદેવોમાં ઉત્પન્ન થાય તો ત્યાં જેટલો કાળ રહે ત્યાં સુધી તીર્થંકર નામકર્મનો બંધ કરતા જ નથી કારણ કે ત્યાં તીર્થંકર નામકર્મ પ્રકૃતિ બંધાતી જ નથી અને પછી તરત જ ત્યાંથી મનુષ્યપણામાં તીર્થંકર રૂપે ઉત્પન્ન થઇ શકે છે તે મનુષ્ય ભવમાં તીર્થંકર નામકર્મનો બંધ ચાલુ થઇ જાય છે.

આ જંબુદ્વીપમાં જેમ ભરત ક્ષેત્ર છે અને ચોવીશ તીર્થંકરો થયેલા છે એમ ધાતકી ખંડ ક્ષેત્રને વિષે બે ભરત ક્ષેત્રો આવેલા છે અને અર્ધ પુદ્ગલ પરાવર્ત ક્ષેત્રને વિષે બે ભરત ક્ષેત્રો આવેલા છે તેમાંથી કોઇ એક ભરત ક્ષેત્રમાં આ અવસરપિણીમાં ચોવીશ-ચોવીશ તોર્થંકરોમાંથી કોઇપણ એક તીર્થંકરનો આત્મા

ભવનપતિમાંથી થયેલો છે.

નિકાચીત તીર્થંકર નામકર્મવાળા જીવો નરકમાં નિયમા શુભ પુદ્ગલોનો જ આહાર કરે છે.

પરમાધામી દેવોમાં સમકીત લઇને જીવો જાય નહિ પણ પરમાધામી દેવો જે અનાદિ મિથ્યાદ્રષ્ટિ હોય અથવા સાદિ મિથ્યાદ્રષ્ટિ દેવો હોય તે દેવો સમકીતની પ્રાપ્તિ કરી શકે છે.

તીર્થંકર નામકર્મ નિકાચીત કરવા માટે પહેલું સંઘયણ જોઇએ, તીર્થંકરનો કાળ જોઇએ અને મનુષ્ય ભવ જોઇએ તેમજ આઠ વર્ષની ઉંમર જોઇએ.

અત્યારે વર્તમાનમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલા જીવો નરકમાં અસંખ્યાતા વિદ્યમાન છે, વૈમાનિક દેવલોકમાં પણ અસંખ્યાતા જીવો વિદ્યમાન છે અને મનુષ્યલોકમાં મહાવિદેહ ક્ષેત્રને વિષે છેલ્લા ભવવાળા તીર્થંકરના આત્માઓ કેવલજ્ઞાન પામ્યા વગરના સોળસોને એંશી વિદ્યમાન છે.

મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા દરેક તીર્થંકર પરમાત્માઓનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વ વર્ષનું હોય છે ત્યાં જઘન્ય કે મધ્યમ આયુષ્ય તીર્થંકરોનું હોતું નથી અને મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર કેવલી ભગવંતોને વિરહ કાળ હોતો નથી. સદા માટે તીર્થંકરો વિદ્યમાન હોવાથી એક એક લાખ પૂર્વ વર્ષે વીશ-વીશ તીર્થંકર પરમાત્માઓનું ચ્યવન થયા જ કરે છે આથી ચોરાશી લાખ ને એટલે ચોરાશીને વીશે ગુણવાથી સોળસોને એંશીની સંખ્યા પ્રાપ્ત થાય છે તેમાં ચ્યવન પામતા, જન્મ પામેલા, કુમાર અવસ્થામાં રહેલા, યુવાવસ્થા પ્રાપ્ત કરેલા અને રાજ્ય ગાદી ભોગવતાં સોળસો એંશી તીર્થંકરના આત્માઓ હોય છે.

અત્યારે શ્રી સીમંધર સ્વામી આદિ વીશ તીર્થંકરના આત્માઓ કેવલજ્ઞાની રૂપે વિચરી રહેલા છે એ જીવોનું જ્યારે એકલા હજાર વરસનું આયુષ્ય બાકી રહેશે ત્યારે બીજા વીશ તીર્થંકરો સંયમનો સ્વીકાર કરશે અને એક હજાર વરસ સંયમનું પાલન કરશે. જ્યારે કેવલજ્ઞાની વીશ તીર્થંકરો નિર્વાણ પામશે ત્યારે આ વીશ તીર્થંકર પરમાત્માઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થશે. આ રીતે ક્રમ ચાલુ જ રહે છે માટે ત્યાં કેવલી તીર્થંકર પરમાત્માઓનો વિરહકાલ હોતો નથી એમ કહેવાય છે.

ચોરાશી લાખ વરસને ચોરાશી લાખે ગુણાકાર કરતાં જે સંખ્યા આવે તે એક પૂર્વ વરસ કહેવાય છે. એવા ચોરાશી લાખ પૂર્વ વરસનું આયુષ્ય હોય છે.

એક પલ્યોપમ = અસંખ્યાતા વરસો ગણાય છે.

દશ કોટાકોટી પલ્યોપમ = એક સાગરોપમ ગણાય છે.

ચારે ગતિના સન્ની પર્યાપ્તા જીવો સાતેય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે છે.

એ સિવાયના જગતમાં રહેલા જીવો પ્રકૃતિઓની જણાવેલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરી શકતા નથી.

જીવ જ્યારે તીવ્ર કષાયમાં વિદ્યમાન હોય ત્યારે નામકર્મની અશુભ પ્રકૃતિઓનો બંધ કરતો હોય તો એની સ્થિતિ અંતઃ કોટાકોટી સાગરોપમની પણ બાંધી શકે છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધી શકે છે એની સાથે ઉત્કૃષ્ટ રસ બંધ કરે છે.

કર્મની સ્થિતિ જઘન્યરૂપે બંધાય, મધ્યમ રૂપે બંધાય કે ઉત્કૃષ્ટ રૂપે બંધાય તો એની જ્ઞાની ભગવંતો ને મન કોઇ કિંમત હોતી નથી. પણ જે પ્રકૃતિઓ બંધાતી હોય તેનો રસ તીવ્ર રસે બંધાય એની જ ખરેખરી કિંમત કહેલી છે.

આથી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ ન બંધાય એની કાળજી રાખીને જીવન જીવવાનું વિધાન જૈન શાસનમાં કહેલું છે. કારણ કે અશુભ પ્રકૃતિઓનો જેટલો તીવ્ર રસ બંધાય તો તેને ભોગવવા માટે અનુબંધ

રૂપે મરણની પરંપરા વધતી જાય છે એટલે કે ત્યાં સુધી જીવનો સંસાર ચાલુને ચાલુ જ રહે છે. આથી અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ ન બંધાય એની કાળજી રાખીને જીવન જીવવાનું કહેલું છે. શુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બંધાતો જાય તો જીવને એ નુક્શાન કરતો નથી કારણ કે એ શુભ પ્રકૃતિઓનો તીવ્રરસ જીવોને વિશુધ્ધિમાં પ્રાપ્ત થાય છે. આથી એ રસ ભોગવતા ભોગવતા વિશુધ્ધિ અનંત ગુણી અધિક અધિક પ્રાપ્ત કરાવતા કરાવતા આત્માના સંપૂર્ણ ગુણોને પેદા કરવામાં-કરાવવામાં સહાયભૂત થાય છે અને અંતે નાશ પામી જાય છે માટે એ રસ ઉપયોગી હોવાથી એને કાઢવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહેતી નથી.

પણ જ્યારે નામકર્મની અશુભ પ્રકૃતિઓની તીવ્ર કષાયમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાતી હોય ત્યારે ઉત્કૃષ્ટ રસપણ બંધાય છે અને તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ જઘન્ય રસે બંધાય છે તેમજ જ્યારે જીવ વિશુધ્ધિમાં વિદ્યમાન હોય ત્યારે અશુભ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ બંધાય છે અને અશુભ પ્રકૃતિઓનો જઘન્ય રસ બંધાય છે તેની સાથે બંધાતી શુભ પ્રકૃતિઓની સ્થિતિ જઘન્ય રૂપે બંધાય છે અને રસ ઉત્કૃષ્ટ રૂપે બંધાય છે.

## ગોત્ર કર્મ

નીચગોત્ર અને ઉચ્ચ ગોત્ર આ બન્ને પ્રકૃતિઓ એક સાથે બંધાતી નથી. એક એક અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે પરાવર્તમાન રૂપે બંધાય છે.

જીવો જ્યારે એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરીન્દ્રિય-અસન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક તેમજ સન્ની પંચેન્દ્રિય તિર્યંચને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય છે તથા નરકગતિને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય છે ત્યારે નિયમા એની સાથે નીચગોત્ર જ બંધાય છે.

દેવગતિને લાયક પ્રકૃતિઓનો બંધ કરતા હોય ત્યારે નિયમા ઉચ્ચગોત્ર જ બંધાય છે અને મનુષ્યગતિને લાયક કર્મબંધ કરતા હોય ત્યારે જીવો બન્ને ગોત્રમાંથી કોઇપણ ગોત્ર પરાવર્તમાન રૂપે બાંધે છે.

પહેલા અને બીજા ગુણસ્થાનકમાં રહેલા જીવો નીચગોત્ર અને ઉચ્ચગોત્ર પરાવર્તમાન રૂપે બાંધે છે. ત્રીજા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવો નિયમા એક ઉચ્ચગોત્ર જ બાંધે છે.

મનુષ્યગતિનો બંધ ત્રીજા અને ચોથા ગુણસ્થાનકમાં રહેલા નરક અને દેવના જીવો બાંધે છે તે વખતે એક ઉચ્ચગોત્રનો જ બંધ કરે છે.

## અંતરાય કર્મ

અંતરાય કર્મની પાંચેય પ્રકૃતિઓ ધ્રુવબંધી રૂપે હોવાથી એકથી દશ ગુણસ્થાનક સુધી સમય સમયે એક સાથે પાંચેય પ્રકૃતિઓ બંધાયા કરે છે. આથી અંતરાય કર્મરૂપે જે પુદ્‌ગલોનો જથ્થો પ્રાપ્ત થયેલો હોય તે જથ્થામાંથી પાંચ ભાગ સરખા કરીને અંતરાયની પાંચેય પ્રકૃતિઓ સરખા ભાગે વહેંચણી કરી લે છે. આ પાંચેય પ્રકૃતિઓ દેશઘાતી રૂપે રહેલી હોવાથી પાંચેયના એક સરખા ભાગ થાય છે. પાંચેય પ્રકૃતિઓ સદા માટે સર્વઘાતી રસે જ બંધાયા કરે છે અને દરેક જીવો પોત પોતાના અધ્યવસાયથી દેશઘાતી રૂપે બનાવીને ઉદયમાં લાવે છે. આ પાંચેય પ્રકૃતિઓનો દેશઘાતી રૂપે રસ બે પ્રકારનો હોય છે. (૧) અલ્પ રસવાળા દેશઘાતીના પુદ્‌ગલો અને (૨) અધિક રસવાળા દેશઘાતીના પુદ્‌ગલો.

જ્યારે જીવોને દેશઘાતીના અધિક રસવાળા પુદ્‌ગલો ઉદયમાં હોય ત્યારે દાનાન્તરાય આદિ પાંચેય અંતરાય કર્મોનો ઉદયભાવ હોય છે અને જ્યારે અલ્પ રસવાળા દેશઘાતી પુદ્‌ગલોનો ઉદય હોય ત્યારે એ પાંચેય દાનાન્તરાય આદિ ક્ષયોપશમ ભાવે કામ કરતા હોય છે. અધિક રસવાળા પુદ્‌ગલોના ઉદયકાળમાં જીવો મહેનત કરવા છતાંય દાન ન દઇ શકે, લાભ પ્રાપ્ત ન કરી શકે, ભોગવવા લાયક પદાર્થો પ્રાપ્ત થયેલા હોવા છતાં પણ ભોગવી ન શકે, વારંવાર ભોગવવા લાયક પદાર્થો પ્રાપ્ત થયેલા હોવા છતાં પણ વારંવાર ભોગવી ન શકે તેમજ વીર્યાંતરાયના ક્ષયોપશમથી મન, વચન, કાયાની શક્તિ મળેલી હોવા છતાં પણ એનો ઉપયોગ ન કરી શકે આથી એ પાંચેય અંતરાયનો ક્ષયોપશમ ભાવ જીવોને સહાયભૂત ન થાય. આ રીતે લાભાંતરાયના ઉદય ભાવના પુદ્‌ગલોથી જીવોને લાભાદિની પ્રાપ્તિ ન થતાં (ન થવાથી) ખેદની અનુભૂતિ થાય છે એટલે કે ખેદ પામતા પામતા રાગાદિ પરિણામને આધીન થઇ અનેક પ્રકારના ધમપછાડા કરવા પ્રયત્ન કરે છે છતાં પણ દેશઘાતી અધિક રસવાળા પુદ્‌ગલોના ઉદયથી જેમ જેમ લાભાદિને મેળવવા માટે પ્રયત્ન કરવા છતાં વિશેષને વિશેષ ઉદયભાવ વધારતો જાય છે અને ખેદ તથા નાશીપાસ થતો જાય છે અને પોતાનો સંસાર વધારતો જાય છે અને પૂર્વે મળવેલી સામગ્રી ધીમે ધીમે નાશ પામતી જાય છે આને લાભાન્તરાય કર્મનો ઉદયભાવ કહેવાય છે.

જ્યારે જીવોને દેશઘાતી અલ્પરસ વાળા પુદ્‌ગલોનો ઉદય વર્તતો હોય ત્યારે દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યનો ક્ષયોપશમ ભાવ પેદા થતાં થતાં એની વૃધ્ધિ થતી જાય છે.

ક્ષયોપશમ ભાવે જે જ્ઞાનની પ્રાપ્તિ તે ભાવમન. ક્ષાયિક ભાવે જે જ્ઞાન તે આત્માનો ગુણ કહેવાય છે.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં જીવો સમયે સમયે સાત કર્મનો બંધ કરતા જાય છે તેમાં અશુભ પ્રકૃતિઓનો બંધ એટલે કે પાપ પ્રકૃતિઓનો અનુબંધ રૂપે બંધ કરતા જાય છે અને એની સાથે બંધાતી શુભ પ્રકૃતિઓનો એટલે કે પુણ્ય પ્રકૃતિઓનો બંધ અનુબંધ વગર જ કરતા જાય છે.

આનો અર્થ એ થાય છે કે દરેક જીવોને પાપાનુબંધી પુણ્ય સમયે સમયે બંધાયા જ કરે છે. સામાન્ય રીતે સરલ સ્વભાવ અને નિઃસ્વાર્થ ભાવથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને એ બે ગુણો જીવોને ચારે ગતિમાં સન્ની પર્યાપ્તા જીવોને પ્રાપ્ત થઇ શકે છે.

પુણ્યાનુબંધિ પુણ્ય બાંધવા માટે જ્ઞાની ભગવંતો એ મુખ્યતયા ચાર કારણો કહેલા છે.

(૧) પ્રાણીઓની દયા, (૨) નિઃસ્વાર્થ ભાવે માતા પિતાની સેવા, (૩) જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ અને (૪) ગ્રંથીભેદ પછીનું સમકીતી જીવોનું જીવન.

પૃથ્વીકાય-અપ્‌કાય-તેઉકાય-વાયુકાય. આ ચાર પ્રકારના જીવોને સત્વ જીવો કહેવાય છે. વનસ્પતિકાયના જીવોને ભૂત જીવો કહેવાય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય જીવોને જીવ કહેવાય છે અને પંચેન્દ્રિય જીવોને પ્રાણ કહેવાય છે.

પાંચસો ત્રેસઠ જીવોની અપેક્ષાએ

પૃથ્વીકાયના-૪, અપકાયના-૪, તેઉકાયના-૪ અને વાયુકાયના-૪ એમ સોળ ભેદનો સત્વ કહેવાય છે. વનસ્પતિને વિષે સાધારણ વનસ્પતિના ચાર અને પ્રત્યેક વનસ્પતિકાયના બે એમ છ જીવોને ભૂત કહેવાય છે. બેઇન્દ્રિયના બે, તેઇન્દ્રિયના બે, ચઉરીન્દ્રિયના બે એ છ જીવોને જીવ કહેવાય છે અને નારકીના-ચૌદ પંચેન્દ્રિય તિર્યંચના-વીશ-મનુષ્યના ત્રણસો ત્રણ તેમજ દેવોના એકસો અઠ્ઠાણું એમ પાંચસો પાંત્રીશ જીવભેદોને પ્રાણ કહેવાય છે. આ રીતે જ્ઞાની ભગવંતોએ જીવોનું વર્ણન કરેલ છે.

સત્વ જીવોની હિંસા કરતાં નાનામાં નાના ભૂતની હિંસામાં અનંત ગુણ અધિક પાપ લાગે છે. ભૂતની હિંસા કરતા નાનામાં નાના બેઇન્દ્રિય જીવની હિંસા કરતાં અસંખ્યગુણ અધિક પાપ લાગે છે એના કરતા નાનામાં નાના તેઇન્દ્રિય જીવની હિંસામાં લાખગણું અધિક પાપ લાગે છે એના કરતા નાનામાં નાના ચઉરીન્દ્રિય જીવની હિંસા કરતાં હજારગણું અધિક પાપ લાગે છે અને એના કરતાં નાનામાં નાના પંચેન્દ્રિય જીવની હિંસા કરતાં એટલે કે પ્રાણની હિંસા કરતાં સો ગણું અધિક પાપ લાગે છે. કારણ કે એનો પરિણામ વધારેને વધારે તીવ્ર બનતો જાય છે એટલે કે હિંસા કરવા માટેનો પરિણામ જોરદાર બનતો જાય છે.

સન્ની પર્યાપ્તા જીવો પ્રાણીઓ પ્રત્યેની સેવા કરવામાં જ પોતાનું જીવન પસાર કરે અને એમાં નામના, કીર્તિ, પ્રતિષ્ઠા આદિનો ભાવ ન હોય અને અંતરમાં નિ:સ્વાર્થ ભાવ પેદા થયેલો હોય તો તે જીવો પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરે છે. અર્થાત્ એ બાંધવાની શરૂઆત કરે છે.

મનુષ્યપણામાં માતા પિતાને પોતાના ઉપકારી માનીને એમની જેટલી સેવા કરીએ એટલી ઓછી છે એમ વિચારીને, એ સેવાના બદલામાં કોઇ ચીજ લેવાની ભાવના ન હોય, માતા પિતાની સેવાથી પોતાની નામના, કીર્તિ, પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય એવી ભાવના પણ ન હોય તથા બીજી કોઇ અપેક્ષા પણ આલોકના સુખની કે પરલોકના સુખની ન હોય એવા જીવો સેવા કરતાં કરતાં પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરતા જાય છે.

એવી જ રીતે દેવ-ગુરૂ-ધર્મની આરાધના કરતા કરતા અથવા આરાધના વગર ઓઘદ્રષ્ટિમાં રહેલા જીવો પાપથી દુ:ખજ આવે, પુણ્યથી જ સુખ મલે આવી શ્રધ્ધા પેદા થયેલી હોય અને એ શ્રધ્ધાના પ્રતાપે પોતાનું જીવન જીવતા જાય એ જીવન જીવતા જીવતા વિચારણા પણ કરતા જાય કે આટલી શ્રધ્ધા ઓઘરૂપે હોવા છતાં જગતના જીવો પાપ કરે તો શા માટે કરે છે ? એ વિચારણા કરતાં ખ્યાલ આવે છે કે જીવો જે પાપ કરે છે તે સુખ મેળવવા માટે, મળેલા સુખને ભોગવવા માટે, સુખ વધારવા માટે, સુખ ટકાવવા માટે, સુખ સાચવવા માટે અને મળેલું સુખ કાયમ ટક્યું રહે એ માટે, ચાલ્યુ ન જાય એ માટે, પાપ કર્યા કરે છે તો જે સુખ પુણ્યથી મળનારૂં હોવા છતાં જીવોને પાપની ઇચ્છાઓ-પાપના વિચારો તેમજ પાપનો પ્રવૃત્તિ કરાવ્યા કરે છે તો એ સુખ પાપ કરાવીને આત્માને દુ:ખ આપનાર બને છે તો પછી એ સુખ વાસ્તવિક સુખ ગણાય નહિ પણ આત્માને માટે અકલ્યાણ કરનારું ગણાય છે. આ વિચારણા વારંવાર કરતા કરતા પોતાના એ સંસ્કાર દ્રઢ કરના, મિથ્યાત્વની મંદતા કરતા જાય છે અને પોતાના આત્મામાં રહેલા રાગાદિ પરિણામને ઓળખીને એનો ઢાળ બદલતા બદલતા મંદ કરતા જાય છે અને એટલે અંશે આત્માને રાગાદિ પરિણામથી અલિપ્ત કરતા જાય છે એને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ કહેવાય છે.

આ વૈરાગ્યની શરૂઆત થાય ત્યારથી જીવને પુણ્યાનુબંધિ પુણ્ય બંધની શરૂઆત થાય છે. આ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાણીઓના દયા અને નિ:સ્વાર્થ ભાવે માતા પિતાની સેવાથી જે પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે એનાથી ચઢીયાતું હોય છે એટલે વિશિષ્ટ પ્રકારનું હોય છે. એ પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાની સાથે અંતરમાં કર્મક્ષય કરવાની ભાવના હોવાથી અશુભ કર્મોની નિર્જરા સકામ નિર્જરા રૂપે ચાલુ થાય છે એટલે કે બંધાયેલો અશુભ કર્મોનો તીવ્રરસ તે રસ પરાવર્તન થઇને જઘન્ય રસરૂપે થાય છે એટલે મંદરસવાળો થાય છે એને સકામ નિર્જરા કહેવાય છે. અકામ નિર્જરાને વિષે અશુભ કર્મોનો બંધાયેલો તીવ્રરસ એની તીવ્રતા ઓછી થાય એમ બને એને અકામ નિર્જરા કહેવાય છે. જેમકે સકામ નિર્જરા કરનારા જીવોને અશુભ કર્મોનો રસ ચાર ઠાણીયા ભોગવવા લાયક રૂપે સત્તામાં રહેલો હોય તે બે ઠાણીયા

જેવો થાય છે એટલે તે રસની તીવ્રતા નાશ પામી બે ઠાણીયા જેવો થઇ શકે છે. જ્યારે અકામ નિર્જરા કરનારા જીવને અશુભ પ્રકૃતિનો ચાર ઠાણીયો રસ ભોગવવા લાયક સત્તામાં રહેલો હોય તે તીવ્રતા રૂપે રહેલો હોય તો તેની તીવ્રતા ઓછી કરીને મધ્યમ રસે ચાર ઠાણીયા જેટલો રાખે છે તે અકામ નિર્જરા કહેવાય છે.

વૈરાગ્ય ભાવ પેદા થતો જાય એમ જીવ સમયે સમયે સકામ નિર્જરા કરતો જાય છે અને પુણ્યાનુબંધિ પુણ્ય બંધ કરતો જાય છે. એટલે કે શુભ પ્રકૃતિઓ અનુબંધ પૂર્વક બાંધે છે અને એની સાથે બંધાતી અશુભ પ્રકૃતિઓ મંદરસે બંધાતી જાય છે અને અનુબંધ વગર બંધાતી જાય છે.

વૈરાગ્ય ભાવની સાથે સરળ સ્વભાવ અને નિઃસ્વાર્થ ભાવમાં ખામી પેદા થતી જાય એટલે કે સરલ સ્વભાવની સાથે માયા પેદા થતી જાય અને એ માયા ગમતી જાય તો બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ અનુબંધ રૂપે બંધાતો હોવા છતાં સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિઓના રસની સાથે કે જે અશુભ પ્રકૃતિઓ વર્તમાનમાં બંધાતી નથી એ પ્રકૃતિઓમાં શુભ પ્રકૃતિઓનો રસ સંક્રમીત થતો જાય છે અને નિકાચિત રૂપે પણ બનાવતો જાય છે. આ રીતે પહેલા-ચોથા-પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકે જીવોના પરિણામથી થઇ શકે છે. જેમકે મલ્લિનાથ ભગવાનના આત્માએ છઠ્ઠા ગુણસ્થાનકે રહીને કે જેઓ નિરતિચાર ચારિત્રનું પાલન કરી રહ્યા છે, જિનનામ કર્મ નિકાચીત કરી રહ્યા છે એનો બંધ પણ ચાલુ છે એવા ઉંચી કોટિના પરિણામમાં રહેલા હોવા છતાં પોતાના મિત્ર મુનિ ભગવંતની સાથે પોતે પણ તપ કરે છે. ગુરૂ ભગવંત મિત્રોના તપની પ્રશંસા કરે છે પણ પોતાના આત્માની પ્રશંસા કરતા નથી. એ પ્રશંસા કરાવવાના હેતુથી પારણાના દિવસે કાંઇકને કાંઇક બ્હાનુ કાઢીને ગુરૂ ભગવંતની પાસે રજુઆત કરી ઉપવાસ આદિનું પચ્ચક્ખાણ માગે છે, ગુરૂ ભગવંત આપે છે. આ રીતે તપ કરવામાં જે માયા કરી એ માયાના પ્રતાપે છઠ્ઠા ગુમસ્થાનકે શુભ પ્રકૃતિરૂપે પુરૂષવેદ તીવ્રરસે બાંધે છે એ પુરૂષ વેદનો રસ સત્તામાં રહેલા સ્ત્રીવેદના સંક્રમીત કરતો જાય છે અને સ્ત્રીવેદને નિકાચીત કરતો જાય છે. એ નિકાચીત થયેલ સ્ત્રીવેદનો ઉદય એ આત્માના તેત્રીશ સાગરોપમ કાળ સુધી પુરૂષવેદનો ભોગવટો કરે છે છતાં પણ સ્ત્રીવેદનો રસ સંક્રમીત થઇ શકતો નથી અને મનુષ્યપણામાં સ્ત્રી તીર્થંકર રૂપે ઉત્પન્ન થયા અર્થાત્ વિપાકોદયથી અથવા રસોદયથી સ્ત્રીવેદનો ભોગવટો કરતા થયા.

આ રીતે પ્રદેશોની વહેંચણી કરતો એકેન્દ્રિયમાંથી શરૂ કરી સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણું કે તિર્યંચપણું પ્રાપ્ત કરે અને એ સન્ની જીવો પુરૂષાર્થ કરીને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા કરે ત્યારથી જીવને વાસ્તવિક રીતે નિર્જરાનું ફળ અને સંવરનું ફળ પ્રાપ્ત થતું જાય છે. સંવર નિર્જરા કરતો કરતો આવતા કર્મોમાં અશુભ પ્રકૃતિઓના રસનું રોકાણ કરતો જાય છે એટલે કે હવેથી જે પ્રકૃતિઓ સમયે સમયે બંધાય તે પ્રકૃતિઓમાં બંધાતી શુભ પ્રકૃતિઓના પુદ્ગલો વિશેષ બંધાતા જાય છે અને ગુણસ્થાનક પ્રત્યયિક બંધાતી અશુભ પ્રકૃતિઓના પુદ્ગલો ઓછા બંધાતા જાય છે આને આશ્રવનો નિરોધ કહેવાય છે. એટલે કે આવતા અશુભ કર્મોનું એટલું રોકાણ કર્યું એની શરૂઆત કરી એમ કહેવાય છે.

જ્યાં સુધી આવતા અશુભ કર્મોને જીવ અટકાવે નહિ ત્યાં સુધી વૈરાગ્ય ભાવ પેદા થઇ શકે નહિ. સંપૂર્ણ આવતા કર્મનું રોકાણ ચૌદમા ગુણસ્થાનકે જીવ પ્રાપ્ત કરે છે. જો જીવ ચૌદમા ગુણસ્થાનકને પામવાનું લક્ષ્ય પેદા કરતો જાય તો જ પહેલા ગુણસ્થાનકે આવતા કર્મોને (અશુભ કર્મોને) રોકો શકે છે.

જ્યાં સુધી ચૌદમા ગુણસ્થાનકનું લક્ષ્ય પેદા ન થાય ત્યાં સુધી જીવોને અશુભ કર્મોનું જોર વધારે

હોય છે. અને શુભ કર્મોનું જોર ઓછું હોય છે જેના કારણે એ જીવો સદા માટે અશુભ કર્મોના ઉદય કાળમાં અટવાયેલા રહે છે.

આ સ્વભાવના કારણે એટલે કે અશુભ કર્મોના જોરના કારણે લાભાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી જે કાંઇ અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય એમાં સંતોષ પેદા થવાને બદલે સદા માટે અસંતોષની આગ અંતરમાં ચાલુ જ રહે છે. એવી જ રીતે ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી ભોગવવા યોગ્ય અને વારંવાર ભોગવી શકે એવી સામગ્રી હોવા છતાંય એક સાથે સંપૂર્ણપણે ભોગવવાની ઇચ્છા પેદા થતી જ નથી કારણ કે જો એક સાથે ભોગવી લઇશ તો કાલે શું કરીશ જો એ નહિ મલે તો પછી શું થશે ? ફરીથી ક્યાંથી અને કેવી રીતે લાવીશ. આવા વિચારોને આધીન થઇ મળેલી સામગ્રીનો પણ ભોગવટો કરી શકતો નથી અને સંગ્રહ કરવાની વૃત્તિ એટલે વિચારધારા અંતરમાં ચાલુ થાય છે અને આવા અશુભ વિચારોના કારણે સામગ્રીનો ભોગવટો કરવા છતાંય જીવને સુખની અનુભૂતિ પેદા થતી નથી કારણ કે એ સામગ્રીને ભોગવતાં ભોગવતાં પણ જીવને ભવિષ્યની વિચારણાઓ પેદા થતી જાય છે આથી એ વિચારણાઓ ભાગવવામાં અંતરાયભૂત થાય છે આને જ્ઞાની ભગવંતો ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મનો ઉદય કહે છે એટલે ઉદયભાવ ચાલુ છે એમ કહેવાય છે.

જેમકે નવમા ગ્રૈવેયકનું અહમ ઇન્દ્રપણાનું સુખ મલે અને એ સુખની સામગ્રીને ભોગવવા છતાં પણ મને એકલાને મળવું જોઇતું આ સુખ બીજાને શા માટે મલ્યું ? ઇત્યાદિ ઇર્ષ્યાના અનેક પ્રકારના વિચારો કરી સુખનો આસ્વાદ મેળવી શકતો નથી અને સુખાભાસ રૂપે ભોગવતા ભોગવતા ઇર્ષ્યાદિ ભાવોથી મ્લેચ્છાદિ જાતિવાળા અનાર્ય ક્ષેત્રને વિષે ઉત્પન્ન થવા લાયક મનુષ્યગતિ આદિ બાંધીને મનુષ્યપણું પામે છે અને પછી સંસારમાં પરિભ્રમણ કરવા માટે ચાલતો થાય છે.

## સ્થિતિ બંધનું વર્ણન

મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ દ્વારા જીવ જેમ કર્મબંધ કરે છે તેમ પ્રધાનપણે યોગ દ્વારા ગ્રહણ કરેલા પુદ્‌ગલોમાં કર્મનો સ્વભાવ પ્રાપ્ત કરી કર્મરૂપે બનાવે છે. એવી રીતે પ્રદેશોનું ગ્રહણ જીવ યોગ દ્વારા કરે છે, કષાયથી જીવ સ્થિતિ બંધ કરે છે અને લેશ્યા સહિત કષાયથી જીવ રસબંધ કરે છે.

આ કારણે એક સ્થિતિ બંધના અધ્યવસાય સ્થાનમાં અસંખ્યાતા લોકાકાશના આકાશ પ્રદેશોની સંખ્યા જેટલા રસબંધના અધ્યવસાય સ્થાનો હોય છે.

મિથ્યાત્વાદિ હેતુઓથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી કર્મરૂપે બનાવી એ પુદ્‌ગલોના સાત અથવા આઠ કર્મરૂપે સ્વભાવ બનાવી એ પુદ્‌ગલો આત્માની સાથે અથવા આત્મપ્રદેશોની સાથે કેટલા કાળ સુધી રહેશે એ જે નક્કી કરવું એને જ્ઞાની ભગવંતો સ્થિતિ કહે છે અર્થાત્ સ્થિતિબંધ કહેવાય છે.

ઉદ્‌વર્તના અને અપવર્તના હંમેશા સ્થિતિ અને રસની થાય છે પણ પ્રકૃતિ કે પ્રદેશની થતી નથી. બધાયેલા દરેક કર્મોની સ્થિતિ એક સરખી હોતી નથી કારણ કે સામાન્ય પણે નિયમ એવો છે કે બંધાયેલા કર્મના પુદ્‌ગલો એક આવલિકા કાળ પછી ઉદયમાં અવશ્ય આવે છે.

બંધાયેલા કર્મના પુદ્‌ગલોને ઉદયમાં લાવવા માટેની ગોઠવણ કરવામાં આવે છે એમાં પહેલા સમયે અધિક પુદ્‌ગલોની ગોઠવણ થાય, બીજા સમયે એનાથી ઓછા પુદ્‌ગલોની ગોઠવણ થાય એમ ક્રમસર સમયે સમયે ઓછા ઓછા પુદ્‌ગલોની ગોઠવણ જેટલા કાળ સુધી આત્માની સાથે એ પુદ્‌ગલો રહેવાના હોય

તેટલા કાળ સુધીની ગોઠવણ કરતો જાય છે. આ ગોઠવણ રૂપે રહેલા પુદ્ગલોને નિષેક રચના કહેવાય છે.

નિષેક રચના રૂપે ગોઠવાયેલા પુદ્ગલો જેવા રસે બાંધેલા હોય એવા રસે જ ઉદયમાં ભોગવવા રૂપે ગોઠવાય છે. એટલે કે વિપાકોદયથી અથવા રસોદયથી ભોગવવા લાયક એ પુદ્ગલો બને છે. એમાંના કેટલાક પુદ્ગલોને પોતાના પરિણામના અધ્યવસાયથી વિપાકથી ભોગવવા લાયક પુદ્ગલોને પ્રતિપક્ષી રૂપે ભોગવાય એવા કરે છે એટલે કે પ્રદેશોદયથી ભોગવવા લાયક બનાવે છે જેમકે નરકગતિના પુદ્ગલો વિપાકથી ભોગવવા યોગ્ય હોય તે પુદ્ગલોને મનુષ્યગતિ રૂપે તિર્યંચગતિ રૂપે અથવા દેવગતિ રૂપે બનાવીને ભોગવીને નાશ કરે એ પ્રદેશોદયથી ભોગવટો કહેવાય છે. એવી જ રીતે કેટલાક પુદ્ગલો લાંબાકાળે ભોગવવા યોગ્ય હોય એને નજીકના કાળમાં ભોગવાય એવા બનાવે છે એટલે કે લાંબાકાળને બદલે નજીકના કાળમાં ભોગવાય એવા બનાવવા એને અપવર્તના કહેવાય છે. એવી જ રીતે નજીકમાં ભોગવવા યોગ્ય પુદ્ગલોને લાંબા કાળે ભોગવવા યોગ્ય બનાવવા અને એ રીતે ગોઠવણ કરવી એને ઉદ્વર્તના કહે છે.

એવી જ રીતે કેટલાક પુદ્ગલો પોતાના વિપાકના ઉદયની સાથે થોડા કાળ પછી ઉદયમાં આવવાના હોય એને તત્ કાળ ઉદયાવલિકામાં લાવીને, ભોગવીને નાશ કરવા એને ઉદીરણા કહે છે. આ રીતે કર્મની બંધાયેલી સ્થિતિના ભોગવવાના પોતાના પરિણામથી અથવા અધ્યવસાયથી આટલા વિભાગો પેદા થાય છે.

કર્મો વિપાકોદય અથવા રસોદય-પ્રદેશોદય ઉદ્વર્તના દ્વારા અપવર્તના દ્વારા ઉદીરણા દ્વારા ભોગવાય છે.

એકેન્દ્રિય જીવો સમયે સમયે જઘન્યથી એક સાગરોપમ સ્થિતિ બંધમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કરે છે અને ઉત્કૃષ્ટથી એક સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરે છે.

એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલો જે સમયે એક સાગરોપમ કાળ સુધી ભોગવાય એટલી સ્થિતિ વાળા બંધાય છે એટલે એ પુદ્ગલો સમયે સમયે ક્રમસર ઓછા ઓછા કરતા કરતા છેલ્લા પુદ્ગલો એક સાગરોપમના છેલ્લા સમયે ભોગવાય એ રીતે ગોઠવણ રૂપે થાય તે સ્થિતિબંધ કહેવાય છે. બીજા સમયે જે પુદ્ગલો સ્થિતિબંધ રૂપે બંધાય તે એ સમયે અધિક પછી ઓછા ઓછા કરતા કરતા એક સાગરોપમના પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા સમયો સુધી ગોઠવાય છે. આ રીતે સમયે સમયે જઘન્ય સ્થિતિ બંધ કરતો જીવ એક સાગરોપમના શરૂઆતના એક એક સમય ઓછા કરતા કરતા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયોમાં એક એક સમય અધિક અધિક રૂપે એ પુદ્ગલોની ગોઠવણ થતી જાય છે. આ રીતે પુદ્ગલોની ભોગવવા માટેની રચના કરવી તે નિષેક રચનાકાળ કહેવાય છે.

બેઇન્દ્રિય જીવો મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ પચ્ચીશ સાગરોપમ કાળનો કરે છે અને સમયે સમયે જઘન્ય સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધમાંથી પલ્યોપમનો સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કર્યા કરે છે.

તેઇન્દ્રિય જીવો મિથ્યાત્વ મોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પચાસ ગણો એટલે કે પચાસ સાગરોપમ જેટલો કરે છે અને જઘન્યથી પચાસ સાગરોપમમાંથી સંખ્યાતમો ભાગ એટલે પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિબંધ કરે છે.

ચઉરીન્દ્રિય જીવો મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ એકેન્દ્રિય જીવો કરતાં સો ગણો અધિક એટલે સો સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરે છે અને જઘન્યથી સો સાગરોપમ સ્થિતિ બંધમાંથી

પલ્યોપમનો સંખ્યાતમા ભાગ જેટલો ઓછો સ્થિતિ બંધ કરે છે.

અસન્ની પંચેન્દ્રિય જીવો મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ એક હજાર સાગરોપમ કાળ જેટલો બાંધે છે અને જઘન્ય સ્થિતિ બંધ એક હજાર સાગરોપમમાંથી પલ્યોપમનો સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિ બંધ કરે છે.

સન્ની પંચેન્દ્રિય જીવો સમયે સમયે જઘન્યથી એક કોટાકોટી સાગરોપમ કાળ જેટલી સ્થિતિમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિબંધ કે જે સ્થિતિબંધને અંતઃ કોટાકોટી સાગરોપમકાળ જેટલો સ્થિતિ બંધ કહેવાય છે. એટલો સ્થિતિબંધ કર્યા જ કરે છે અને સન્ની પર્યાપ્તા જીવો મોહનીય કર્મનો એટલે મિથ્યાત્વ મોહનીયનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સીત્તેર કોટાકોટી સાગરોપમ કાળ જેટલો બાંધે છે. જ્ઞાનાવરણીય કર્મ-દર્શનાવરણીય કર્મ-વેદનીય કર્મ અને અંતરાય કર્મ આ ચાર કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ ત્રીશ કોટાકોટી સાગરોપમ કાળ જેટલો કર્યા કરે છે. નામ અને ગોત્ર કમંનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સન્ની પર્યાપ્તા જીવો વીશ કોટાકોટી સાગરોપમ કાળ જેટલો બાંધે છે.

આયુષ્ય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ તેત્રીશ સાગરોપમ કાળ જેટલો હોય છે.

કષાય મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાલીશ કોટાકોટી સાગરોપમ કાળ જેટલી હોય છે.

નોકષાય મોહનીય કર્મનો ઉત્કૃટ સ્થિતિ બંધ વીશ કોટાકોટી સાગરોપમ કાળ જેટલો હોય છે.

જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મ આ ત્રણ કર્મનો જઘન્ય સ્થિતિ બંધ દશમા ગુણસ્થાનકમાં રહેલા ક્ષપક શ્રેણિવાળા જીવોને આશ્રયીને એક અંતર્મુહૂર્તનો હોય છે જ્યારે ક્ષપક શ્રેણિવાળા જીવો સિવાયના બાકીના જીવોને આશ્રયીને વિચાર કરીએ તો એકેન્દ્રિયાદિ જીવોનો જે જઘન્ય સ્થિતિ બંધ કહેલો છે એ પ્રમાણે સમજવો.

વેદનીય કર્મનો જઘન્ય સ્થિતિ બંધ દશમા ગુણસ્થાન કે ક્ષપક શ્રેણિવાળા જીવોને બાર મુહૂર્તનો હોય છે એટલે એટલો જઘન્ય સ્થિતિ બંધ જાણવો. ક્ષપક શ્રેણિ વાળા જીવો સિવાય બાકીના જીવોને માટે એકેન્દ્રિય આદિ જીવોનો જઘન્ય સ્થિતિબંધ કહેલો છે એ પ્રમાણે સમજવો.

મોહનીય કર્મનો જઘન્ય સ્થિતિબંધ નવમા ગુણસ્થાનકના છેલ્લા સમયે ક્ષપક શ્રેણિવાળા જીવો એક અંતર્મુહૂર્તનો કરે છે માટે એક અંતર્મુહૂર્તનો ગણાય છે.

ક્ષપકશ્રેણિ સિવાયના જીવોને આશ્રયીને એકેન્દ્રિયાદિ જીવોનો જે પ્રમાણે સ્થિતિબંધ જઘન્યરૂપે કહેલો છે એ પ્રમાણે જાણવો. (સમજવો.)

નામ અને ગોત્ર કર્મનો જઘન્ય સ્થિતિ બંધ દશમા ગુણસ્થાનકમાં રહેલા ક્ષપક શ્રેણીવાળા જીવો આઠ મુહૂર્તનો કરે છે. જ્યારે ક્ષપક શ્રેણિ સિવાયના એકેન્દ્રિયાદિ જીવોનો જઘન્ય સ્થિતિબંધ જે પ્રમાણે કહેલો છે તે પ્રમાણે સમજવો.

દરેક કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સન્ની પર્યાપ્તા જીવો પહેલા ગુણસ્થાનકમાં તીવ્ર કષાયમાં વિદ્યમાન હોય એટલે રહેલા હોય એટલે કે સંકલેશ અધ્યવસાયમાં વિદ્યમાન હોય ત્યારે બાંધે છે.

જ્યારે જીવો મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરતા હોય ત્યારે આયુષ્ય કર્મ સિવાય બાકીના છએ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નિયમા બાંધે છે.

જ્યારે જીવો મોહનીય કર્મ સિવાય બાકીના છ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિબંધ એટલે છએ કર્મોમાંથી કોઇપણ એક કર્મની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરતા હોય ત્યારે બાકીના કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે જ

એવો નિયમ હોતો નથી. મધ્યમ સ્થિતિનો પણ બંધ કરી શકે છે.

જેમકે કોઇ જીવ જ્ઞાનાવરણીય કર્મની ત્રીશ કોટાકોટી સાગરોપમ જેટલી સ્થિતિ બાંધતો હોય તો તે વખતે બંધાતી દર્શનાવરણીય કર્મ- વેદનીય કર્મ-નામકર્મ-ગોત્રકર્મ કે અંતરાય કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરવાને બદલે મધ્યમ સ્થિતિ બંધ પણ કરે છે તેમજ મોહનીય કર્મનો પણ મધ્યમ સ્થિતિ રૂપે બંધ કરી શકે છે. કારણ કે જ્ઞાનાવરણીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા જીવોને તીવ્ર સંક્લેશનો પરિણામ હોતો નથી.

જ્યારે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જીવોને બંધાતી હોવાથી તે વખતે જીવો તીવ્ર કષાયમાં વિધમાન હોય છે માટે બાકીના છ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ નિયમા બાંધે છે અર્થાત્ બંધાય છે.

ગ્રંથી દેશે આવેલા જીવોમાં એટલે કે અનાદિ યથાપ્રવૃત્તિ કરણે આવેલા જીવોમાં અભવ્ય જીવો જે આવેલા હોય છે તે બીજા જીવો કરતાં અંતઃ કોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિ બંધ ઉત્કૃષ્ટથી કરે છે એમ જ્ઞાની ભગવંતો કહે છે કે એ જીવોનું તથા ભવ્યત્વ સદા માટે અભવ્ય રૂપે રહેલું હોય છે આથી જ્ઞાની ભગવંતો કહે છે કે અભવ્ય જીવો કદી ભવ્ય થાય નહિ અને ભવ્ય જીવો કદી અભવ્ય થાય નહિ.

એ અભવ્ય જીવો કરતાં દુર્ભવ્ય જીવો જે ગ્રંથી દેશે આવેલા હોય છે એ જીવો અંતઃ કોટાકોટી સાગરોપમ સ્થિતિનો બંધ વિશેષ હીન રૂપે (આછો) કરે છે. એના કરતાં ગ્રંથીદેશે આવેલા ભારેકર્મી જીવો અંતઃ કોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિ બંધ વિશેષ હીન એટલે ઓછો કરે છે.

એના કરતાં લઘુકર્મી ભવ્ય જીવો જે ગ્રંથીદેશે આવેલા હોય છે એમનો અંતઃ કોટાકોટી સાગરોપમનો સ્થિતિ બંધ વિશેષ હીન હોય છે અટલે ઓછો હોય છે કારણ કે આ દરેક જીવોનું તથા ભવ્ય ફેરફાર વાળું હોય છે માટે સ્થિતિ બંધમાં ફેરફાર થાય છે. આ રીતે અંતઃ કોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિબંધ જઘન્ય રૂપે આઠમા ગુણસ્થાનકમાં રહેલા જીવો કરે છે. બાકીના વચલા ગુણસ્થાનકોમાં અંતઃ કોટાકોટી સાગરોપમ જેટલો સ્થિતિબંધ સમયે સમયે અસંખ્યગુણ અસંખ્યગુણ હીન રૂપે બંધાય છે.

આથી અંતઃ કોટાકોટી સાગરોપમ સ્થિતિ બંધના સ્થાનો અસંખ્યાતા થાય છે.

સામાન્ય રીતે બંધમાં રહેલી એકસોવીશ પ્રકૃતિઓમાંથી તિર્યંચાયુષ્ય મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય આ ત્રણ પ્રકૃતિઓનો બંધ તત્પ્રાયોગ્ય વિશુધ્ધિથી થાય છે એટલે કે જીવોને જ્યારે તેવા પ્રકારના વિશુધ્ધિના પરિણામ ચાલતા હોય ત્યારે બંધાતી હોય છે એ સિવાયની એકસો અને સત્તર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અશુભ હોવાથી તેવા તેવા પ્રકારના તીવ્ર સંક્લેશથી બંધાય છે એટલે કે કષાયથી બંધાય છે.

એકસો સત્તર પ્રકૃતિઓના નામો

જ્ઞાના. ૫, દર્શના. ૯, વેદ. ૨, મોહ. ૨૬, આયુ. ૧, નામ. ૬૭, ગોત્ર. ૨, અંત. ૫ = ૧૧૭

મોહનીય-૨૬, અનંતાનુબંધિ ૧૬ કષાય હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા-પુરૂષવેદ-સ્ત્રીવેદ-નપુંસક વેદ અને મિથ્યાત્વ.

આયુ.૧ નરકાયુષ્ય

નામ-૬૭. પિંડપ્રકૃતિ-૩૯, પ્રત્યેક-૮, ત્રસ-૧૦, સ્થાવર-૧૦, પિંડપ્રકૃતિ-૩૯, ૪ ગતિ, ૫ જાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૪ વર્ણાદિ, ૪ આનુપૂર્વી અને ૨ વિહાયોગતિ.

પ્રત્યેક-૮. પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉધોત, અગુરૂ લઘુ, જિનનામ, નિર્માણ ઉપઘાત.

ત્રસ-૧૦. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ.

સ્થાવર-૧૦. સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

ગોત્ર-૨. ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર.

આ રીતે ૧૧૭ પ્રકૃતિઓ જાણવી.

(૧) જિનનામ કર્મ શુભ પ્રકૃતિ અને ઉચ્ચ રૂપે પુણ્ય પ્રકૃતિ ગણાતી હોવા છતાં જ્ઞાની ભગવંતોએ એની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ અશુભ રૂપે કહેલો છે કારણ કે કષાયની તીવ્રતાથી થાય છે.

જિનનામ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ આ પ્રમાણે જીવોને થઇ શકે છે.

જે જીવો મનુષ્યગતિમાં પહેલા ગુણસ્થાનકે નરકનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરે અને એ સમકીતના કાળમાં પહેલા સંઘયણવાળા હોય આઠ વરસની ઉપરની ઉંમર હોય તથા જિનનો એટલે કેવલી ભગવંતનો કાળ હોય તો તે વખતે આ જીવો પુરૂષાર્થ કરીને જિનનામ કર્મનો બંધ કરતાં કરતાં જિન નામકર્મની નિકાચના કરે. નિકાચના કર્યા પછી એ જીવો સમયે સમયે જિનનામ કર્મનો બંધ કર્યા જ કરે છે તેમજ નિકાચના કર્યા પછી એક અંતર્મુહૂર્તે એ જીવોને જિનનામ કર્મનો પ્રદેશોદય ચાલુ થઇ જ જાય છે એટલે કે એ જીવોનો યશ. સુભગ નામકર્મ આદિ શુભ પ્રકૃતિઓમાં જિનનામ કર્મના પુદ્ગલો સંક્રમીત થતાં થતાં એ યશ આદિ પ્રકૃતિઓ ઉદયમાં સતેજ રૂપે ચાલુ થાય છે. આ રીતે જિનનામ કર્મ નિકાચીત કરીને પોતાના ભોગવાતા આયુષ્યનું છેલ્લું અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે એ જીવો સમકીતથી પડીને મિથ્યાત્વને પ્રાપ્ત કરતા હોય તે વખતે ચોથા ગુણસ્થાનકના છેલ્લા સમયે મિથ્યાત્વ જવાના કષાયવાળો હોવાથી એ તીવ્ર કષાયવાળો કહેવાય છે તે વખતે આ જીવ જિનનામ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે અને એ ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરો મિથ્યાત્વને પામે છે ત્યાં આયુષ્ય પૂર્ણ કરી નરકમાં ઉત્પન્ન થાય છે ત્યાં પર્યાપ્ત થતાની સાથે જ ક્ષયોપશમ સમકીતની પ્રાપ્તિ કરે છે અને જિનનામના બંધની શરૂઆત કરે છે. આવા જીવોને જ મનુષ્યગતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ થાય છે.

આહારક શરીર-આહારક અંગોપાંગ સાતમા ગુણસ્થાનકમાં રહેલા જીવો તેમજ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગમાં રહેલા બાંધી શકે છે તેમાં સાતમા ગુણસ્થાનકમાં રહેલા જીવો છઠ્ઠા ગુણસ્થાનકની સન્મુખ થયેલા હોય એવા જીવો સાતમા ગુણસ્થાનકના છેલ્લા સમયે આહારક શરીર આહારક અંગોપાંગનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે છે.

બાકીની શુભ અથવા અશુભ પ્રકૃતિઓ પહેલા ગુણસ્થાનકમાં બંધાતી હોવાથી જ્યારે જ્યારે જીવો એટલે સન્ની પર્યાપ્તા જીવો તેવા તેવા પ્રકારના પ્રકૃતિઓને બંધ યોગ્ય તીવ્ર કષાયમાં વિદ્યમાન હોય ત્યારે તે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે છે.

આ રીતે અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો એકેન્દ્રિયપણામાં રહીને દુઃખ વેઠતા વેઠતા અકામ નિર્જરા કરતા કરતા સન્ની મનુષ્યપણું કે સન્ની તિર્યંચપણાને પ્રાપ્ત કરતા જાય એ મનુષ્ય-તિર્યંચપણામાં ઉત્કૃષ્ટ કષાય દ્વારા પ્રકૃતિઓની એટલે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા જાય એ બાંધીને સત્તા પ્રાપ્ત કરી ફરી પાછા એ સ્થિતિને ભોગવવા માટે એકેન્દ્રિયમાં જાય ત્યાં પાછા દુઃખ વેઠતા વેઠતા અકામ નિર્જરા કરતા કરતા અને પુણ્ય બાંધતા બાંધતા સન્ની મનુષ્ય અને તિર્યંચપણાને પ્રાપ્ત કરે ત્યાં પાછા ઉત્કૃષ્ટ કષાયથી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરે. આ રીતે પાછા ભોગવવા માટે એકેન્દ્રિયમાં જાય. આ રીતે જીવને વારંવાર કરતાં કરતાં અનંતો કાળ પસાર થયો છે અને અમાં અનંતી વાર ઉત્કૃષ્ટ સ્થિતિનો

બંધ કરતો જાય છે અને ંસસારમાં પરિભ્રમણ કરતો જાય છે છતાં જીવ જરાય થાકતો નથી અને આ રીતે અનંતો કાળ પસાર કરીને આવ્યો છે.

## જઘન્ય સ્થિતિબંધનું વર્ણન

એકેન્દ્રિયથી અસન્ની પંચેન્દ્રિય સુધીના જીવોને જઘન્ય સ્થિતિબંધ મિથ્યાત્વની એટલે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોટાકોટીની હોય છે એ સ્થિતિની સાથે જ્ઞાનાવરણીય આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે કહેલી છે એને ભાગવાથી જે સ્થિતિ આવે તે તે તે જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ ગણાય છે જેમકે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિત ૩૦ કોટાકાટી સાગરોપમની હોય છે એને મોહનીયની ઉત્કૃષ્ટ સીત્તેર (૭૦) કોટાકોટી સ્થિતિથી ભાગતાં એટલે ૩૦ કોટાકોટી/૭૦ કોટાકોટી = ૩/૭ જવાબ આવે એટલે કે એક સાગરોપમના સાત ભાગ કરતાં ત્રણ ભાગ જેટલી સ્થિતિ એટલે ૩/૭ સાગરોપમ જેટલી સ્થિતિ તે એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધરૂપે ગણાય છે એમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ ઓછી કરીએ તે એકેન્દ્રિયની જઘન્ય સ્થિતિ ગણાય છે. મોહનીય કર્મની ૭૦/૭૦ = ૧ સાગરોપમ સ્થિતિ થાય છે નામ અને ગોત્ર કર્મની ૨૦ કોટાકોટી/૭૦ કોટાકોટી = ૨/૭ સાગરોપમ. આ ઉત્કૃષ્ટ સ્થિતિ એકેન્દ્રિયની ગણાય છે એમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો એ જઘન્ય સ્થિતિ ગણાય છે. આજ રીતે બેઇન્દ્રિયાદિથી અસન્ની પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો એ એ જીવોની જઘન્ય સ્થિતિ જાણવી.

## નિકાચીત કર્મબંધનું વર્ણન

સમયે સમયે જીવો જે કર્મબંધ કરે છે એ કર્મબંધની સાથે સમયે સમયે તે તે કર્મોની સ્થિતિ પણ બંધાતી જાય છે અને એ બંધાયેલી સ્થિતિને ભોગવવા માટે સમયે સમયે પુદ્‌ગલોની ગોઠવણ રૂપે રચના થતી જાય છે એ ગોઠવાયેલા પુદ્‌ગલોની દરેક સ્થિતિ કોઇ કાળે જીવો નિકાચીત રૂપે કરતા નથી. માત્ર એમાં કોઇવાર કોઇ પરિણામથી શરૂઆતની ભોગવવા લાયક સ્થિતિ નિકાચીત રૂપે થાય છે. કોઇવાર કોઇ પરિણામથી થોડા કાળ પછીની ભોગવવા લાયક સ્થિતિ નિકાચીત રૂપે થાય છે. કોઇવાર મધ્યમ સ્થિતિ નિકાચીત રૂપે થાય છે. કોઇવાર છેલ્લા અંતર્મુહૂર્તની સ્થિતિ નિકાચીત રૂપે થાય છે અર્થાત્ થઇ શકે છે. આ રીતે નિકાચનાના પોતાના અધ્યવસાયના કારણે અનેક પ્રકારનો ફેરફાર થાય છે એટલે ફેરફાર થયા કરે છે.

જે સ્થિતિ નિકાચીત કરેલી હોય તે સ્થિતિ ઉદ્‌વર્તના કરણથી, અપવર્તના કરણથી ઉદીરણા કરણથી, પ્રદેશોદયથી, સંક્રમકરણથી ઉપશમના કરણથી કે નિધ્ધત્તકરણથી કોઇપણ પ્રકારનો ફેરફાર થઇ શકતો જ નથી. એ સ્થિતિ જેવા રસે બાંધેલી હોય એવા રસે અવશ્ય ભોગવવી જ પડે છે એ નિકાચીત સ્થિતિને સકલ કરણને અયોગ્ય સ્થિતિ કહેવાય છે.

જેમકે તીર્થંકર પરમાત્માના આત્માઓ ચોથા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં કોઇપણ ગુણસ્થાનકમાં રહેલા હોય ત્યારે સૌથી પહેલા તીર્થંકર નામકર્મના બંધની શરૂઆત કરે છે અને તે વખતે સમયે સમયે અંતઃ કોટાકોટી સાગરોપમ કાળ જેટલી સ્થિતિ બાંધ્યા જ કરે છે. જ્યારે એ જીવોના અંતરમાં સવિજીવ કરૂં શાસન રસીની ભાવના પેદા થાય તે વખતે બંધાતું તીર્થંકર નામકર્મ

નિકાચીત રૂપે થતું જાય છે તેમાં પણ નિકાચીત રૂપે બંધ કરતા હોય ત્યારે પણ અંતઃ કોટાકોટી સાગરોપમ કાળ જેટલી સ્થિતિ તો સમયે સમયે બાંધ્યા જ કરે છે એ બધી સ્થિતિ નિકાચીત રૂપે બાંધતા નથી. માત્ર એ જીવો તે વખતે નિકાચીત રૂપે, જ્યારે એ આત્માઓ છેલ્લે ભવે તીર્થંકર થવાના હોય અને પુરૂષાર્થ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે તે કેવલી પર્યાયનો જેટલો કાળ ભોગવવાનો બાકી રહ્યો હોય એટલા આયુષ્યની સાથે તીર્થંકર નામકર્મ નિકાચીત કરે છે. બાકીની બીજી બધી સ્થિતિ અનિકાચીત રૂપે બંધાય છે. જેમકે આ અવસરપિણીમાં થયેલા પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અને મહાવિદેહ ક્ષેત્રમાં થતાં દરેક તીર્થંકર પરમાત્માઓના આત્માઓ એ ત્રીજે ભવે તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નિકાચીત રૂપે કરેલી ગણાય તો એક લાખ પૂર્વ વરસમાં એક હજાર વર્ષ ઓછી એટલી સ્થિતિ નિકાચીત રૂપે બાંધે છે અને બાકીના તીર્થંકરના આત્માઓ કેવલજ્ઞાન પામ્યા પછી વિપાકોદયથી ભોગવવા લાયક જેટલી સ્થિતિ હોય છે તેટલી નિકાચીત રૂપે ગણાય છે અને જઘન્યથી શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના આત્માએ કેવલી પર્યાયમાં ભોગવવા લાયક ત્રીશ વરસની સ્થિતિ નિકાચીત રૂપે બાંધેલી છે માટે એ એટલી જ ભોગવાય છે. બાકીની બંધાયેલી સ્થિતિ અનિકાચીત રૂપે હોય છે જે પ્રદેશોદયથી ભોગવીને નાશ કરે છે. આથી એ નિશ્ચિત થાય છે કે જેટલી સ્થિતિ બંધાય છે એ સઘળી નિકાચીત રૂપે થતી નથી. નહિતર કોઇ જીવનો કોઇ કાળે મોક્ષ થઇ શકતો જ નથી.

આ રીતે જીવો સ્થિતિનો બંધ નિકાચના રૂપે બાંધે છે એમ કહેવાય છે કારણ કે સમયે સમયે જીવો પ્રકૃતિબંધ-સ્થિતિબંધ-રસબંધ- પ્રદેશબંધ કરે છે એની સાથે સાથે સંક્રમયોગ્ય-ઉદ્વર્તના યોગ્ય-અપવર્તના યોગ્ય ઉદીરણા યોગ્ય ઉપશમના યોગ્ય નિધ્ધત્ત યોગ્ય અને નિકાચના યોગ્ય કર્મ પુદ્ગલોના સ્થિતિ અને રસને બાંધતો જાય છે. આથી એક સમયમાં જીવો કર્મબંધ માટે જે પ્રક્રિયા કરે છે તેનું વર્ણન લખતાં લગભગ પ્રાયઃ કરીને દોઢસો ફુલસ્કેપના પાના ભરાય એટલું કામ કરી રહેલો હોય છે.

**આ રીતે સ્થિતિબંધનું વર્ણન થયું.**

## રસબંધનું વર્ણન

અશુભ પ્રકૃતિઓનો રસ કડવા લીમડાના રસ જેવો કડવો હોય છે. કડવા લીમડાનો એક શેર રસ કાઢવામાં આવે એ રસમાં સ્વાભાવિક રીતે જેટલી કડવાસ હોય છે તે એક ઠાણીયો રસ કહેવાય છે. એક શેર રસનો ૦। ભાગ ઉકાળીને ૦॥। ભાગ રાખવામાં આવે તે બે ઠાણીયો રસ કહેવાય છે. એક શેર રસનો અડધો ભાગ ઉકાળીને અડધો ભાગ રાખવામાં આવે તેમાં કડવાસ વધે છે માટે તે ત્રણ ઠાણીયો રસ કહેવામાં આવે છે.

એક શેર રસને ત્રણ ભાગ ઉકાળીને એક ભાગ રાખવામાં આવે તેમાં કડવાસની તીવ્રતા પેદા થાય છે તેને ચાર ઠાણીયો રસ કહેવામાં આવે છે.

આ ચારેય પ્રકારના રસના એક અણુ અધિક રસવાળા રસાણુઓવાળા પુદ્ગલોની વર્ગણાઓ બે અણુ અધિક રસાણુવાળા પુદ્ગલોની વર્ગણાઓ અનંતી હોય છે. ત્રણ અણુ અધિક રસાણુવાળા પુદ્ગલોની અનંતી વર્ગણાઓ હોય છે. એમ યાવત્ સંખ્યાતા અણુ રસાણુઓ વાળા પુદ્ગલોની અનંતી વર્ગણાઓ હોય છે. અસંખ્યાતા અણુ એટલે રસાણુઓના પુદ્ગલોની અનંતી વર્ગણાઓ હોય છે અને એવી જ રીતે અનંતા

રસાણુઓના પુદ્ગલોની અનંતી વર્ગણાઓ હોય છે. એવી રીતે આ રસના અનંતા ભેદો પડે છે.

શુભ પ્રકૃતિઓનો રસ શેરડીના રસ જેવા મીઠા સ્વાદવાળો હોય છે એના પણ કડવા રસની જેમ એક ઠાણીયો-બે ઠાણીયો-ત્રણ ઠાણીયો અને ચાર ઠાણીયો રસ એમ ચાર વિભાગ પડે છે. આ દરેક વિભાગના અનંતા અનંતા ભેદો થાય છે. લેશ્યા સહિત કષાયથી હંમેશા રસબંધ થાય છે. હંમેશા કષાયનો ઉદય એક અંતર્મુહૂર્ત કાળ સુધી એટલે અસંખ્યાતા સમયવાળા અંતર્મુહૂર્ત સુધી રહે છે જ્યારે લેશ્યા હંમેશા આઠ-આઠ સમય સુધી રહે છે એટલે આઠ-આઠ સમયે લેશ્યાનો પરિણામ મંદરૂપે, મંદતર રૂપે, મંદતમ રૂપે, તીવ્રરૂપે, તીવ્રતરરૂપે અને તીવ્રતમરૂપે થયા જ કરે છે. સામાન્ય રીતે કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા આ છએ માંથી કોઇપણ લેશ્યા એક સાથે એક અંતર્મુહૂર્ત કાળ સુધી સળંગ રહે છે તે પણ અસંખ્યાત સમયવાળા અંતર્મુહૂર્ત કાળ સુધી જાણવી. એમાં આઠ આઠ સમયે મંદ મંદતર આદિ ભેદો થયા જ કરે છે. આ કારણોથી એટલે કે પરિણામોની ફેરફારીના કારણે જ્ઞાની ભગવંતો કહે છે કે એક સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનમાં અસંખ્યાતા લોકાકાશ જેટલા રસબંધના અધ્યવસાય સ્થાનો હોય છે.

દાખલા તરીકે-સામુદાયિક રૂપે જગતમાં રહેલા જીવો એક સાથે અસંખ્યાતા ભેગા થયેલા હોય તે જીવો એક સ્થિતિબંધ કરતા હોય એટલે કે સ્થિતિબંધ એક સરખો કરતા હોય તો પણ આઠ આઠ સમયે લેશ્યા દરેકની બદલાતી હોવાથી અથવા એ દરેક જીવોની લેશ્યાના પરિણામ ભિન્ન ભિન્ન રૂપે રહેલા હોવાથી દરેક જીવો રસબંધ ભિન્ન ભિન્ન રૂપે બાંધે છે એવી જ રીતે એક જીવ પણ એક સરખો અંતર્મુહૂર્ત સુધી સ્થિતિબંધ કરતો હોય તો તેમાં રસબંધના અસંખ્યાતા ભેદો પડે છે.

રસબંધ, અનુભાગ બંધ, પલિચ્છેદ બંધ, અવિભાજ્ય બંધ આ બધા શબ્દો રસબંધના પર્યાયવાચી શબ્દો કહેલા છે.

રસાણુમાં રહેલો અણુ એટલે નાનામાં નાનો અંશ એટલે ભાગ જેનો કેવલી ભગવંતો પણ પોતાના જ્ઞાનથી એ અણુનો ભાગ કરી શકતા નથી અને રસાણુ કહેવાય છે. આવા રસાણુઓ અનંતા હોય છે.

(૧) જ્યારે જીવો અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધતા હોય ત્યારે બંધાતી શુભ પ્રકૃતિઓનો જઘન્ય રસ બાંધે છે.

(૨) જ્યારે જીવો બંધાતી શુભ પ્રકૃતિઓનો તીવ્રરસ બાંધતા હોય ત્યારે બંધાતી અશુભ પ્રકૃતિઓનો જઘન્ય રસ બાંધે છે.

(૩) જીવો જ્યારે અશુભ પરિણામના તીવ્ર ભાવમાં રહેલા હોય ત્યારે અશુભ પ્રકૃતિ જે બંધાતી હોય છે તેની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે અને તે જ વખતે તે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બાંધે છે અને તે જ વખતે બંધાતી શુભ પ્રકૃતિઓનો જઘન્ય રસ બાંધે છે.

(૪) વિશુધ્ધિમાં રહેલો જીવ જેમ જેમ અનંત ગુણ વિશુધ્ધિમાં આગળ વધતો જાય તેમ એ વિશુધ્ધિના બળે બંધાતી શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે અને તે વખતે બંધાતી અશુભ પ્રકૃતિઓને મંદરસે બાંધે છે.

આથી નિશ્ચિત થાય છે કે અશુભ પ્રકૃતિઓનો મંદરસ વિશુધ્ધિમાં જ થાય છે. (બંધાય છે.)

સંસારમાં રહેલા મોટા ભાગના જીવો સમયે સમયે ચાર ઠાણીયો રસ બાંધે છે. ચાર ઠાણીયા રસના અનંતા ભેદો પડતા હોવાથી અનંતા ભેદોની તરતમતા પ્રાપ્ત થતી જાય છે.

ત્રણ ઠાણીયો અને બે ઠાણીયો રસ મધ્યમ રસરૂપે ગણાય છે અને એક ઠાણીયો રસ જઘન્ય રસરૂપે ગણાય છે.

ચાર ઠાણીયો રસ તીવ્રરસ રૂપે કહેવાય છે.

બંધાતી એકસો વીશ પ્રકૃતિઓ જે હોય છે તેમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એક એક લીધેલા છે તેના શુભ વર્ણાદિ-૪ અને અશુભ વર્ણાદિ-૪ એમ બન્ને પ્રકારે લેવાથી બંધાતી પ્રકૃતિઓ એકસો ચોવીશ ગણાય છે એ પ્રકૃતિઓમાંથી સત્તર પ્રકૃતિઓ એક ઠાણીયા રસરૂપે બંધાય છે એટલે જઘન્ય રસ એક ઠાણીયા રસરૂપે માત્ર સત્તર પ્રકૃતિઓજ બંધાય છે. એટલે એ સત્તર પ્રકૃતિઓ એક ઠાણીયા-બે ઠાણીયા-ત્રણ ઠાણીયા અને ચાર ઠાણીયા રસરૂપે બંધાય છે અને બાકીની એકસોને સાત પ્રકૃતિઓ અથવા એકસોને ત્રણ પ્રકૃતિઓ બે ઠાણીયા-ત્રણ ઠાણીયા અને ચાર ઠાણીયા રસરૂપે બંધાય છે પણ એક ઠાણીયા રસે બંધાતી નથી. અશુભ પ્રકૃતિઓ બ્યાસી હોય છે.

જ્ઞાના-૫, દર્શના-૯, વેદ-૧, મોહની-૨૬, આયુ-૧, નામ-૩૪, ગોત્ર-૧, અંત-૫ = ૮૨.

વેદનીય-૧. અશાતા વેદનીય, ગોત્ર-૧. નીચ ગોત્ર.

આયુ-૧. નરકાયુ.

નામ-૩૪, પિંડ પ્રકૃતિ-૨૩, પ્રત્યેક-૧, સ્થાવર-૧૦ = ૩૪.

પિંડ પ્રકૃતિ-૨૩, નરકગતિ, તિર્યંચગિત, એકેન્દ્રિયાદિ-૪. જાતિ પહેલા સિવાયના પાંચ સંઘયણ પહેલા સિવાયના પાંચ સંસ્થાન ૪ અશુભ વર્ણાદિ નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી અશુભ વિહાયોગતિ.

પ્રત્યેક-૧. ઉપઘાત

સ્થાવર-૧૦. સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

શુભ પ્રકૃતિઓ બેંતાલીશ હોય છે.

જ્ઞાના-૦, દર્શના-૦, વેદ-૧, મોહ-૦, આયુ-૩, નામ-૩૭, ગોત્ર-૧, અંત-૦ = ૪૨.

વેદનીય-૧. શાતા વેદનીય, ગોત્ર-૧. ઉચ્ચ ગોત્ર.

આયુ-૩. તિર્યંચ-મનુષ્ય-દેવાયુષ્ય.

નામ-૩૭. પિંડપ્રકૃતિ-૨૦, પ્રત્યેક-૭, ત્રસ-૧૦ = ૩૭.

પિંડ પ્રકૃતિ-૨૦. મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક, વૈક્રીય, આહારક, તૈજસ, કાર્મણ શરીર, ઔદારિક, વૈક્રીય, આહારક, અંગોપાંગ, પહેલું સંઘયણ, પહેલું સંસ્થાન. ચાર શુભ વર્ણાદિ, મનુષ્યાનુપૂર્વી દેવાનુપૂર્વી, શુભ વિહાયોગતિ.

પ્રત્યેક-૭. પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, અગુરૂલઘુ, નિર્માણ અને જિનનામ.

ત્રસ-૧૦. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનાં જીવો જ્યાં સુધી સમજણના ઘરમાં દાખલ થયેલા હોતા નથી ત્યાં સુધી સમયે સમયે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ અને શુભ પ્રકૃતિઓનો બે ઠાણીયો રસ બાંધ્યા જ કરે છે. આથી નિશ્ચિત થાય છે કે એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટથી સ્થિતિબંધ કરે તો એક સાગરોપમ જેટલી સ્થિતિ બાંધે છે અને તે વખતે તે અધ્યવસાયથી અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધે છે અને એ એકેન્દ્રિય જીવોને ચાર ઠાણીયો રસ ઉદયમાં રહેતો હોવાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મનો

ક્ષયોપશમ ભાવ જ્ઞાન અને દર્શન રૂપે અક્ષરના અનંતમા ભાગ જેટલો હોય છે પણ એથી અધિક ક્ષયોપશમ ભાવ પ્રાપ્ત થઇ શકતો નથી. એ અક્ષરના અનંતમા ભાગ જેટલા ક્ષયોપશમ ભાવની તીવ્રતા મંદતા અનંતા ભેદરૂપે થાય છે. એ અનંતા ભેદના કારણે મિથ્યાત્વ મોહનીયના ઉદયકાળમાં રહેલા એ જીવોને તરતમતા ભેદથી રાગ અને દ્વેષની પરિણતિ રૂપ અધ્યવસાયની તીવ્રતા અને મંદતાના ભેદરૂપે અનંતા ભેદ પડે છે.

અનાદિકાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવોને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે કાંઇ જ્ઞાનનો ઉઘાડ પેદા થાય છે એ ક્ષયોપશમ ભાવ અને જ્ઞાનના ઉઘાડથી પાપનો પરિણામ સતત જ રહ્યા કરતો હોય છે. એ પાપનો પરિણામ પાપની જડ રૂપે અનાદિ કાળથી જીવને રહેલો હોય છે.

## પાપની જડ એટલે સંસારની આસક્તિ

સંસારની આસક્તિની જડ એટલે વસ્તુ સ્વરૂપનો વિપરીત બોધ.

અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવોમાં સન્ની પર્યાપ્તાપણું પ્રાપ્ત કરી અપુનર્બંધક દશાના પરિણામને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી એટલે કે મોક્ષના અભિલાષવાળો, મોક્ષની રૂચિવાળો જ્યાં સુધી ન બને ત્યાં સુધી પુણ્યથી મળતા અનુકૂળ પદાર્થોને વિષે અથવા ઇચ્છિત પદાર્થોને વિષે સર્વસ્વ સુખની બુધ્ધિવાળા હોય છે. એ સર્વસ્વ સુખની બુધ્ધિના પ્રતાપે આત્મામાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પેદા થાય છે તે જ્ઞાન વિપરીત રૂપે જ બોધ કરાવવામાં સમર્થ થાય છે અને જેમ જેમ વિપરીત રૂપ બોધ પેદા થતો જાય છે તેમ તેમ ઇચ્છિત પદાર્થોને વિષે સર્વસ્વ સુખની બુધ્ધિ મજબૂત થતી જાય છે એટલે કે એ પદાર્થોની આસક્તિ સ્થિર થતી જાય છે અને એ આસક્તિના પ્રતાપે જે કાંઇ ઇચ્છાઓ પેદા થતી જાય છે તે બધી ઇચ્છાઓને ઇચ્છિત પદાર્થની આસક્તિમાંથી પેદા થયેલી હોવાથી પાપની જડ રૂપે કહેવાય છે. આ પાપની જડનો પરિણામ આત્મામાં અનાદિકાળથી રહેલો છે. એના પ્રતાપે એકેન્દ્રિયાદિ જીવો પણ અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ સમયે સમયે બાંધ્યા જ કરે છે અને એની સાથે સાથે બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ જઘન્ય રસે બાંધ્યા કરે છે અને જેમ જેમ પાપની જડનો પરિણામ તીવ્ર બનતો જાય છે તેમ તેમ અશુભ પ્રકૃતિઓનો રસ ચાર ઠાણીયા રસરૂપે અનુબંધ રૂપે અને નિકાચીત રૂપે બાંધતા જાય છે સાથે સાથે બંધાતી શુભ પ્રકૃતિનો રસ અનુબંધ વગર અનિકાચીત રૂપે બંધાતો જાય છે.

ચારે ગતિમાં સન્ની પર્યાપ્તા જીવો સમજણના ઘરમાં દાખલ થઇ શકે તો દર સાત દિવસે જીવ દાખલ થઇ શકે છે એટલે સમકીતની પ્રાપ્તિ કરી શકે છે. જઘન્યથી એક-બે-ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કે અસંખ્યાતા જીવો સમજણના ઘરમાં દાખલ થઇ શકે છે એટલે સમકીતની પ્રાપ્તિ કરી શકે છે. જગતને વિષે અનંતા જીવો રહેલા હોવા છતાં સમજણના ઘરમાં તો અસંખ્યાતા જીવોજ રહેલા હોય છે.

અનાદિ કાળથી જગતને વિષે પરિભ્રમણ કરી રહેલા જીવો જડના કારણે-સંસારના પદાર્થની આસક્તિના કારણે તથા વસ્તુ સ્વરૂપના વિપરીત બોધના કારણે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ અનુબંધ રૂપે બાંધ્યા જ કરે છે. અનુબંધ રૂપે બાંધતા બાંધતા જે જે પદાર્થો પ્રત્યે અત્યંત આસક્તિ અને મમત્વ બુધ્ધિ પેદા થતી જાય તેમ તેમ અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ અનુબંધ રૂપે બાંધતા નિકાચીત રૂપે બાંધતો જાય છે.

એવી જ રીતે અનાદિકાળથી પરિભ્રમણ કરી રહેલા જીવોને પાપની જડ એજ મારા આત્માના

દુઃખનું કારણ છે. સંસારના પદાર્થોની આસક્તિ દુઃખના ફળને આપનારી છે અને વસ્તુ સ્વરૂપનો વિપરીત બોધ એ જ મારા આત્માને દુઃખની પરંપરા વધારનારી ચીજ છે. આવી બુધ્ધિ પુરૂષાર્થ કરીને પેદા કરતો જાય અને પાપની જડ પ્રત્યે નફરત ભાવ પેદા કરતો જાય અને પાપની જડ આદિથી સાવચેત રહીને જીવન જીવતો જાય ત્યારથી બંધાતી શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ અનુબંધ રૂપે બાંધતો જાય છે અને તે વખતે બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસ અનુબંધ વગર બે ઠાણીયા રૂપે બાંધતો જાય છે. જ્યારે જીવો પુરૂષાર્થથી પરિણામની ધારાની આવી સ્થિતિ પેદા કરતો જાય ત્યારથી વસ્તુ સ્વરૂપનો વિપરીત બોધ અત્યાર સુધી ચાલુ હતો તે યથાર્થ બોધ પેદા કરવામાં શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ સહાયભૂત થતો જાય છે એટલે કે એ ચાર ઠાણીયો રસ ઉદયમાં આવીને વિપરીત બોધનો નાશ કરવામાં અને યથાર્થ બોધને પેદા કરવામાં સહાયભૂત થતો જાય છે આને જ જીવો ગુણયુક્ત મિથ્યાત્વમાં દાખલ થયા એમ ગણાય છે.

સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તાપણામાં રહેલો જીવ જેમ જેમ ભગવાનની વાણીના શબ્દો ઉપદેશ રૂપે સાંભળતો જાય અને બાકીના સંસારની પ્રવૃત્તિથી નવરાશ મલે ત્યારે એ યાદ રહેલા શબ્દોની વિચારણા કરતો જાય અને એ રીતે વારંવાર વિચારણા કરતા કરતા ભગવાનની વાણીના શબ્દોનો સંસ્કાર અંતરમાં દ્રઢ કરતો જાય તેમ તેમ પાપની જડના સંસ્કાર-સંસારની આસક્તિના સંસ્કાર અને વસ્તુ સ્વરૂપના વિપરીત બોધના સંસ્કાર નબળા પડતા જાય છે એ નબળા પડે તેમ તેમ બંધાતી અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાયીયો રસ મંદરૂપે એટલે ઓછો ઓછો બંધાતો જાય છે અને બંધાતી શુભ પ્રકૃતિઓનો બે ઠાણીયો રસ મંદ રસના બદલે કાંઇક તીવ્ર રૂપે બંધાતો જાય છે આના કારણે જ્યારે એ શુભ પ્રકૃતિઓનો રસ ઉદયમાં આવે ત્યારે પાપની જડ આદિ સંસ્કારો એજ દુઃખનું કારણ છે એમ અંતરમાં લાગવા માંડે છે. આ રીતે દુઃખના કારણ રૂપે પાપની જડ આદિનો સંસ્કાર મજબૂત થાય એટલે જીવના અંતરમાં અનાદિકાળથી ઇચ્છિત પદાર્થોમાં સર્વસ્વ સુખની બુધ્ધિ હતી તે નાશ પામતા પામતા ઇષ્ટ સુખની ઇચ્છા પેદા થતી જાય છે. ઇષ્ટ સુખ એટલે આત્મામાં રહેલું સુખ એ સુખને પેદા કરવાનો અભિલાષ એ મોક્ષ સુખનો અભિલાષ કહેવાય છે અથવા સાચા સુખની રૂચિ પેદા થઇ એમ કહેવાય છે.

આ રીતે સાચા સુખનો અભિલાષ પેદા થાય એટલે તેજ વખતે બંધાતી શુભ પ્રકૃતિઓનો રસ ચાર ઠાણીયા મંદરસે બંધાય છે અને અશુભ પ્રકૃતિઓ જે બંધાય છે તેનો રસ બે ઠાણીયા તીવ્રરસે બંધાય છે.

શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બંધાતો જાય છે તે એક અતર્મુહૂર્ત પછી ઉદયમાં આવે છે એના ઉદયથી જીવને સાચા સુખનો અભિલાષ તીવ્ર થતો જાય છે અને એ સાચા સુખની વિચારણાની વિચારણાઓ અંતરમાં વધતી જાય છે. આ પરિણામ વારંવાર વિચારણા રૂપે વધતો જાય એનાથી જીવો શુભ પ્રકૃતિઓનો રસ મધ્યમ ચાર ઠાણીયા રસરૂપે બાંધતો જાય છે અને એ રસ ઉદયમાં આવતા સાચા સુખની આંશિક અનુભૂતિ કરતો જાય છે. આ સુખની અનુભૂતિના કારણે અંતરમાં એ વિચારણા પેદા થતી જાય છે કે અત્યાર સુધી ઇચ્છિત પદાર્થોમાં જે સુખની અનુભૂતિ કરીને જીવન જીવ્યો છું એના કરતા આ સુખની અનુભૂતિ કોઇ જુદા જ પ્રકારની છે અને આ અનુભૂતિ કોઇપણ ઇચ્છિત પદાર્થોમાં અનુભવેલી નથી આથી ઇચ્છિત પદાર્થોની અનુભૂતિ કરતાં આ અનુભૂતિ જરૂર ચઢીયાતી છે એમ વારંવાર લાગ્યા કરતાં જ્યારે જ્યારે ઇચ્છિત પદાર્થોની ઇચ્છાઓ પેદા થાય અથવા એને ભોગવતા જે અનુભૂતિ થાય છે એ તુચ્છ રૂપે લાગ્યા જ કરે છે આથી હવે ઇચ્છિત પદાર્થોમા સુખની અનુભૂતિ થતી નથી ઉપરથી ઉપાધિ રૂપે-દુઃખરૂપે

અનુભૂતિ પેદા થતી જાય છે આથી ઇચ્છિત પદાર્થનું સુખ સુખરૂપે હવે અનુભવાતું નથી. એના કારણે અંતરમાં ઉંડે ઉંડે જે સુખ આવા સુખની અનુભૂતિ ન કરાવે એ સુખને સુખરૂપે કહેવાય જ કેમ ? આવી અનેક પ્રકારની વિચારણાઓ અંતરમાં પેદા થતી જાય છે. આવી અનેક પ્રકારની વિચારણાઓથી જીવ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ મધ્યમ રસ રૂપે અધિક અધિક બાંધતો જાય છે અને અશુભ પ્રકૃતિઓનો બે ઠાણીયા મધ્યમ રસે બાંધતો જાય છે. આ શુભ પ્રકૃતિના રસના ઉદયકાળમાં ઇચ્છિત પદાર્થોનું સુખ એકાંતે દુઃખ રૂપ જ છે. આવી યથાર્થ બુધ્ધિ અંતરમાં પેદા કરાવવામાં સહાયભૂત થાય છે આને જ જ્ઞાની ભગવંતોએ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવની શરૂઆત કહેલી છે.

વૈરાગ્ય ભાવના પરિણામને પ્રાપ્ત કરીને જીવ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો જાય છે તે રસના ઉદયથી પોતાની શક્તિ મુજબ દેવ-ગુરૂ-ધર્મની આરાધના શુભ ક્રિયા રૂપે કરતો જાય છે એમાં સ્થિરતા પ્રાપ્ત કરતો જાય છે અને ચિત્તની પ્રસન્નતાને પ્રાપ્ત કરતો જાય છે. છતાં પણ વૈરાગ્ય ભાવ પ્રાપ્ત થતાં પહેલા બાંધેલા કર્મો સત્તામાં રહેલા હોય એમાંથી અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયા રસનો કાળ પૂર્ણ થતાં ઉદયમાં આવે તો તે વખતે ચિત્તની પ્રસન્નતાને બદલે ચિત્તની વિહવળતા પેદા કરતો જાય છે. એ વિહવળતાને દૂર કરીને પુરૂષાર્થ કરી જીવ ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરે તો આરાધનામાં આગળ વધતો જાય છે પણ જો વિહવળતાને આધીન થઇ જાય તો અશુભ પ્રકૃતિઓનો બે ઠાણીયા રસના બંધને બદલે ત્રણ ઠાણીયા રસનો બંધ કરતો જાય છે અને એ વિહવળતા લાંબા કાળ સુધી ટકે તો બંધાતી શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધીને અશુભ પ્રકૃતિઓમાં સંક્રમીત કરતો જાય છે અને એ ચિત્તની વિહવળતાના લાંબા કાળના કારણે વૈરાગ્ય ભાવ નબળો પડતા પડતા નાશ પણ પામી જાય અને જીવ પાછો અનાદિકાળના સ્વભાવ મુજબ મૂલ સ્થિતિમાં પણ આવી જાય છે. એ મૂલ સ્થિતિમાં અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતા ઉદયમાં લાવીને ભોગવતા વૈરાગ્યભાવમાં શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ જે બાંધેલો સત્તામાં પડેલો હોય છે તે બધો અશુભ પ્રકૃતિઓમાં સંક્રમીત થઇને અશુભ પ્રકૃતિઓને ચાર ઠાણીયા રસ રૂપે બનાવતો જાય છે અને શુભ પ્રકૃતિઓનો બે ઠાણીયો રસ સત્તામાં રાખતો જાય છે.

વૈરાગ્ય ભાવ પ્રાપ્ત કરી ચિત્તની પ્રસન્નતાની સ્થિરતાવાળો જીવ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો એક અંતર્મુહૂર્તમાં ઉદયમાં લાવીને ભોગવતો આંશિક આત્મિક સુખની અનુભૂતિ કરતો એવો જીવ પુણ્ય પ્રકૃતિના રસને ઉદયમાં ભોગવવા છતાં એ જીવના પરિણામ જ એવા પ્રકારના ચાલતા હોય છે કે જેના પ્રતાપે દુર્ગતિમાં જવાલાયક કર્મનો બંધ થતો નથી. કદાચ સંસારમાં રહેવું પડે તો મોટે ભાગે સુખનો કાળ પસાર થાય એવો અનુબંધ બાંધતો જીવન જીવતો હોય છે એવી જ રીતે પાપના ઉદયથી દુઃખ ભોગવતો હોય તો પણ એમાં ચિત્તની પ્રસન્નતાના કારણે સમાધિભાવ એવો ટક્યો રહે છે કે જેના પ્રતાપે દુર્ગતિમાં જવા લાયક કર્મબંધ થતો નથી.

સુખ ભોગવવા છતાં આ જીવોને એ પદાર્થોમાં સુખની બુધ્ધિ રહેતી નથી આથી ઇચ્છિત પદાર્થોનું સુખ અનુભવવા છતાં પણ-ભોગવટો કરતો હોવા છતાં પણ, એ સુખમાં એટલે પદાર્થોમાં સુખની વૃધ્ધિ પેદા થઇ શકતી નથી આથી જ સુખના કાળમાં પણ આ જીવો શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધ્યા કરે છે અને એની સાથે વૈરાગ્ય ભાવ રહેલો હોવાથી સત્તામાં રહેલો અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ, તેનો પુરૂષાર્થ પૂર્વક નિર્જરા કરતો કરતો બે ઠાણીયા રસરૂપ કરતો જાય છે એને સકામ નિર્જરા કહેવાય છે.

જ્યારે અકામ નિર્જરાથી જીવ ઇચ્છિત પદાર્થોનો ભોગવટો કરતો હોય ત્યારે એ પદાર્થોમાં સુખની

બુધ્ધિ રહેલી હોવાથી અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો જાય છે અને સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિઓના ચાર ઠાણીયા રસને તીવ્ર રૂપ-મધ્યમ રૂપે કરતો જાય છે પણ ચાર ઠાણીયામાંથી ઘટાડીને ઓછો કરી શકતો નથી તે અકામ નિર્જરા કહેવાય છે.

વૈરાગ્ય ભાવની પ્રાપ્તિ થયા પછી ચિત્તની સ્થિરતા અને પ્રસન્નતા પેદા કરીને સુખનો ભોગવટો કરવા છતાં પણ એ સંસારીક ઇચ્છિત સુખોને મેળવવા, ભોગવવા, વધારવા, સાચવવા, ટકાવવા આદિની વિચારણાઓ કરવા છતાં પણ એ વિચારોની એકાગ્રતા પેદા થતી હોવા છતાં પણ આર્તધ્યાન રૂપે એ પરિણામ બનતો હોવા છતાં પણ દુર્ગતિમાં જવાલાયક અથવા દુઃખ ભોગવવા લાયક અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બંધાતો નથી કારણ કે એ આર્તધ્યાન ચાલતું હોવા છતાં સુખમાં દુઃખની બુધ્ધિ અને ઇચ્છિત પદાર્થોમાં છોડવા લાયકની બુધ્ધિ અંતરમાં સતત ચાલુ જ હોય છે.

આથી નિશ્ચિત થાય છે કે વૈરાગ્યવાળા જીવોને સંસારની સઘળીય પ્રવૃત્તિ કરવા છતાં વારંવાર આર્તધ્યાન પેદા થતું હોવા છતાં પણ દુર્ગતિમાં દુઃખ ભોગવવા લાયક કર્મનો બંધ થઇ શકતો જ નથી.

આથી આ જીવો આંશિક અનુભૂતિથી પદાર્થોનો વિચાર વિપરીત બોધરૂપે કરતા નથી પણ યથાર્થ રૂપે એમનો બોધ ચાલુ હોય છે આથી આર્તધ્યાન તીવ્રરૂપે થઇ શકતું નથી માટે અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતા નથી અને એ આર્તધ્યાનમાં પણ પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરતા જાય છે એટલે એ બંધ ચાલુ જ હોય છે.

વૈરાગ્ય ભાવમાં રહેલા જીવોને અવિરતિના ઉદયના કારણે આ જીવન જીવવા લાયક નથી જ. આવી બુધ્ધિ હોવા છતાં એ અવિરતિના જીવનને છોડીને વિરતિના જીવનને જીવી શકે એવી પોતાની શક્તિ દેખાતી ન હોવાથી, વિરતિના જીવનની અંતરમાં ભાવના રહેલી હોવાથી અવિરતિ જન્ય કર્મબંધ કરે છે પણ તેમાં એ અવિરતિના જીવનમાં રહેલો છે પણ રમણતા કરતો નથી. એની સાથે પુણ્યાનુબંધી પુણ્ય બંધ કરતો જાય છે અને એનો ભોગવટો ભોગવતો જાય છે એનાથી વિરતિની ભાવનામાં વેગ મલતો જાય છે અને વિરતિની ભાવના તીવ્રરૂપે બનતી જાય છે છતાં પણ અવિરતિના તીવ્રરસના ઉદયના કારણે વિરતિને લઇ શકતો જ નથી.

આ રીતે સમકીતી જીવ જીવન જીવતા જીવતા વિરતિના પરિણામને સ્થિર કરવા માટે વિરતિની ભાવનાના સંસ્કારને દ્રઢ કરવા માટે પોતાની શક્તિ મુજબ દેવની ભક્તિ કરતો હોય છે, સાધુની સેવા કરતો હોય છે તેમજ સાધર્મિક ભક્તિ પ્રગટ રૂપે અથવા ગુપ્ત રૂપે શક્તિ મુજબ કરતો જાય છે. આના પ્રતાપે દુશ્મન પ્રત્યે અત્યાર સુધી દુશ્મનનો ભાવ રહેતો હતો એને ખતમ કરવાનો ભાવ રહેતો હતો અને કોઇ ખતમ કરે, સાંભળવા મલે તો આનંદ થતો હતો તેના બદલે અંતરમાં દુશ્મન ભાવ નાશ થતાં એ દુશ્મનનું પણ સારૂં કેમ થાય ? એટલે કે અપરાધી જીવોનું દુઃખ દૂર કરીને એને પણ મારા જેવો ક્યારે બનાવું ? એવી ભાવના અને વિચારણા અંતરમાં ચાલુ થતાં સતત રહે છે. આ રીતે દેવાદિની ભક્તિ કરતાં અપરાધી જીવોનું પણ પ્રતિકૂળ કરવાની બુધ્ધિ અંતરમાંથી નાશ પામે છે. પોતાના સ્નેહી સંબંધી જીવોને પ્રતિકૂળતા આવેલી હોય એનું જેટલું દુઃખ અંતરમાં થાય એના કરતા વિશેષ દુઃખ અપરાધી જીવોને પ્રતિકૂળતા આવેલી સાંભળે એમાં પેદા થાય છે આથી પોતાની શક્તિ મુજબ એનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરતો જાય છે.

આથી પોતાના અવિરતિ રૂપ જીવન પ્રત્યે અંતરથી ગુસ્સો અને નફરત ભાવ પેદા થતો જાય છે. આ

જીવનથી ક્યારે છુટું અને વિરતિના જીવનને ક્યારે પામું ? આવા વિચારો ચાલુને ચાલુ રહે છે. જે વિચારને જ્ઞાની ભગવંતોએ નિર્વેદ ભાવરૂપ વિચાર કહેલો છે.

સુખમય સંસારથી ભાગી છૂટવાની ઇચ્છા તે નિર્વેદ કહેવાય છે. આ નિર્વેદ ગુણ પેદા થયો એના પ્રતાપે અત્યાર સુધી જીવો પ્રત્યે દ્રવ્ય કરૂણા રહેતી હતી તેના બદલે જીવો પ્રત્યે ભાવદયા પૂર્વક દ્રવ્યદયા કરતો જાય છે એ પરિણામને જ જ્ઞાની ભગવંતો વાસ્તવિક દયાભાવનો પરિણામ કહે છે. ક્ષયોપશમ ભાવે પેદા થયો દયાભાવ કહેલો છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે જીવોએ પુરૂષાર્થ કરીને એકવાર સમકીતની પ્રાપ્તિ કરી હોય અને સમકીત પામતા પહેલા મિથ્યાત્વ મોહનીય કર્મ વચમાં વચમાં નિકાચીત રૂપે બાંધેલું હોય એ નિકાચીત મિથ્યાત્વ ઉદયમાં આવતા જીવ સમકીતથી પતન પામે છે બાકી પતન પામતો નથી. સમકીતમાં અતિચાર લગાડનાર પણ મિથ્યાત્વ મોહનીયનો ચાર ઠાણીયો રસ કહેલો છે કારણ કે સમ્યક્ત્વ મોહનીયનો બે ઠાણીયો રસ ઉદયમાં ચાલતો હોય છે ત્યારે જિનેશ્વર પરમાત્માના તત્વો પ્રત્યેની રૂચિ ભાવ શ્રધ્ધા રૂપે પેદા થતાં મજબૂત થતી જાય છે એમાં મિથ્યાત્વનો ચાર ઠાણીયો રસ પેદા થતો જાય તો સૌ પહેલા જીવ સાવધ ન રહે તો મલીનતા પેદા કરતો જાય છે અને એ મલીનતામાં આધીન થાય તો જ એ સમકીતથી પતન પામે પણ વિચારોની મલીનતામાં સાવધ રહે તો ધીમે ધીમે મલીનતા દૂર કરી અતિચાર રહિત થઇ શકે છે અને નિરતિચાર સમકીતમાં સ્થિર રહી શકે છે.

જ્ઞાની ભગવંતોએ આર્ત્તધ્યાનના બે ભેદ કહેલા છે.

(૧) અશુભ આર્ત્તધ્યાન (૨) શુભ આર્ત્તધ્યાન

સંસારની પ્રવૃત્તિઓ એકાગ્રચિત્તે આસક્તિ અને મમત્વ બુધ્ધિથી કરવી એ અશુભ આર્ત્તધ્યાન કહેવાય છે.

**શુભ આર્ત્તધ્યાન :-** અંતરમાં રહેલી પાપની જડ. સુખની આસક્તિ અને જગતમાં રહેલા પદાર્થોનો વિપરીત બોધ આની સાથે નિરતિચાર ચારિત્રનું પાલન હોય, સાડાનવપૂર્વનું જ્ઞાન હોય, શુભ લેશ્યાના પરિણામો હોય, શુભ વિચારોમાં કાળ પસાર થતો હોય તો પણ સર્વસ્વ સુખની બુધ્ધિ અનુકૂળ પદાર્થોના સુખમાં જ હોય તેને શુભ આર્ત્તધ્યાન કહેવાય છે. કારણ કે એ શુભ પરિણામ શુભ ભાવનાઓ તથા શુભ આર્ત્તધ્યાન જીવને શુધ્ધ પરિણામ પેદા થવા દેવામાં સહાયભૂત થતું નથી એટલે જ શુભ લેશ્યા લાંબાકાળ સુધી ટકાવી રાખવા છતાં શુભ આર્ત્તધ્યાન રૂપે ગણાય છે.

સામાન્ય રીતે જગતના જીવો સહન કરવાની વૃત્તિથી એક-બીજા સહન કર્યા જ કરે છે પણ એ સહન કરવામાં કાંઇકને કાંઇક સ્વાર્થ વૃત્તિ પોષાતી હોય છે એ સ્વાર્થ વૃત્તિના પોષણના કારણે નિ:સ્વાર્થ વૃત્તિ અથવા નિ:સ્વાર્થ ભાવ પેદા કરવાની ભાવના ન હોવાથી અને એ માટે સહન કરતો ન હોવાથી અશુભ લેશ્યાના પરિણામ અંતરમાં સતત ચાલ્યા જ કરે છે અને એથી જ શુભ લેશ્યાના પરિણામ પેદા થઇ શકતા નથી.

એવીજ રીતે સ્વાર્થને પોષવા માટે દેવ, ગુરૂની સુંદર ભક્તિ કરવા છતાંય સારા સંસ્કારોનું સિંચન કરવા છતાંય, એ સંસ્કારો મુજબ જીવન જીવવા છતાંય, એટલે કે જીવન સદાચારી હોય એ રીતે જીવન જીવતા શરીરને કષ્ટ આપવાના હેતુથી અનેક પ્રકારના તપનું આચરણ કરતો હોય છતાં પણ સ્વાર્થ વૃત્તિના પ્રતાપે એ અશુભ પ્રકૃતિઓનો તીવ્રરસ અને શુભ પ્રકૃતિઓનો મંદરસ બંધાવવામાં અર્થાત્

બાંધવામાં સહાયભૂત થાય છે પણ અ જીવોને ઇચ્છાનિરોધનું લક્ષ્ય પેદા થવા દેતા નથી પણ જો સ્વાર્થવૃત્તિ દૂર કરવાના હેતુથી અને ઇચ્છા નિરોધ પેદા કરવાની ભાવનાથી કરવામાં આવે તો અશુભ પ્રકૃતિઓનો તીવ્ર રસ બંધાતો નથી.

અનુકૂળ પદાર્થોનો રાગ અને પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ પોતાના આત્માની સ્વાર્થ વૃત્તિ અંતરમાં રખાવીને સારી પ્રવૃત્તિ કરવા માટે જીવને પ્રેરે છે અને ખરાબ પ્રવૃત્તિમાં સારા વિચારો કરવા પ્રેરણા કરે છે પણ તે આત્મીક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતા નથી.

મનુષ્યપણામાં રહેલો જીવ દયા-દાન બીજાના કામકાજમાં કોઇપણ જીવને સહાયભૂત થવું તથા કોઇ રોગી વગેરેના રોગોન દૂર કરવા ઇત્યાદિ અનેક પ્રકારની સારી-શુભ પ્રવૃત્તિ કરવા છતાંય અંતરમાં સુખનો રાગ બેઠેલો હોવાથી મનુષ્યાયુષ્યનો બંધ પણ જીવ કરી શકે છે. દેવ આયુષ્યનો બંધ પણ કરી શકે છે પણ એ જીવ ધર્મને સન્મુખ થઇ શકતો નથી કારણ કે દયા દાનાદિથી જીવને પુણ્ય બંધાય એ પુણ્યથી સુખની સામગો પ્રાપ્ત થાય પણ સાથે અશુભ લેશ્યાના પરિણામ રહેલા હોવાથી જીવોને રાગાદિ પરિણામની તીવ્રતા પેદા થતી જાય છે અને એના પ્રતાપે સંસારનું પરિભ્રમણ વધારતો જાય છે.

આથી નિશ્ચિત થાય છે કે અશુભ લેશ્યાના પરિણામથી જીવો સદ્ગતિને યોગ્ય શુભ પ્રકૃતિઓનો બંધ કરે છે એનાથી સદ્ગતિ પ્રાપ્ત પણ કરે તો પણ એ જીવોએ શુભ પ્રકૃતિઓ મંદરસે બાંધેલી હોવાથી આત્મિક ગુણ તરફ આકર્ષણ પ્રાપ્ત થતું નથી અને અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો હોવાથી અશુભ વિચારો તરફનું આકર્ષણ અને ખેંચાણ આત્માનું વિશેષ રીતે રહેલું હોય છે માટે સદ્ગતિ પ્રાપ્ત થવા છતા પણ આ સદ્ગતિ શેનાથી મલી છે ? એમાં હું શું સારા કાર્યો કરીને અહીં આવ્યો ? આનાથી સારી સદ્ગતિ પ્રાપ્ત કરવા માટે કેવા સારા કાર્યો હવે હું કરૂં ? કે જેથી મને એ સદ્ગતિ પ્રાપ્ત થાય ? અને આત્મિક ગુણ તરફ વિચારણા કરતો ક્યારે થાઉં ? આમાની કોઇ વિચારણા જીવને પેદા થતી નથી. આથી સારી સામગ્રીને પામીને પણ જીવો રાગાદિ પરિણામ પેદા કરીને સંસારની વૃધ્ધિ કરે છે.

અનાદિકાળથી જગત્‌ને વિષે પરિભ્રમણ કરી રહેલો જીવ જ્યાં જ્યાં જે જે ક્ષેત્રને વિષે ઉત્પન્ન થતો જાય છે ત્યાં ત્યાં તે તે ક્ષેત્રને વિષે રહેલા આહારના પુદ્ગલોને ગ્રહણ કરીને એને પરિણામ પમાડીને રસવાળા પુદ્ગલોનો સંગ્રહ કરતો જાય છે અને એ સંગ્રહ કરેલા પુદ્ગલોમાંથી શરીર બનાવતો જાય છે. એ શરીર બનાવ્યા પછી આહારના પુદ્ગલોને ગ્રહણ કરતો કરતો રસવાળા પુદ્ગલોથી શરીરને પુષ્ટ કરતો જાય છે. આના પ્રતાપે એ શરીર એજ હું છું ! એવી બુધ્ધિ અનાદિકાળથી જીવને રહેલી હોય છે. એ શરીર પ્રત્યેના હું પણાની બુધ્ધિથી શરીરથી ભિન્ન એવો હું આત્મા છું એવી બુધ્ધિ એને પેદા થતી નથી. શરીર હું છું એના પ્રતાપે શરીરને સુખાકારી જેટલા જેટલા પદાર્થો છે તે પદાર્થો મારા છે એવી બુધ્ધિ પણ અંતરમાં સ્થિર થયેલી (રહેલી) હોય છ.

મોહરાજા, એ શરીર એ હું અને શરીરને સુખાકારી પદાર્થો મારા છે આ બુધ્ધિને સ્થિર કરાવીને જીવને મોટે ભાગે અશુભ લેશ્યાના વિચારોમાં સંખ્યાતોકાળ-અસંખ્યાતોકાળ અથવા અનંતોકાળ આત્માને સ્થિર કરતો જાય છે. આથી ગમે તેટલી વાર ધર્મ સામગ્રી સંપન્ન મનુષ્ય જન્મને પામે અને શક્તિ મુજબ દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતો જાય એ આરાધનાથી શરીરને ગમે તેટલું કષ્ટ આપે તો પણ શરીરથી ભિન્ન એવો હું આત્મા છું એ વાત મગજમાં એટલે અંતરમાં બેસતી નથી એ વાતને પેદા કરવાનો પ્રયત્ન પણ મોહરાજા કરવા દેતો નથી. કારણ કે શરીરને અધિક કષ્ટ આપવાથી શરીર બગડી જશે તો ? શરીરમાં

રોગાદિ પેદા થશે તો ? તે વખતે મારૂં કોણ ? હું શી રીતે ધર્મ કરી શકીશ ? ઇત્યાદિ અનેક પ્રકારના વિચારો શરીરના રાગના કારણે પેદા થતાં શરીરને સાચવીને નબળું ન પડી જાય એવા વિચારો પેદા કરીને શરીરના રાગને પુષ્ટ કરતો જાય છે.

એવી જ રીતે એ શરીરને સુખાકારી પદાર્થોમાં કુટુંબ સહાયભૂત થતું હોવાથી એમના પ્રત્યેની મારાપણાની બુધ્ધિથી એ સુખી તો હું સુખી એવી વિચારણાઓ પેદા કરાવીને એમને સુખી રાખવા માટે ગમે તેવા કષ્ટો વેઠવા પડે તો કષ્ટો વેઠીને કુટુંબને સુખી બનાવવા માટે પ્રયત્ન કરતો જાય છે. એ પ્રયત્ન કરતા કરતા વચમાં ટાઇમ મલે તો દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતો જાય છે. કારણ કે કુટુંબ સુખી હશે તો ધર્મ સારી રીતે થઇ શકશે ધર્માનુષ્ઠાનમાં સ્થિરતા રહી શકશે, ચિત્તની પ્રસન્નતા પણ જળવાશે. એ પ્રમાણે ધર્મ કરીએ તો એમાં વાંધો શું ? એમાં ખોટું શું છે ? એમ મોહરાજા સમજાવીને કુટુંબ પ્રત્યેની મારાપણાની બુધ્ધિને સ્થિર કરતો જાય છે. આ રીતે અનંતીવાર મનુષ્ય જન્મ મેળવીને અનંતીવાર ધર્મ જીવે કર્યો છતાં શુધ્ધ પરિણામ પેદા થયેલો નથી લાગતો અને સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે.

ધર્મક્રિયાઓ કરતા કરતા જ્યાં સુધી જીવના અંતરમાં ધર્મ મેળવવાની ઇચ્છા પેદા ન થાય, જિજ્ઞાસા પેદા ન થાય ત્યાં સુધી શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બંધાય એવી આશા રાખવાની નહિ. અર્થાત્ એ જિજ્ઞાસા પેદા થાય ત્યારથી જ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બંધાયા કરે છે અથવા બાંધવાની શરૂઆત થાય છે એમ જ્ઞાનીઓ કહે છે. અહીંથી જીવની લઘુકર્મીપણાની શરૂઆત થાય છે એમ ગણાય છે. સકામ નિર્જરાની શરૂઆત પણ અહીંથી જ થાય છે અને ધર્મની ગમવાની શરૂઆત થાય છે. આ રીતે ધર્મ ગમતો થાય છે એટલે ધર્મને જાણવાની, સમજવાની, સમજીને શક્તિ મુજબ જીવનમાં ઉતારવાની અને ધર્મને પેદા કરવાની ભાવનાઓ પેદા થતી જાય છે. જેમ જેમ ધર્મ પેદા થતો જાય તમ તેમ સ્થિર કરવાની ભાવના અને વિચારણાઓ પેદા થતી જાય છે.

આ વિચારણાઓના બળે અનુકૂળ પદાર્થોના રાગને ઓળખતો જાય છે. ઓળખીને એ રાગાદિને મંદ કરતો કરતો અનુકૂળ પદાર્થોમાં નિર્લેપ થવાનો પ્રયત્ન કરતો જાય છે આથી જ્ઞાની ભગવંતોએ કહેલા આત્મકલ્યાણ માટેના જે સાધનો અથવા અનુષ્ઠાનો એ આત્મિક ગુણ પેદા કરવામાં સહાયભૂત થતા હોવાથી એ સાધનો અથવા અનુષ્ઠાનો પ્રત્યે રાગ વધારતો જાય છે. દેવાધિદેવ અરિહંતો પ્રત્યે-અરિહંતની આજ્ઞા મુજબ વિચરતા સાધુઓ પ્રત્યે-અરિહંત પરમાત્માઓએ કહેલા ધર્મ પ્રત્યે રાગ વધારતો આત્મિક ગુણોને પેદા કરવાના પ્રયત્ન કરતો જાય છે. આ પ્રયત્નની શરૂઆતથી સમયે સમયે જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધતા જાય છે. સકામ નિર્જરા કરતા જાય છે અને બંધાયેલા ભવોની પરંપરાને નાશ કરતા જાય છે અને દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે રાગ વધારતા જાય છે જેને જ્ઞાનીઓએ પ્રશસ્ત રાગ કહેલો છે. જેમ જેમ પ્રશસ્ત રાગ વધતો જાય તેમ તેમ અંતરથી દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે ગમો વધતો જાય છે. જેટલે અંશે ગમો પેદા થતો જાય એટલે અંશે ઇચ્છિત પદાર્થો પ્રત્યે અણગમો વધતો જાય છે. નફ્રત ભાવ વધતો જાય છે અને આ મારા શત્રુ છે અને ભયંકર શત્રુરૂપે મારા આત્માને માટે કામ કરનારા છે એવો ભાવ વધતો જાય છે. આથી દેવ, ગુરૂ, ધર્મના ગમાના કારણે અનુષ્ઠાનોની ક્રિયા અત્યાર સુધી ઉતાવળથી થતી હતી તે સ્થિરતા પૂર્વક થતી જાય છે અને સાથે સાથે આત્મિક ગુણોની આંશિક અનુભૂતિ પેદા થતી જાય છે અને જેમ જેમ આત્મિક ગુણોની અનુભૂતિ વધતી જાય તેમ તેમ દેવ-ગુરૂ પ્રત્યે ઉપકાર બુધ્ધિનો ભાવ પેદા થતાં વધતો જાય છે. આ ઉપકાર બુધ્ધિના ભાવના પ્રતાપે જેમ જેમ અનુષ્ઠાનોમાં સ્થિરતા વધતી જાય છે તેમ તેમ ચિત્તની પ્રસન્નતા

પેદા થતી જાય છે અને એ અનુભૂતિનો આનંદ જે પેદા થાય છે તે અવર્ણનીય આનંદ હોય છે કે જે આનંદને કેવલી ભગવંતો પણ શબ્દથી પ્રગટ કરી શકતા નથી. આ આનંદની અનુભૂતિના કારણે ઇચ્છિત પદાર્થોના સુખનો અનુભવ અત્યાર સુધી જે એને કરેલો હતો તે હવે એ અનુભૂતિ-અનુભવ તુચ્છ રૂપે લાગે છે અને આવો અનુભવ આટલા કાળ સુધી મેં કેમ ન કર્યો ? એનો પશ્ચાતાપ અંતરમાં પેદા થતો જાય છે. આ આનંદની અનુભૂતિ અને પશ્ચાતાપ પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવાને પેદા થતાં થતાં એને ટકાવી રાખવામાં, વધારવામાં, સ્થિરતા પેદા કરવામાં ઇચ્છિત પદાર્થોનો ત્યાગ કરવો એ જ ઉત્તમ સાધન ગણાય છે. આવી બુધ્ધિ અંતરમાં વારંવાર પેદા થાય છે. આ બુધ્ધિના પ્રતાપે ઇચ્છિત પદાર્થોનો ત્યાગ અને ત્યાગ કરીને જીવાતું જીવન એના પ્રત્યે અંતરથી ગમો વધતો જાય છે અને જેમ જેમ ત્યાગી જીવન ગમતું થાય તેમ તેમ ઇચ્છિત પદાર્થોને ભોગવીને જીવાતું જીવન એને દુઃખરૂપ લાગ્યા જ કરે છે. અને ક્યારે આ ઇચ્છિત પદાર્થોનો ત્યાગી બની ત્યાગી જીવન જીવતો થાઉં ? એવો ભાવ-એવી વિચારણા વારંવાર પેદા થતી જાય છે. જેટલે અંશે ઇચ્છિત પદાર્થોનો ત્યાગ થતો નથી એટલે અંશે હું કમનસીબ છું કે જેથી ત્યાગ કરી શકતો નથી. આવી વિચારણાઓ ઇચ્છિત પદાર્થોને મેળવવામાં, ભોગવવામાં, સાચવવામાં, ટકાવવામાં વારંવાર પેદા થયા કરે છે અને આવી વિચારણાઓ લાંબા કાળ સુધી ટકી રહે એ રીતે પ્રયત્ન કરતો જાય છે અને પોતાના આત્માને કમનસીબ માનીને જીવન જીવતા જીવતા જે પુણ્યાત્માઓ ઇચ્છિત પદાર્થોનો ત્યાગ કરીને ત્યાગી બનીને ભગવાનની આજ્ઞા મુજબ ચારિત્રનું પાલન કરી રહેલા હોય એ આત્માઓ પ્રત્યે અંતરથી ધન્યતાનો અનુભવ પેદા થતો જાય છે. આ વિચારણાઓ લાંબાકાળ સુધી કરતા કરતા મિથ્યાત્વનો ઉદય ભાગવતા ભોગવતા ઉદયમાંથી મિથ્યાત્વનો નાશ કરતો જાય છે.

એટલે કે મિથ્યાત્વના રસનેમંદ કરીને મંદરસને ભોગવતા ભોગવતા આત્મામાં રહેલા ક્ષયોપશમ ભાવના ધર્મને પ્રાપ્ત કરતો જાય અને એની અનુભૂતિ કરતો જાય છે. ત્યાર પછી જ એ જીવ પુરૂષાર્થ કરીને ગ્રંથીભેદ કરવાનો પ્રયત્ન કરી ગ્રંથીભદ કરે છે એટલે કે સમકીત પામવાની પૂર્વકક્ષાને જીવ પ્રાપ્ત કરે છે. આ કક્ષામાં રહેલા જીવો વિચારણા કરે છે કે વર્તમાનમાં હું ત્યાગી નથી બનતો તે સંસારના રાગના પદાર્થોના કારણે કે મારા માટે ત્યાગ અશક્ય લાગે છે માટે ? આવી વિચારણાઓથી આત્મામાં અનાદિકાળથી રહેલા દોષોન્ જોર ઓછું થતાં થતાં નાશ પામતું જાય છે. આ રીતે અનાદિ દોષોને નાશ કરતા કરતા પુરૂષાર્થ કરીને જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે અને અંતરમાં જીવને થાય છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ આત્માને કેટલી દુર્લભ છે એ વાત દ્રઢ થતી જાય છે.

(૧) જ્યારે જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે ત્યારથી જીવ સમયે સમયે શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધ્યા કરે છે અને અશુભ પ્રકૃતિઓનો બે ઠાણીયો રસ બાંધતો જાય છે. સત્તામાં રહેલો અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ શુભ પ્રકૃતિઓમાં સંક્રમીત કરીને બે ઠાણીયો કરતો જાય છે અને દેવ, ગુરૂ, ધર્મની આરાધનામાં ક્રમસર આગળ વધતા વધતા ચિત્તની પ્રસન્નતામાં એકાગ્ર થતો જાય છે. સાથે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતો જાય છે અને વિચારણા કરતો જાય છે વારંવાર કે જ્ઞાની ભગવંતોએ કહેલું ઉપશમ સમકીત કે ક્ષયોપશમ સમકીત અતિશય દુર્લભ છે એ મને પ્રાપ્ત થયું છે કે નહિ ? આ વિચારણા શ્રી સૌધર્માસ્વામી ભગવાને છ વાત દુર્લભ રૂપે કહેલી છે એમાં સૌથી પહેલી વાત આ રીતે અતિશય દુર્લભ ચીજ પ્રાપ્ત કરવા માટેની વિચારણા કરવાનું કહેલું છે.

(૨) અનાદિકાળથી સંસારને વિષે પરિભ્રમણ કરતા જીવોને સન્નીપણું પ્રાપ્ત કરવું એ જેમ દુર્લભ

કહેલું છે અને એમાં પણ સમ્યક્ત્વ પામવું અતિશય દુર્લભ કહેલું છે. એની જેમ લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરવું એ પણ અતિશય દુર્લભ કહેલું છે કારણ કે આયુષ્ય હંમેશા ચંચળ હોય છે જે વિશિષ્ટ કોટિના પુણ્યપુરૂષો હોય છે એ જીવોમાં જેમકે શ્રી તીર્થંકર પરમાત્મા આદિ ત્રેસઠ શલાકા પુરૂષો. એ જીવોએ પોતાનું જેટલું આયુષ્ય બાંધેલું હોય એટલું અવશ્ય ભોગવીને પૂર્ણ કરી મરણ પામે છે. તેમજ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યોનું આયુષ્ય પણ અનપવર્તનીય હોય છે એટલે જેટલું બાંધ્યું હોય એટલું અવશ્ય ભોગવાય છે. દેવતા અને નારકીના જીવોને પણ એજ પ્રમાણે અવશ્ય આયુષ્ય ભોગવાય છે. બાકીના જીવોનું આયુષ્ય મોટેભાગે સોપક્રમ હોય છે એટલે કે નિમિત્ત પામતાની સાથે આયુષ્ય ઓછું થતા થતા લાંબુ આયુષ્ય પણ થોડાકાળમાં ભોગવાઇને પૂર્ણ થાય છે. આ કારણથી આયુષ્યની પ્રાપ્તિ ચંચળ રૂપે પ્રાપ્ત થયેલી હોવાથી પુરૂષાર્થ કરીને પ્રમાદનો ત્યાગ કરી આત્માને ધર્મ પામવા માટે મોહરાજાથી જાગ્રત કરવો જોઇએ. આ વિચારણા કરોને જીવધર્મ મેળવવા માટે અપ્રમત્તપણે જેટલો પુરૂષાર્થ કરે તેનાથી શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો જાય છે અને અશુભ પ્રકૃતિઓનો બે ઠાણીયો રસ બાંધતો જાય છે તેમજ સત્તામાં રહેલો અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ સંક્રમથી બે ઠાણીયા રસરૂપે કરતો જાય છે અને શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ ઉદયમાં પ્રાપ્ત કરીને દોષોનો નાશ કરતાં કરતાં ગુણોની પ્રાપ્તિ કરતો જાય છે.

(૩) માતા-પિતા-વડીલ અથવા કોઇપણ જીવને માટે એટલે કે સંસારના સંબંધથી બંધાયેલા જીવો માટે કોઇપણ પ્રકારનું પાપ કરવામાં આવે તો પણ કર્મરાજા એને છોડતો નથી. એ કરેલા પાપના યોગે આ ભયંકર સંસારમાં પોતાને જ ફરવાનો વખત આવે છે. માટે જ્ઞાનીઓની આજ્ઞા મુજબ પાપને પાપરૂપ માનીને પોતાના આત્માને પાપથી બચાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૪) જેના માટે પાપ કરો છો તે પાપનો વિપાક જ્યારે ઉદયમાં આવશે ત્યારે એ વિપાકના ફળને ભોગવવા માટે કોઇ એમાં ભાગ પડાવશે નહિ એના ફળને પોતાને એકલાને જ ભોગવવું પડશે કદાચ પુણ્યોદય હોય અને કોઇ પાપના ફળમાં બચાવવા માટે આવે તો પણ બચાવી શકતા નથી એટલે જે કોઇ પાપ મારા જીવનમાં કરૂં છું તેના ફળના વિપાકને મારે એકલાને જ ભોગવવું પડશે આવી વિચારણા કરી જેને જને માટે જીવ પાપ કરતો હોય એને માટે પાપનો ત્યાગ કરતો કરતો સંપૂર્ણ પાપ રહિત જીવન જીવવાની શક્તિ કેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. જેના પ્રતાપે જન્મ મરણનો નાશ થતો જાય અને કોઇ નિકાચીત કર્મ ન બંધાયું હોય તો થોડા કાળમાં શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

(૫) જે ચીજો માટે પાપ કરો છો એ ચીજો અથવા પદાર્થો મારા નથી આવી બુધ્ધિ સતત અંતરમાં પેદા કરવી જોઇએ. એ પદાર્થો પુણ્યોદય હોય ત્યાં સુધી જ તમારી સાથે રહેવાના છે. એ પદાર્થો સચેતન હોય એટલે જીવવાળા હોય કે અચેતન એટલે જીવ વગરના હોય તો પણ પુણ્યોદય પૂર્ણ થાય કે તરત જ એ એકેય પદાર્થો રહી શકતા નથી માટે એ બધી ચીજો પારકી છે પણ મારી નથી આવી બુધ્ધિ અંતરમાં સતત જાગ્રત રહેવી જોઇએ.

(૬) જે ચીજો પારકી છે તો પણ કદાચ તમારો પુણ્યોદય હોય અને તમે જીવો ત્યાં સુધી એ પદાર્થો કદાચ તમારી પાસેથી ન પણ ખસે તો પણ છેવટે આયુષ્ય પૂર્ણ થયે તમારે મૂકોને જ જવું પડશે આવી વિચારણા પણ સતત કરવી જોઇએ.

આ છ વાતો જીવ રોજરોજ વિચારણા રૂપે ચાલુ રાખે તો અનાદિકાળથી ઇચ્છિત પદાર્થો પ્રત્યે ગાઢ

રાગ રહેલો છે એ ધીમે ધીમે ઓછો થતાં આત્મબલ પેદા થતાં જીવ ગ્રંથીભેદ સુધી પહોંચીને સમકીતની પ્રાપ્તિ કરી શકે છે. માટે શ્રી સુધર્માસ્વામી ભગવાને આ છએ વાતોને મોહના તાળાને ઉઘાડવાની ચાવીઓ રૂપે કહેલી છે. જેમ જેમ જીવ આની વિચારણા વારંવાર કરે તેમ તેમ જીવને ધર્મની પ્રાપ્તિ સુલભ થતી જાય છે. આ રીતે ધર્મની પ્રાપ્તિ કરતા કરતા જીવ ઉપશમ સમકીત અથવા ક્ષયોપશમ સમકીતને પ્રાપ્ત કરી સારો કાળ હોય એટલે તીર્થંકરોનો કાળ હોય-પ્રથમ સંઘયણ હોય-આઠ વરસ ઉપરની ઉંમર હોય અને મનુષ્ય જન્મ મળેલો હોય તો જીવ ક્ષયોપશમ સમકીતના કાળમાં શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતા બાંધતા ઉદયમાં લાવીને ગુણ પ્રાપ્તિ કરતો કરતો મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય એ ત્રણનો ક્ષય કરતા પહેલા અનંતાનુબંધિ ચારે કષાયના પુદ્ગલોને નાશ કરી એ ત્રણેય દર્શન મોહનીયનો સંપૂર્ણ નાશ કરે છે અને જીવો ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે છે એ ક્ષાયિક સમકીત પામતા પહેલા કોઇપણ ગતિનું આયુષ્ય બંધાઇ ગયું હોય તો એ જીવો સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતા નથી. એવી જ રીતે ક્ષયોપસમ સમકીતના કાળમાં જે જીવોએ તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલ હોય તે જીવો પણ સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકતા નથી. (ક્ષપકશ્રેણી વાળા ગુણસ્થાનકને આશ્રયીને સમજવું) આયુષ્ય ન બંધાયેલું હોય અને જિનનામ નિકાચીત થયેલું ન હોય એવા જીવો ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરીને પુણ્ય પ્રકૃતિના ઉદયને ભોગવતા સામર્થ્યયોગ રૂપે સત્વ પેદા કરીને ક્ષયોપશમ ભાવના ધર્મને નાશ કરવા માટે ક્ષાયિક ભાવના ધર્મને પ્રાપ્ત કરવા માટે જીવ સૌથી પહેલા મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરે છે જેને ક્ષપકશ્રેણિ કહેવાય છે.

એટલે કે શુભ પ્રકૃતિઓનો રસ ભોગવતાં સાથે સાથે અશુભ પ્રકૃતિઓનો અલ્પ રસ ભોગવતા સંપૂર્ણ રાગ દ્વેષથી રહિત થઇ વીતરાગ દશાને પ્રાપ્ત કરી ક્ષાયિક ચારિત્રને પ્રાપ્ત કરે છે અને થોડોક કાળ વિશ્રામ કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો સંપૂર્ણ નાશ કરી ક્ષાયિક જ્ઞાન, ક્ષાયિક દર્શન અને ક્ષાયિક વીર્યને પ્રાપ્ત કરે છે જેને કેવલજ્ઞાનની પ્રાપ્તિ કહેવાય છે.

કેવલજ્ઞાનીનો કાળ ઉત્કૃષ્ટથી આઠ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વરસ સુધી ભોગવતા અનેક જીવોને કેવલજ્ઞાન પામવાના માર્ગમાં જોડતા છેલ્લા અંતર્મુહૂર્તે મન-વચન-કાયાના યોગના વ્યાપારને સંપૂર્ણ નાશ કરીને યોગ રહિતપણું પ્રાપ્ત કરે છે. આ બધો પુરૂષાર્થ જીવ શુભ પ્રકૃતિઓના પુણ્યના ઉદયકાળમાં કરતો જાય છે અને છેલ્લે એજ પુણ્ય, આયુષ્યનો ભોગવટો પૂર્ણ થતાં વેદનીય-આયુષ્ય-નામ અને ગોત્ર એ કર્મોનો સંપૂર્ણ નાશ કરે છે અને જીવ સિધ્ધિગતિને પામે છે.

આથી નિશ્ચિત થાય છેકે શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ દોષોને નાશ કરવામાં અને ગુણ પ્રાપ્તિમાં સહાયભૂત થતો હોવાથી છેલ્લે સંપૂર્ણ ગુણોને પ્રાપ્ત કરાવી એની જાતે જ આત્મપ્રદેશોથી છૂટા પડીને શુભ પ્રકૃતિઓના પુદ્ગલો જગતને વિષે વિખરાઇ જાય છે એટલે નાશ પામે છે. આથી શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ પ્રશસ્ત રૂપે કહેવાય છે.

દશમા ગુણસ્થાનકે ઉપશમ શ્રેણિવાળા જીવો સંજ્વલન લોભનો સંપૂર્ણ ઉપશમ કરીને અગ્યારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ઉપશમ હોય છે. ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી રાગ-દ્વેષના ઉદય વગરનો કાળ હોય છે અને ત્યારે એ જીવો વીતરાગદશાનો અનુભવ કરે છે. ત્યાર પછી દશમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે સંજ્વલન લોભનો ઉદય પેદા થાય છે અને તે વખતે બે ઠાણીયા રસનો બંધ શરૂ કરે છે.

(૧) પુરૂષ વેદનો બંધ એક ઠાણીયા રસ નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે ક્ષપકશ્રેણિવાળો જીવ બંધવિચ્છેદ અને ઉદય ઉચ્છેદ જે સમયે કરતો હોય તે સમયે બાંધે છે.

(૨) સંજ્વલન ક્રાધનો નવમા ગુણસ્થાનકના બીજા ભાગે ક્ષપક શ્રેણિવાળા જીવો બંધવિચ્છેદ અને ઉદય વિચ્છેદ કરતા હોય ત્યારે એક ઠાણીયા રસે રસબંધ કરે છે.

(૩) નવમા ગુણસ્થાનકના ત્રીજા ભાગે સંજ્વલન માનનો ક્ષપક શ્રેણિવાળા જીવો બંધ વિચ્છેદ અને ઉદય વિચ્છેદ સમયે એક ઠાણીયો રસ બાંધે છે.

(૪) નવમા ગુણસ્થાનકના ચોથા ભાગે સંજ્વલન માયાનો ક્ષપક શ્રેણિવાળા જીવો બંધ વિચ્છેદ અને ઉદય વિચ્છેદ સમયે એક ઠાણીયો રસ બાંધે છે.

(૫) સંજ્વલન લોભનો બંધ વિચ્છેદ નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગે.

(૬) મતિજ્ઞાનાવરણીય આદિ-૪ દર્શનાવરણીયની ત્રણ અને અંતરાયની પાંચ આ બાર પ્રકૃતિઓનો ક્ષપકશ્રણિવાળા જીવો દશમા ગુણસ્થાનકે બંધ વિચ્છેદ અને ઉદય વિચ્છેદ સમયે એક ઠાણીયો રસ બાંધે છે.

(૭) શાતા વેદનીય, યશનામકર્મ, ઉચ્ચગોત્ર. આ ત્રણ પ્રકૃતિઓ શુભ હોવાથી દશમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણિવાળા જીવો બંધ વિચ્છેદ અને ઉદય વિચ્છેદ સમયે ચાર ઠાણીયો શુભરસ બાંધે છે જેનો ઉદય એ જીવો બારમા તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે ભોગવે છે.

(૮) કોઇ જીવોએ છ ગુણસ્થાનક સુધીમાં અશાતા વેદનીયનો ચાર ઠાણીયો અશુભ રસ નિકાચીત રૂપે બાંધ્યો હોય તો તે રસ તેરમા ગુણસ્થાનકે વિપાકથી એટલે ઉદયથી અવશ્ય ભોગવીને નાશ કરે છે.

(૯) સામાન્ય રીતે નિયમ છે કે જે જીવો સાતમા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકને પ્રાપ્ત કરતા જાય એ જીવોને મોટે ભાગે ઉપસર્ગો આવતા નથી અને દેવતાઓ એ જીવોનું સંહરણ પણ કરતા નથી.

મહાવિદેહ ક્ષેત્રમાં જે જીવો વર્તમાનમાં ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે એ જીવોને નવમા ગુણસ્થાનકે તથા દશમા ગુણસ્થાનકે જે વિશુધ્ધિ પ્રાપ્ત થાય છે એજ વિશુધ્ધિ અત્યાર સુધી અનંતા જીવો ક્ષપક શ્રેણિ પ્રાપ્ત કરી મોક્ષે ગયા એ જીવોને હતી અને ભવિષ્યમાં એ ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરનારા જીવોને પણ એટલીજ વિશુધ્ધિ રહેશે એટલે કે પ્રાપ્ત થશે અને તે વખતે એ દરેક જીવો સત્તર પ્રકૃતિઓનો એક ઠાણીયો રસ બાંધે તેમાં બાર પ્રકૃતિનો એક ઠાણીયો ઇત્યાદિ ઉપર જણાવ્યા મુજબ રસબંધ કરે છે.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા જીવોને એક પાપ ભીરૂતા ગુણના પ્રતાપે જેમ જેમ પાપ ભીરૂતાનો સંસ્કાર મજબુત થતો જાય તેમ તેમ પાપની પ્રવૃત્તિની ઉદાસીનતાથી ઇચ્છિત પદાર્થોમાં સુખની બુધ્ધિ નાશ પામતી જાય છે અને ઇષ્ટ પદાર્થોના સ્ખ કરતાં દુનિયામાં ચઢીયાતું બીજુ કોઇ સુખ નથી આથી એને મેળવવાની એ સુખને સન્મુખ થવાની અને એ સુખ કેવા પ્રકારનું હોવું જોઇએ ? એ સુખ ક્યાં રહેલું છે ? એ જાણવાની જિજ્ઞાસા વધતી જાય છે. જેમ જેમ જિજ્ઞાસા વધતી જાય એ જીવોને પ્રકૃતિ અભિમુખ જીવો કહેવાય છે.

પ્રકૃતિ એટલ ઇષ્ટસુખ.

આ રીતે જેમ જેમ પાપભીરૂતા ગુણથી જે પુણ્ય બંધાય તે સાધુનો સહવાસ કરાવે. સાધુના સહવાસથી જે પુણ્ય બંધાય તે પાપની પ્રવૃત્તિમાં ઉદાસીન ભાવ પેદા કરાવે છે અને પાપની પ્રવૃત્તિની

ઉદાસીનતાથી જે પુણ્ય બંધાય તે ઇષ્ટ સુખની અભિમુખ થવાય એ રીતે ઉદયમાં આવે છે એટલે કે જીવને આત્મિક સુખને અભિમુખ બનાવે છે. જીવ જ્યારે પોતાના આત્માની અભિમુખ બને છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી પેદા થયેલું જ્ઞાન અત્યાર સુધી મિથ્યાજ્ઞાન રૂપે કામ કરતું હતું તે હવે સમ્યગ્જ્ઞાન રૂપે કામ કરતું થાય છે.

જેમ જેમ જીવ આત્મિક સુખને અભિમુખ વારંવાર વિચારણા કરતો થાય છે એના પ્રતાપે ઇચ્છિત પદાર્થોના સુખ કરતાં ઇષ્ટ પદાર્થોનું સુખ ચઢીયાતું છે એવો અંતરમાં ભાસ થાય છે અને એ સુખની આંશિક અનુભૂતિ થાય છે અને એ આંશિક અનુભૂતિનો આનંદ ઇચ્છિત પદાર્થોના સુખ કરતા અધિક આનંદ પેદા કરાવે છે અને એ આનંદ જેમ જેમ વધતો જાય છે અને સ્થિર બનતો જાય છે તેમ તેમ જીવને અપુનર્બંધક દશાના પરિણામ પ્રાપ્ત થતા જાય છે એટલે કે જીવ મોક્ષના અભિલાષવાળો અથવા મોક્ષની રૂચિવાળો થયો એમ ગણાય છે.

એ મોક્ષની રૂચિ અંતરમાં પેદા થઇ છે એ વાસ્તવિક ભગવાનની આજ્ઞા મુજબની છે એ જાણવા એના અંતરમાં ઇચ્છિત પદાર્થોનું મનુષ્ય લોકનું સુખ અને દેવલોકના સુખો દુઃખરૂપ છે. દુઃખનું ફ્લ આપનાર છે અને દુઃખની પરંપરા વધારનારૂં છે એવો અનુભવ પેદા થતો જાય છે. એ અનુભવના કારણે જ્યારે જ્યારે જ્યાં જ્યાં મોક્ષની વાતો સાંભળવા મલતી હોય-મોક્ષના અભિલાષી જીવો પોતાનું જીવન કઇ રીતે જીવતા હોય ? એ સાંભળવા મલતું હોય તો તે સમયે ઇચ્છિત પદાર્થોનું ગમે તેવું કાર્ય હોય તો પણ એને દૂર કરીને ઇષ્ટ પદાર્થોની વાતો જાણવા માટે તલ પાપડ થઇને દોડાદોડ કરતો હોય છે. આવી વિચારણાઓ અને શક્તિ મુજબની આવી પ્રવૃત્તિઓ જેમ જેમ જીવનમાં કરતો જાય છે તેમ તેમ શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ વિશેષ રીતે તીવ્રરૂપે બાંધતો જાય છે અને અંતર્મુહૂર્તમાં ઉદયમાં લાવીને એનો ભોગવટો કરતો જાય છે. આજ જીવનું પ્રત્યક્ષ મોક્ષનું સુખ કહેવાય છે. આથી અંતરમાં મોક્ષનો અભિલાષ કે મોક્ષની રૂચિ પેદા થયેલી છે તે નાશ ન પામી જાય અને ઉત્તરોત્તર વધ્ધિ કેમ પામતી જાય એવો પ્રયત્ન કરવામાં સતત જાગ્રત રહે છે. આવા જીવોને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે જ્ઞાન પ્રાપ્ત થયેલું છે તે હવે આત્મિક ગુણને પેદા કરવામાં સહાયભૂત થાય છે એટલે કે ઇષ્ટ સુખને મેળવવામાં પેદા કરવામાં અને જીવને આગળ વધવામાં સહાયભૂત થતું હોવાથી એ જ્ઞાનને પ્રવર્તકજ્ઞાન કહેવાય છે.

આ પ્રવર્તક જ્ઞાનના બળે જીવ મિથ્યાત્વ મોહનીય કર્મનો ચાર ઠાણીયો રસ સત્તામાં રહેલો હોય છે એને ત્રણ ઠાણીયા રૂપે અથવા બે ઠાણીયા રૂપે પોતાના અધ્યવસાયના બળે એટલે પરિણામના બળે કરતો જાય છે આથી આ પ્રવર્તક જ્ઞાનના બળે જીવના અંતરમાં કેવલજ્ઞાની ભગવંતો પોતાના જ્ઞાનથી જગતમાં રહેલા પદાર્થોને જેવા સ્વરૂપે જોઇ રહેલા છે અને જાણે છે એવા સ્વરૂપે આ જ્ઞાનવાળા જીવો જાણે છે. એટલે કે પ્રવર્તક જ્ઞાનના બળથી છોડવા લાયક પદાર્થોને, છોડવા લાયક રૂપે અને ગ્રહણ કરવાલાયક પદાર્થોને ગ્રહણ કરવાલાયક રૂપે, બીજરૂપે અંતરમાં જ્ઞાન શરૂ થાય છે અને આ જ્ઞાનના બળે ઇષ્ટ પદાર્થના સાધ્યનું લક્ષ્ય અંતરમાં મજબૂત થતું જાય છે. એ સાધ્યને સિધ્ધ કરવા માટે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ ભાવથી મન, વચન, કાયાના યોગનો વ્યાપાર સમ્યક્પ્રવૃત્તિ રૂપે ચાલુ થાય છે. જેને સમ્યક્પ્રવર્તન યોગ કહેવાય છે.

ગુણહીન ગુણસ્થાનકમાં જીવ પાપ ભીરૂતા, સાધુ મહાત્માનો યોગ, ગાંભીર્ય ગુણ આ ત્રણ પુરૂષાર્થથી પ્રાપ્ત કરતો જાય છે. આ ગુણો ગુણહીનમાં પ્રાપ્ત કરે તો જ જીવ ગુણયુક્ત ગુણસ્થાનકમાં દાખલ થઇ શકે.

જ્ઞાની ભગવંતો કહે છે કે દેવલોકમાં રહેલા દેવતાઓ લોભ કષાયના ઉદયથી પોતાને મળેલી

સામગ્રીને વિષે અતિતીવ્ર લોભ પેદા કરીને અત્યંત મમત્વ બુધ્ધિ પેદા કરતા કરતા રૌદ્રધ્યાનના પરિણામને પ્રાપ્ત કરે છે એ રૌદ્રધ્યાનના પરિણામમાં દેવતાઓ નરકગતિનો બંધ કરતા ન હોવાથી નિયમા એકેન્દ્રિય જાતિનો બંધ કરે છે અને જે પદાર્થ પ્રત્યે અત્યંત મમત્વ બુધ્ધિ રહેલી હોય છે તે પદાર્થમાં એકેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધી દેવલોકમાંથી ચ્યવન પામી એકેન્દ્રિયપણામાં પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો ઉત્કૃષ્ટ આયુષ્ય રૂપે બાવીશ હજાર વર્ષમાં-અપ્કાયમાં ઉત્પન્ન થાય તો સાત હજાર વર્ષમાં અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય તો દશ હજાર વર્ષના આયુષ્યમાં ઉત્પન્ન થાય છે અને એક સાથે આવા આયુષ્યવાળા આઠ ભવો ઉત્કૃષ્ટથી કરે છે.

જ્ઞાની ભગવંતોએ કહ્યું છેકે આર્યદેશમાં જન્મેલા જીવોને અનાર્યદેશોમાં જન્મેલા મનુષ્યો કરતા અનુકૂળ પદાર્થો પ્રત્યેનો રાગ કાંઇક મંદ કોટિનો હોય છે માટેજ આર્યદેશમાં જન્મેલા જીવો આર્ય સંસ્કૃતિના ગુણોનું આચરણ કરતા થાય છે. આથી જ્યારે પુરૂષાર્થથી પાપભીરૂતા ગુણ આવે ત્યારે આર્ય સંસ્કૃતિથી જીવન જીવનારો જીવ પાપ કરવાને બદલે રાગવળા પદાર્થો જે પાપ કરાવવા ઇચ્છા અને વિચારણાઓની પ્રેરણા કરે છે એવા પદાર્થોનો ત્યાગ કરવા તૈયાર થઇ જશે. કારણ કે આવા પાપ કરીને ભવાંતરમાં મારા આત્માને દુઃખી કરવો એના કરતા એ સામગ્રી વગર ચલાવી લેવું વધારે પસંદ કરશે.

આ વિચાર ધારા અંતરમાં કોઇપણ સ્વાર્થ વગરની હોય તો તે વખતે બંધાતી શુભ પ્રકૃતિઓ ચાર ઠાણીયા રસે બંધાય છે અને અશુભ પ્રકૃતિઓ જે બંધાતી હોય તે બે ઠાણીયા રસે બંધાય છે. આ અવસ્થા ગુણહીન મિથ્યાત્વમાં રહેલા જીવો પુરૂષાર્થથી પ્રાપ્ત કરી શકે છે.

દેવની ભક્તિ કરતા કરતા અંતરથી દેવ થવાની ઇચ્છા ન થાય, સાધુની ભક્તિ કરતા કરતા અંતરથી સાધુ થવાની ભાવના ન થાય, ધર્મની પ્રવૃત્તિ કરવા છતાં પોતાના આત્મામાં રહેલા ધર્મને પેદા કરવાની ઇચ્છા ન થાય ત્યાં સુધી જીવોને દેવ, ગુરૂ, ધર્મની પ્રવૃત્તિ કરવા છતાં એ ધર્મની આરાધનાથી પુણ્ય બંધાય એમાં જો અધિક પુણ્ય ભેગું થયેલું હોય તો દેવલોકાદિની સામગ્રી પ્રાપ્ત થાય પણ એ ધર્મથી જીવ આત્મિક ગુણની સન્મુખ થઇ શકતો ન હોવાથી તે વખતે બંધાતી અશુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધે છે. શુભ પ્રકૃતિઓનો રસ બે ઠાણીયા રસે બાંધતો જાય પણ પુણ્યાનુબંધી પુણ્ય રૂપે શુભ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધતો નથી. આના પ્રતાપે ધર્મ પ્રવૃત્તિ સિવાયના સમયમાં ઇચ્છિત પદાર્થોને મેળવવા આદિની પ્રધાનતાવાળો જીવ હોવાથી અને એની પ્રવૃત્તિઓ કરવાથી જીવ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરીન્દ્રિય આ ત્રણ જાતિમાંથી કોઇપણ જાતિનો બંધ કરી શકે છે. જો અંતરમાં ઇચ્છિત પદાર્થોની પ્રધાનતાથી આસક્તિ-મમત્વ બુધ્ધિ વિશેષ રીતે રહેલી હોય તો સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ એ ત્રણ પ્રકૃતિઓનો (અશુભ પ્રકૃતિઓનો) ચાર ઠાણીયો રસ બાંધે છે. અથવા નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય એ ત્રણ પ્રકૃતિઓનો ચાર ઠાણીયો રસ બાંધી શકે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય, સૂક્ષ્મ અપર્યાપ્ત, સાધરણ, નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય. આ નવ પ્રકૃતિઓને નારકીના જીવો અને દેવલોકના જીવો બાંધી શકતા નથી કારણ કે એ જીવોને આ પ્રકૃતિઓને બાંધવા માટેના પરિણામ પેદા થઇ શકતા જ નથી માટે આ નવ પ્રકૃતિઓને ઉત્કૃષ્ટ રસબંધ સન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો અને મનુષ્યો કરે છે.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરીન્દ્રિય. આ ત્રણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ તેવા તેવા પ્રકારના આર્તધ્યાનના પરિણામથી બાંધે છે. સૂક્ષ્મ-અપર્યાપ્ત અને સાધારણ આ ત્રણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ

તીવ્ર અશુભ આર્તધ્યાનમાં એકેન્દ્રિય જાતિનો બંધ કરતા બાંધે છે. નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્યનો ઉત્કૃષ્ટ રસબંધ તીવ્ર રૌદ્રધ્યાનના પરિણામમાં રહેલા મનુષ્ય તિર્યંચો બાંધે છે.

આ રીતે ગુણહીન ગુણસ્થાનકમાં રહેલા જીવો દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરવા છતાં સંસારના પદાર્થો પ્રત્યે આસક્તિ મમત્વ બુધ્ધિ જ્યાં સુધી સ્થિર રહેલી હોય ત્યાં સુધી ધર્મ પ્રવૃત્તિ સિવાયના કાળમાં આર્તધ્યાન રૌદ્રધ્યાનના પરિણામથી ચાર ઠાણીયો રસ બાંધે છે.

તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યનો ઉત્કૃષ્ટ રસ બંધ ચાર ઠાણીયો રસ મનુષ્ય અને તિર્યંચો કરે છે કારણ કે દેવતા અને નારકીના જીવો તિર્યંચ અને મનુષ્ય આયુષ્યનો બંધ કરે છે છતાં ઉત્કૃષ્ટ રસબંધ કરતા જ નથી કારણકે એવા પરિણામ પેદા થઇ શકતા જ નથી માટે એ જીવો આયુષ્યનો બંધ કરેતો ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વરસનું આયુષ્ય બાંધી શકે છે જ્યારે મનુષ્ય-તિર્યંચો ત્રણ પલ્યોપમનું આયુષ્ય બાંધી શકે છે. બે આયુષ્ય પુણ્ય પ્રકૃતિ હોવાથી એનો ઉત્કૃષ્ટ રસ બાંધવા માટે તેવા પ્રકારની વિશુધ્ધિ આત્મામાં પેદા થાય ત્યારે જ બાંધી શકે છે અને પહેલા ગુણસ્થાનકમાં જ બાંધી શકે છે કારણ કે સમકીતી મનુષ્ય અને તિર્યંચો સમકીતની હાજરીમાં નિયમા દેવાયુષ્યનો બંધ કરે છે.

ચારે ગતિના સન્ની પર્યાપ્તા જીવો ગ્રંથીદેશ સુધીમાં રહેલા હોય એવા જીવો તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, છેવઠ્ઠુ સંઘયણ. આ ત્રણેય પ્રકૃતિઓનો બંધ પરાવર્તમાન રૂપે કરે છે. આ અશુભ પ્રકૃતિઓ હોવાથી ચાર ઠાણીયા રસે બાંધવા માટે આર્તધ્યાનની તીવ્રતાનો પરિણામ હોય તો જ બાંધી શકે છે કે જે આર્તધ્યાન પછી અનંતર સમયે જીવ રૌદ્રધ્યાનનો પરિણામ પેદા કરવાનો હોય એવા આર્તધ્યાનથી બાંધે છે માટે આવા તીવ્ર પરિણામવાળા મનુષ્ય અને તિર્યંચો નરકગતિનો બંધ કરે છે માટે તિર્યંચગતિ આદિ પ્રકૃતિઓને બાંધતા નથી. ભવનપતિથી શરૂ કરી વૈમાનિકના પહેલા બીજા દેવલોકના દેવોને આવા પરિણામ હોય તો એકેન્દ્રિય જાતિ આદિ ઉત્કૃષ્ટ રસે બાંધે છે માટે વૈમાનિકના ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો તિર્યંચગતિ-તિર્યંચાનુપૂર્વી-છેવઠુ સંઘયણ. આ ત્રણ પ્રકૃતિઓનો પ્રકૃતિઓનો તીવ્ર આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામથી ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

આથી જ્ઞાની ભગવંતો જણાવે છે કે ગ્રંથીદેશે આવ્યા પછી પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાની જિજ્ઞાસા પેદા થવી એ અતિશય દુર્લભરૂપે ગણાય છે. કોક લઘુકર્મી ભવ્ય જીવોજ પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાની જિજ્ઞાસા પેદા કરી શકે છે.

સાતમી નારકીમાં રહેલા અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવો જાતિસ્મરણ જ્ઞાન પેદા થતાં અથવા એક બીજાના પરસ્પર દુઃખની વેદના જોઇને અથવા પાપનો પશ્ચાતાપ કરતા અથવા કોઇ દેવ મિત્રતાના કારણે રાગથી ખેંચાઇને દુઃખથી છોડાવવા માટે, પ્રતિબોધ કરવા માટે સાતમી નારકીમા જાય આવા જીવો પુરૂષાર્થ કરી લઘુકર્મી બનીને સમકીતની પ્રાપ્તિ કરી શકે છે.

એ સમકીતની પ્રાપ્તિ કરવા માટે પોતાના રાગાદિ પરિણામને ઓળખીને મોક્ષના અભિલાષી બની અપુનર્બંધક દશાના પરિણામને પ્રાપ્ત કરે. ક્રમસર અનંત ગુણ વિશુધ્ધિને પ્રાપ્ત કરતા અપૂર્વકરણ અધ્યવસાયને પ્રાપ્ત કરે એનાથી ગ્રંથીભેદ કરે અને અનિવૃત્તિકરણના અધ્યવસાયને પ્રાપ્ત કરે છે એ અધ્યવસાય એક અંતર્મુહૂર્ત સુધી રહે છે અને એ કાળના છેલ્લા સમય સુધી મિથ્યાત્વ મોહનીય ઉદયમાં રહેલું હોય છે એ અનિવૃત્તિકરણના છેલ્લા સમયે જીવ ઉદ્યોત નામકર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી ચાર ઠાણીયા રસે બાંધે છે.

પુણ્ય પ્રકૃતિઓ ચાર ઠાણીયા રસે બાંધવા માટે વિશુધ્ધિ જોઇએ.

સાતમી નારકીમાં જે વિશુધ્ધિ પ્રાપ્ત થયેલી છે એવી વિશુધ્ધિ છ નારકીમાં-દેવલોકમાં રહેલા નવમા ગ્રૈવેયક સુધીના દેવોને પ્રાપ્ત થાય છે પણ તે વખતે સાતમી નારકી સિવાયના બાકીના એ જીવો મનુષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વીનો બંધ કરતા હોવાથી ઉદ્યોત નામકર્મ બંધાતું જ નથી. જ્યારે સાતમી નારકીમાં રહેલા જીવોને એટલી વિશુધ્ધિમાં તિર્યંચગતિનો બંધ જ કરતા હોવાથી ઉદ્યોત નામકર્મનો બંધ કરી શકે છે માટે ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે અને તેજ વખતે એ સાતમી નારકીના જીવો એ વિશુધ્ધિમાં તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી અને નીચગોત્ર. આ ત્રણ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ કરે છે કારણકે આ ત્રણ પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ હોવાથી આવી વિશુધ્ધિમાં જઘન્ય રસે બાંધે છે.

મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ અને પહેલું સંઘયણ. આ પાંચ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ ચોથા ગુણસ્થાનકમાં રહેલા સમકીતી દેવો કરે છે. નારકીના જીવો સમકીતની હાજરીમાં આ પાંચ પ્રકૃતિનો સતત બંધ કરે છે પણ ઉત્કૃષ્ટ રસ બાંધવા માટે એટલી વિશુધ્ધિ નથી. સમકીતી મનુષ્ય અને તિર્યંચો આ પાંચ પ્રકૃતિનો બંધ કરતા જ નથી માટે દેવો બાંધે છે એમ કહેલ છે.

દેવાયુષ્યનો ઉત્કૃષ્ટ રસબંધ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા જીવો સાતમા ગુણસ્થાનકની સન્મુખ થયેલા હોય એ જીવો બાંધે છે કે જે અનંતર સમયે સાતમા ગુણસ્થાનકના પરિણામને પામશે એવા જીવો બાંધે છે.

દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રીય શરીર, આહારક શરીર, વૈક્રીય અંગોપાંગ, આહારક અંગોપાંગ, શુભ વિહાયોગતિ, શુભ વર્ણાદિચાર, તૈજસ-કાર્મણ શરીર, જિનનામ, પહેલું સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, અગુરૂલઘુ-નિર્માણ, ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, પંચેન્દ્રિય જાતિ. આ ઓગણત્રીશ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે ક્ષપક શ્રેણિવાળા જીવો બંધ વિચ્છેદ સમયે બાંધે છ. આ ચાર ઠાણીયો રસ તેરમા ગુમસ્થાનકે સંક્રમથી ઉદયમાં ભોગવીને નાશ કરે છે. કેટલીક પ્રકૃતિઓને ઉદયમાં ભોગવીને નાશ કરે છે.

શાતાવેદનીય, ઉચ્ચગોત્ર અને યશનામકર્મ. આ ત્રણ પ્રકૃતિઓ ક્ષપકશ્રેણિવાળા જીવો દશમા ગુણસ્થાનકના છેલ્લા સમયે ચાર ઠાણીયા રસે બાંધે છે. આ બાંધેલો રસ તેરમા-ચૌદમા ગુણસ્થાનકે ભોગવાય છે.

બાકીની ૬૪ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ ચારે ગતિમાં રહેલા સન્ની પર્યાપ્તા જીવો કરે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકમાં રહેલા હોય તે.

જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૯, વેદની-૧, મોહ-૨૬, આયુ-૦, નામ-૧૭, ગોત્ર-૧, અંત-૫ = ૬૪.

વેદનીય-૧. અશાતા વદનીય, ગોત્ર-૧. નીચગોત્ર.

નામ-૧૭. મધ્યમ ચાર સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

નરકગતિમાં એકથી છ નારકીના જીવો ૬૪ + તિર્યંચગતિ તિર્યંચાનુપૂર્વી, છેવઠ્ઠુ સંઘયણ એમ સડસઠ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છ.

સાતમી નારકીના જીવો ઉપરની ૬૭ + ઉદ્યોત નામકર્મ સાથે અડસઠ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ

કરે છે. તિર્યંચગતિમાં સન્ની પર્યા. તિર્યંચો ૭૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

જ્ઞા. ૫, દર્શ. ૯, વેદ. ૧, મોહ. ૨૬, આયુ. ૩, નામ. ૨૫, ગોત્ર.૧, અંત.૫ = ૭૫.

વેદનીય-૧. અશાતા વેદનીય. ગોત્ર-૧. નીચગોત્ર.

આયુષ્ય-૩. નરક, તિર્યંચ, મનુષ્ય.

નામ-૨૫. નરકગતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય જાતિ, મધ્યમ ચાર સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ. નરકાનુપૂર્વી, ઉપઘાત, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ. સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ.

મનુષ્યગતિના જીવો ૧૦૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

જ્ઞાના. ૫, દર્શ. ૯, વેદ.૨, મોહ.૨૬, આયુ. ૪, નામ. ૫૫, ગોત્ર. ૨, અંત. ૫ = ૧૦૮.

નામ-૫૫. નરક, દેવગતિ, બેઇ, તેઇ. ચઉ, પંચે જાતિ, વૈક્રીય, આહારક, તૈજસ, કાર્મણ શરીર, વૈક્રીય, આહારક, અંગોપાંગ, મધ્યમ ૪ સંઘયણ, ૬ સંસ્થાન, શુભ વર્ણાદિ-૪, નરકાનુપૂર્વી, દેવાનુપૂર્વી, ૨ વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, અગુરૂલઘુ, જિનનામ, નિર્માણ, ઉપઘાત. ત્રસની-૧૦. સૂક્ષ્મ-અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

ભવનપતિ-વ્યંતર. જ્યોતિષ, વૈમાનિકના પહેલા દેવલોક ના દેવો ૭૨ પ્રકૃતિઓનો ઉત્કષ્ટ રસબંધ કરે છે.

જ્ઞા. ૫, દર્શ. ૯, વેદ. ૧, મોહ. ૨૬, આયુ. ૦, નામ. ૨૫, ગોત્ર.૧, અંત.૫ = ૭૨.

વેદનીય-૧. અશાતા વેદનીય. ગોત્ર-૧. નીચગોત્ર.

નામ-૨૫. એકેન્દ્રિય જાતિ, મધ્યમ, ૪ સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન અશુભ વિહાયોગતિ, આતપ, ઉપઘાત, સ્થાવર, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ, મનુષ્યગતિ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, પહેલું સંઘયણ, મનુષ્યાનુપૂર્વી.

વૈમાનિકના ત્રીજા દેવલોકથી આઠમા દેવલોક સુધીના દેવો ૭૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

જ્ઞા. ૫, દર્શ. ૯, વેદ. ૧, મોહ. ૨૬, આયુ. ૦, નામ. ૨૫, ગોત્ર.૧, અંત.૫ = ૭૨.

વેદનીય-૧. અશાતા વેદનીય. ગોત્ર-૧. નીચગોત્ર.

નામ-૨૫. તિર્યંચગતિ, છેલ્લા પાંચ સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન, તિર્યંચાનુપૂર્વી, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ, મનુષ્યગતિ, ઔદારિક શરીર, ઔદારીક અંગોપાંગ, પહેલું સંઘયણ, મનુષ્યાનુપૂર્વી.

વૈમાનિકના નવમા દેવલોકથી નવ ગ્રૈવેયક સુધીનાં દેવો ૬૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

જ્ઞા. ૫, દર્શ. ૯, વેદ. ૧, મોહ. ૨૬, આયુ. ૦, નામ. ૨૨, ગોત્ર.૧, અંત.૫ = ૬૯.

વેદનીય-૧. અશાતા વેદનીય. ગોત્ર-૧. નીચગોત્ર.

નામ-૨૨. મનુષ્યગતિ, ઔદારીક શરીર, આદારીક અંગોપાંગ, પહેલા પાંચ સંઘયણ, છેલ્લા પાંચ સંસ્થાન, મનુષ્યાનુપૂર્વી, અશુભ વિહાયોગતિ, ઉપઘાત, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશ.

પાંચ અનુત્તરના દેવો નિયમા સમકીતી હોવાથી પાંચ પ્રકૃતિઓનો જ ઉત્કૃષ્ટ રસબંધ કરે છે.

નામ-૫. મનુષ્યગતિ, ઔદારીક શરીર, ઔદારીક અંગોપાંગ, પહેલું સંઘયણ, મનુષ્યાનુપૂર્વી.

આ રીતે રસબંધ પૂર્ણ થાય છે.

આ રીતે શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં જણાવેલ છએ કર્મગ્રંથ ઉપરથી પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, પ્રદેશબંધનું વર્ણન સંક્ષેપથી પૂર્ણ થયું.